

વિક્રમ સંવત ૨૦૮૨ 'પિંગલનામ સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

મેષ રાશિ (અ.લ.ઇ.)





મેષ રાશિ રાશિચક્રની પ્રથમ રાશિ છે જેની રાશ્યાકૃતિ ઘેટું છે. તત્વ અગ્નિ છે. અશ્વિની નક્ષત્રના ચાર ચરણ, ભરતીના ચાર અને કૃતિકા નક્ષત્ર નું એકચરણ છે રાશિયાધિપતિ મંગળ છે. પુરુષરાશિ છે દિશાપૂર્વ છે. સંજ્ઞા ચર છે. વ્યકિત ખુબજ ખુબજ ચપ અને હોશિયાર હોય છે લાલ કલર અને ડાર્ક યેલો- ઓરેન્જ લક્કી કલર છે.

વર્ષના પ્રારંભે આપના પ્રથમ સ્થાને કોઇ જ ગ્રહ નથી. આપના ધન સ્થાને હર્ષલ છે. આપના પ્રથમ સ્થાનનો સ્વામી જે આપના રાશિ પતિ પણ છે તે આપના સપ્તમ સ્થાને સૂર્ય બુધ અને ચંદ્રની યુતિ માં છે. આપના ધન સ્થાન નો સ્વામી આપના શત્રુસ્થાને બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાન માં કોઈ જ ગ્રહ નથી. આપના ત્રીજા સ્થાનનો સ્વામી સપ્તમ સ્થાને સૂર્ય મંગળ અને ચંદ્ર સાથે યુતિ માં છે. જે ચંદ્ર દેવ આપના ચોથા સ્થાનનો સ્વામી છે જયાં ગુરૂદેવ બીરાજેલ છે. આપના પંચમ સ્થાને કેતુ બીરાજેલ છે. પંચમ સ્થાન નો સ્વામી બ્રહ્માંડ ના રાજા સૂર્યદેવ ચંદ્ર-બુધ અને મંગળની સાથે બીરાજેલ છે આપના શત્રુસ્થાને શુક્રબીરાજેલ છે. આપના શત્રુસ્થાન નો સ્વામી આપના સપ્તમ સ્થાને ચંદ્ર-મંગળ સૂર્યની સાથે બીરાજેલ છે. આપના સપ્તમ સ્થાન નો સ્વામી શુક્ર છઠ્ઠા સ્થાને બીરાજેલ છે જયારે સપ્તમ સ્થાન બ્રહ્માંડના રાજા સૂર્યદેવ ચંદ્ર, બુધ અને સેનાપતી મંગળ બીરાજેલ છે. અષ્ટમ સ્થાને કોઈ ગ્રહ નથી જયારે અષ્ટમ સ્થાન નો સ્વામી મંગળ સપ્તમ સ્થાને બીરાજેલ છે. આપના ભાગ્યભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપના ભાગ્યભુવનના સ્વામી સુખસ્થાને બીરાજેલ છે. આપના કર્મસ્થાને પ્લુટો બીરાજેલ છે. આપના કર્મસ્થાનનો સ્વામી વ્યય સ્થાને નેપ્ચ્યુન સાથે બીરાજેલ છે આપના લાભ સ્થાનમાં રાહુ બીરાજે છે. આપના લાભસ્થાનનો સ્વામી પણ શનિદેવ છે જે વ્યય સ્થાને નેપ્ચ્યુન સાથે બીરાજેલ છે.વ્યય સ્થાનનો સ્વામી સુખસ્થાને બીરાજેલ છે. જયારે વર્ષના પ્રારંભે શનિદેવ અને નેપ્ચ્યુન વ્યય સ્થાનને શોભાવે છે.

વર્ષ માટે નું આપનું કાર્ડ છે 'ધ હાઇ પ્રિસ્ટેસ' આ કાર્ડ આપને સ્પીરીચ્યૂલ પ્રગતિ દર્શાવે છે. આપને આપના અંતરમન અને આંતરિક જ્ઞાન પર વિશ્વાસ રાખવા માટે છે. આપને આ વર્ષે પોતાની જાતનું જ વિશ્લેષણ કરવા માટેનું છે. વર્ષ દરમ્યાન આપને કોઇ ને કાંઇક કહેવા માંગતા હોવ પણ તેનો અર્થ કઇ બીજો જ થાય અને મનભેદ થાય તો આપને વર્ષ દરમ્યાન ચોખ્ખા શબ્દોમાં વાત કરવાની સલાહ છે.

વર્ષ દરમ્યાન આપ આપના કલા પ્રત્યેના શોખ ને ફરીથી ઉજાગર કરી તેમા આગળ વધશો તો વધુ પોઝીટીવીટી મલશે, આપનો કોન્ફીડન્સ વધશે. સેલ્ફ એપોર્ચ સારો થશે. આપ એક જ્ઞાન પીપાસુ જીવ છો તો વર્ષ દરમ્યાન આપ તેમાં આગળ વધો અને બીજુ બધુ ભૂલીને આપના ધ્યેય તરફ આગળ વધશો.

ધ પ્રિસ્ટેસ કાર્ડ દિવ્યતાનું પ્રતિક છે. શાણપણનું સવેચ્ચિ સ્ત્રોત છે. આધ્યાત્મિકતા અને અર્ધજાગ્રત મનનું પ્રતિનિધિ છે. એટલે આપ વર્ષ દરમ્યાન જેવું વિચારશો તેવું બનશે. આપના વિચારો આપનું ફયૂચર બનાવે છે તે આપે હંમેશ યાદ રાખવું. તો ભૂલે ચૂકે પણ આપના મનમાં નેગેટીવ વિચારો ન લાવશો, પોતાને નીચા પાડતા શબ્દો ન બોલશો. આપનું સબ કોન્શીયલ માઈન્ડ ખૂબપાવર ફૂલ છે જે આપના વિચારો, શબ્દો ને ધ્યાન પૂર્વક સાંભળે છે.

આધ્યાત્મિકતા તરફ આગળ વધશો, એટલે જમીન-મકાન મિલ્કત વારસાગત હોય કે પોતાની અર્જીત કરેલ તેમાં બહુ લાભ નથી. તો તેના થી દુર રહેવું નિર્ણાયો ટાળવા પોતે તેમાં ઇન્કલૂડ ન થવું.

વર્ષ દરમ્યાન આપની ગટ ફિલીંગ ને ખૂબ જ ધ્યાન આપવું આપને મલતી સાઈન સીમ્બલ આસપાસના વાતાવરણમાં પલટા ને અનદેખુ ન કરવું તેમાંથી આપને ઘણી હિન્ટ મલશે જે આપની લાઈફ માટે ખૂબ જ અસરકારક રહેશે. વર્ષ દરમ્યાન આપની હિમંત અને પરાક્રમમાં વધારો થશે અને એક અલગ જ છટ્ટા મલશે,પણ તે સાથે અંર્તમનનું સાંભળવું નાણાકિય રીસ્ક લેવા નહી.

વર્ષ ને વધુ સારુ બનાવવા માટે ધ્યાન કરવું ઓમ' ના જાપ કરવા અને નીયમીત જીવન જીવવું.

અપરણિતો ને માટે

અપરણિત લગ્ન ઇચ્છુક યુવાન - યુવક- યુવતિઓને માટે વિક્રમ ના નવા વર્ષના ગ્રહો મધ્ય રહેશે. અનેક સારા સારા માંગાઓ આવશે પરંતુ આપનું મન નહી માને, મનગમતુ ન લાગે મનથી બરાબર ન લાગે આનંદ ન થાય તેથી આપને વર્ષના મધ્યથી પ્રયત્ને કરવા જેથી આપને નિરાશા સાંપડિ ના લે. નિરાશા બહુ જ ખરાબ વસ્તુ છે. જીવનમાં જો એક વાર નિરાશા ડિપ્રેશન આવી જાય તો વ્યકિતને તેમાંથી નિકળતા બહુ જ સમય લાગે છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ :-

સ્વાસ્થ્ય બાબતે વિક્રમનું નવું વર્ષ સારું જવાનું છે. આપની બિમારીઓ બાબતે બેજવાબદાર રહેશો નહિ નહિતર બિમારીઓ મોટું સ્વરુપ ધારણ કરી જશે. પડવા વાગવાથી ધ્યાન રાખશો. આંખના દુઃખાવાથી આપ પરેશાન રહો કે આંખમાં બળતરા થાય. વર્ષ દરમ્યાન મોટી બિમારીનો કોઇ અવકાશ નથી. વધુ પડતા વિચારો અને કાલ્પનિક ભય ને ટાળવો આપ આપની રોજિંદી દિનચિર્યામાં વ્યવસ્થિત બનો અને આપને આરામ આપે તેવી કસરત કરવાથી આપ શાંતિનો અનુભવ કરી શકવાના છો. વધુ પડતા ઉજાગરા અને કાર્યભાર અને ટેન્શનો થી મન ને દુર કરવાની કોશીષ કરવી. વાહન ચાલકોએ વાહન ખુબ જ ધીરે થી ચલાવવું.

સ્થાવર મિલ્કત બાબતે :-

વિક્રમના નવા વર્ષના ગ્રહો આપના કુટુંબમાં વિભાજનની પ્રક્રિયાઓ થાય તેવું દર્શાવે છે. આપને આપના મકાન કે ઓફિસ કે દુકાનમાં કોઇ નવા ફેરફારો કરવાની ઇચ્છા પુર્ણ થવાની છે. આપને વારસાગત મિલ્કતથી લાભ રહેવાનો છે. જમીન મકાનથી લાભ અપાવશે. આપ આપના ઘર માટે કોઇ સુંદર અને ઉપયોગી ઐશ્વર્ય ભર્યુ અને રાચ રચીલી ચીજ વસ્તુની ખરીદી કરી શકશો. આપ જો કલાકાર હશો કે કસરતના શોખીન હશો. તો આ વર્ષે આપ આપને ઉપયોગી અને ખુબ જ મોંઘા સાધનો વસાવવા માટે સમર્થ બનવાના છો. આપ જો બાઇકના શોખીન હોય કે કોઇપણ વાહન આપની પસંદ પ્રમાણે હોય તેવી ખરીદી કરી શકશો.

વ્યાપારીઓ અને નોકરીયાતને માટે :-

વ્યાપારીઓને માટે વિક્રમનું નવું વર્ષ વ્યાપાર માટે સારું રહેવાનું છે. આપ આપની કલા, કૌશલ્ય, વિદ્યા વગેરે ને વ્યાપારમાં કનવર્ટ કરીને આપ તેને આર્થિક ઉપાર્જનનું સાધન બનાવી શકશો.

સોના, ચાંદી, કાપડ, હીરા મોતી વગેરે સાથેના વ્યાપાર માં સંકળાયેલા જાતકોને માટે આ વર્ષ લાભ દાયક રહેશે. વર્ષ દરમ્યાન આપને નવી ભાગીદારીના યોગ પણ છે. જે આપને માટે પણ ફાયદા કારક છે. પણ આપને ભાઇ-બહેનો કે અંગત મિત્રોની સાથે ભાગીદારી કરવામાં ધ્યાન રાખવું. તમે જે પણ કાર્ય કરો તેને મનપસંદ કાર્ય છે તેવી રીતે કરશો તો જ કાર્યમાં સફળતા મળશે. ' યુ રેરલી સકસીડ એટ એનીથીંગ અનલેશ અનલેશ યુ હેવ ફન ટુ ડુ ઇટ'. આધુનિક મશીનોની ખરીદી આપના વ્યવસાય માટે ઉપયોગી સાબિત થશે. આપના હિત શુત્રઓ ઉભા થશે પણ ફાવશે નહિં.

નોકરીયાત વર્ગને આ વર્ષે સારો સમય છે. જો આપ સારા પગારને માટે નોકરી બદલવા માંગતા હોવ તો આપને આ સમયમાં બદલી કરવી યોગ્ય છે તેમ છતા વધુ આધાર જન્મના ગ્રહો ઉપર રહે છે. નોકરીના કામે વારંવાર મુસાફરી થાય આપને આપના કાર્યોમાં પંચ્યુઆલીટી લાવવાની રહેશે. નવા વર્ષે સમયની કિંમતને ઓળખવાની સલાહ છે. ટાઇમ ઇઝ મની આજના સમયમાં સમય મહાન છે અને સમય જ ભગવાન છે તો આપનેસમયના પાબધ રહેવાની ખાસ સલાહ છે. વર્ષ દરમ્યાન નોકરીમાં બદલીના ચાન્સીસ છે. આપને ઉપરી અધિકારીઓની સાથેનો સુમેળ સારો રહેશે આપને વર્ષના મધ્ય સધી થોડુ એડજેસ્ટમેન્ટ કરી લેવાની સલાહ છે.

મહીલાઓને માટે

મહિલાઓને માટે વિક્રમનુ નવુ વર્ષ સામાન્ય રહેશે. આપ મોબાઈલ કે વાહનની ખરીદી કરી શકશો. દામ્પત્ય જીવનમાં સારો સુમેળ રહેશે. જીવનસાથી સાથે ગેરસમજો અને મતભેદોનો તાત્કાલીક નિકાલ લાવવાની સલાહ છે. આપના સંતાનોને લઇને કોઇ ટેન્શન સતાવતુ હશે તો તેનો નિકાલ બહુ જ ધીરે આવતો જણાશે. આપની ધાર્મિક ભાવના પ્રબળ થવાની છે. આપ જો વર્ષ દરમ્યાન વ્યાપાર કરવા ઇચ્છતા હોવ તો આપને ફુડ રેસ્ટોરન્ટ નાના કે મોટા પાયે કરવાથી લાભ રહેશે. એટલે કે ખાણીપીણીના વ્યવસાયમાં લાભ મલશે. જુના મિત્રોની ઓળખાણ કામ લાગશે. વર્ષ દરમ્યાન આપની કિંમતની ચીજ વસ્તુ દાગીના પૈસા વગેરે બાબતે સાવધ રહેવાની સલાહ છે. સાસરીયાના સગાઓની સાથે મતભેદમાં ઉતરવાથી દુર રહેવુ.

વિદ્યાર્થી મિત્રોને માટે

વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ કસોટીનું નુ વર્ષ સાબીત થવાનું છે. આપને મહેનત છતા ધાર્યુ પરીણામ ન મલે તેમ છતા હાર્યા વગર વિચાર કર્યા વગર જ સતત મહેનત કરવાની સલાહ છે. ભગવત ગીતામાં પણ લખેલુ છે કે કર્મ કર્યા જાવ ફળની ચિંતા ન કરો. આપને વર્ષ દરમ્યાનઆપના વડીલો તરફથી સ્પેશયલ સરપ્રાઇઝ મલશે. જેની આપને બહુ જ જરૂર હશે અને તે વસ્તુ બહુ ઉપયોગી હશે. વર્ષ દરમ્યાન આપને આપના મિત્રોનો સહકાર અભ્યાસ માટે સારો રહેશે. આપને વર્ષ રોમાન્સ વગયેરેથી દુર રહેવાની સલાહ છે. આપની આ ઉંમર અભ્યાસની છે આપને આવી બાબતોમાં ધ્યાન આપવુ નહી હરવા ફરવા પીકનીક વગરેનું સુંદર આયોજન થવાનું છે.

કૌટુંબિક બાબતેઃ કૌટુંબિક બાબતે વિક્રમનું નવું વર્ષ બહુ જ સારૂં રહેશે. આપને આપના કુટુંબીઓનો સાથ સહકાર સારો રહેવાનો છે. વિદેશ રહેતા મિત્રો સગા સ્નેહીથી લાભ રહેશે, તેમની સાથે લાંબી મુસાફરીનો પ્લાન સફળ થશે. વડિલોના આશિષ અને સાથ સહકાર સારા રહેશે. મોસાળ પક્ષેથી થોડી તકલીફો રહેશે, પરંતુ આપે કુનેહપૂર્વક મનદુઃખ ટાળવાની સલાહ છે. આપના માન પ્રતિષ્ઠામાં વધારો થશે. સંતાનોના લગ્ન કે સગાઈના કાર્યો વિના કારણે લંબાઈ તેવી શકયતા બતાવે છે, પરંતુ જે થશે તે સારા માટે જ થશે તે યાદ રાખીને આગળ વધવું, પોઝીટીવ એટીટયુડ ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે. આ સાથે સ્વાસ્થ્ય બાબતે બેદરકાર બનવું નહી, તેનું ધ્યાન રાખશો.

આર્થિક બાબતેઃ આર્થિક બાબતે આપનું વર્ષ સારૂં રહેશે. વર્ષ દરમ્યાન અચાનક ધન લાભ થશે અને લકઝરીયસ ચીજ વસ્તુઓની ખરીદી પણ થશે. જેમાં નાણાખર્ચ પણ રહેશે. વિદેશ સાથે ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યવસાયમાં સારો ધન લાભ બતાવે છે. આપને આપના કર્મો, મહેનત મુજબ લાભાલાભ થશે. હિતશત્રુઓ ઉભા થાય પણ ફાવે નહી. વર્ષનું મધ્ય અને વર્ષના અંતે થોડું ચેતીને રહેવું ત્યારે કઈ જ નવીનીકરણ કરવા નહીં. કાંઈ ફેરફારો હાથ પર લેવા નહી તે ખાસ ધ્યાન રાખશો. બાકી સમય આપના કર્મફળ અચૂક અપાવશે. તે સમયમાં કોઈ નવી ડીલ નવા આર્થિક જોડાણ, ભાગીદારી વગેરે ટાળવું. કોઈ મોટું રોકાણ પણ મધ્ય અને અંતમાં કરશો નહીં.

નવા વર્ષનો મંત્રઃ આપને આ વર્ષે કોઈપણ કાર્યોને માટે બીજાની ફીકર ન કરવાની સલાહ છે. તમારી દ્રષ્ટિએ જે યોગ્ય છે તે કાર્યો કરવા. મધર ટેરેસાએ પણ કહયું છે કે, 'હી હુ ઈઝ ફોલ્ટ લેસ ડઝનોટ કેર ફોર ધ ઓપિનિયન ઓફ અધર્સ' જે વ્યકિત કોઈ વાંકમાં નથી હોતો તેણે બીજાની ચિંતાઓ ન કરવાની હોય. આપને ફકત સતત યોગ્ય દિશામાં વિચારવાની સલાહ છે. તમે પણ કોઈ મીરેકલ કરવા સક્ષમ છો તે વાત હંમેશા યાદ રાખવી. આપના જન્મના ગ્રહો અને આપની પોઝીટીવીટી આપને સફળતાનો આધાર છે. કોન્ફીડન્સ અને સમયનો યોગ્ય ઉપયોગ પણ એટલો જ જરૂરી છે. આ વર્ષે આ વાત જીવનમાં ઉતારવાની સલાહ છે.

પિંગલ સંવત્સર

પિંગલ સંવત્સર એ હિંદુ વિક્રમ સંવત કેલેન્ડરના ૬૦ વર્ષના ચક્રમાનું ૫૧મું વર્ષ છે. આ ચક્ર ગુરૂ અને શનિની ગતિ પર આધારિત છે. જેમાં દર વર્ષને એક વિશેષ નામ આપવામાં આવે છે. પિંગલનો અર્થ સામાન્ય રીતે પીળો તથા તેજસ્વી તરીકે થાય છે અને તેને ભગવાન શિવ સાથે જોડવામાં આવે છે. ૬૦ વર્ષના ચક્રના છેલ્લા ૨૦ વર્ષો શિવજીને સમર્પિત છે.


જ્યોતિષ શાસ્ત્ર અનુસાર પિંગલ સંવત્સરમાં જન્મેલા વ્યકિતઓના લક્ષણોમાં કઠોર દેખાવ, સ્વભાવ, ચામડીના કોઈ રોગ, વધુ પડતી બોલવાની આદત. આ વર્ષમાં જન્મનાર વ્યકિતઓ પર શિવજીની કૃપા હોય છે. તેમનામાં વ્યાપાર કોશલ્ય સારૂ રહેશે શેરબજારથી લાભ.

વિક્રમના નવા વર્ષને પિંગલ નામ સંવત્સર આપવામાં આવ્યું છે. આ વર્ષના રાજા મંગળ અને શનિ પ્રધાન વર્ષ છે. આ બંને ગ્રહો ક્રુર છે ન્યાય અપાવનાર ગ્રહો છે. જેમાં આગની ઘટના, આતંકવાદી હૂમલાઓ, યુધ્ધ, કુદરતી આફતો, મોટા અકસ્માત, ટ્રેન-હવાઈ દુર્ઘટના, અપ્રિય ઘટનાઓનો વધારો, વિશ્વમાં અર્થવ્યવસ્થા પર નકારાત્મક અસરો પડે. રમતગમત ક્ષેત્રે ભારતને સફળતા વિદેશી ચેમ્પીયનશીપમાં ભારત પોતાનું નામ આગળ કરશે. ફિલ્મ મનોરંજન ઉદ્યોગ માટે પણ આ સમય સારો રહેશે. હિન્દુ સંસ્કૃતિનું નામ દેશ દુનિયામાં આગળ વધશે. દરેક વ્યકિત પર માનસિક અસર કરશે. મગજને શાંત રાખવાની સલાહ છે. રાજનીતીમાં મોટા ફેરફારો.

પિંગલ નામ સંવત્સરનું મહત્વ હિન્દુ સંસ્કૃતિ અને જ્યોતિષ શાસ્ત્ર મુજબનું છે. આમા આપના જન્મના સંવત્સર પણ અસરકર્તા રહેશે. આ વર્ષે શિવ પંચાક્ષરી મંત્રના જાપ અવશ્ય કરવા, મહામૃત્યુજય જાપ કરવાથી લાભ, રૂદ્રી કરવી.

વૃષભ રાશિ- (બ.વ.ઉ.)





વૃષભ રાશિ રાશિચક્રની બીજી રાશિ છે. જેની રાશ્યાકૃતિ બળદ છે. કૃતિકા નક્ષત્રના ત્રણ, રોહિણીના ચાર અને મૃગશિર્ષના બે ચરણ સમાયેલ છે. રાશિયાધિપતિ શુક્ર છે. સ્ત્રી જાતિની રાશિ છે. સંજ્ઞા સ્થિર છે. દિશા દક્ષિણ છે. વૃષભ રાશિ ભૂમિતત્વવાળી રાશિ છે. વ્યકિત સ્વભાવે વિનમ્ર અને ચતુર હોય છે. લાગણીશિલ હોય છે. લકકી કલર વ્હાઈટ અને લાઈટ પીંક છે.

વિક્રમ સંવતના પ્રારંભે દેહસ્થાને હર્ષલ બીરાજેલ છે. આપના દેહ સ્થાનનો સ્વામી જે આપના પંચમસ્થાને બીરાજેલ છે. આપના ધનસ્થાને કોઈ જ ગ્રહ નથી. આપના ધન સ્થાનનો સ્વામી બુધ આપના શત્રુસ્થાને સુર્ય ચંદ્ર, મંગળની સાથે બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાને ગુરૂ મહારાજ બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાનમાં ગુરૂ બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાનનો સ્વામી બુધ સુર્ય અને મંગળની યુતિમાં બીરાજેલ છે. આપના સુખ સ્થાનનો સ્વામી બુધ સુર્ય અને મંગળની યુતિમાં બીરાજેલ છે. આપના સુખ સ્થાનમાં કેતુ બિરાજે છે. આપના સુખસ્થાનનો સ્વામી બુધ, મંગળ અને ચંદ્રની યુતિમાં બીરાજેલ છે. આપના વિદ્યાભુવનમાં શુક્ર બીરાજેલ છે. આપના વિદ્યાભુવનનો સ્વામી શત્રુસ્થાને સુર્ય, મંગળ અને ચંદ્રની યુતિમાં બીરાજે છે. આપના વિદ્યાભુવનમાં આપના શત્રુસ્થાનમાં બીરાજેલ છે. જયાં બુધ, મંગળ બ્રહ્માંડના સુર્યદેવ અને ચંદ્ર બીરાજેલ છે. આપના સપ્તમ ભાવ અને આયુષ્ય સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. આપના સપ્તમ સ્થાનનો સ્વામી મંગળ આપના સુર્ય, બુધ અને ચંદ્રની યુતિમાં છે. આપના આયુષ્યસ્થાનનો સ્વામી આપના ત્રીજા સ્થાને બીરાજેલ છે. આપના ભાગ્યભુવનમાં પ્લુટો બીરાજેલ છે. આપના ભાગ્ય ભુવનનો સ્વામી આપના લાભ સ્થાનમાં નેપ્ચ્યુન સાથે બીરાજેલ છે. આપના કર્મ સ્થાનમાં રાહુ બીરાજેલ છે. આપના કર્મસ્થાનનો સ્વામી આપના કર્મસ્થાનમાં નેપ્ચ્યુન સાથે બીરાજેલ છે. આપના કર્મસ્થાનનો સ્વામી ત્રીજા સ્થાને બીરાજેલ છે. આપના વ્યયસ્થાનમાં વર્ષના પ્રારંભે કોઈ જ ગ્રહ નથી. આપના વ્યય સ્થાનનો સ્વામી મંગળ આપના બુધ, સુર્ય અને ચંદ્રની યુતિમાં છઠ્ઠા સ્થાને બીરાજેલ છે.

વિક્રમના નવા વર્ષ દરમ્યાન આપનું કાર્ડ છે. 'નાઈટ ઓફ સ્વોડર્સ' જે જીવનમાં મહત્વના ફેરફારોનું સુચન કરે છે. તે ફેરફારો આપના પર્સનલ લાઈફ એન એકપીરીયન્સ આપની લાઈફ સ્ટાઈલને આધિન છે. આ કાર્ડ આપને હિમંતભેર અને આત્મવિશ્વાસ સાથે પડકારોને સ્વીકારવાની સલાહ છે. જેથી આપ આપના નિશ્ચિત ગોલને મેળવી શકશો.

વર્ષ દરમ્યાન આપે આપની બુધ્ધિમતાને ખીલવવાની છે. આપના વાકચાર્તુય, મહત્વાકાંક્ષી, એકલા આગળ વધવાની હારવાનું નથી. પરંતુ આમા પ્રામાણિકતાને આગવા સ્થાને રાખવું અને આગળ વધવું. ભલે રસ્તો લાંબો થાય પણ શોર્ટકટ લેવા નહિ કોઈને મદદે આગળ વધવું નહિ.

જીવનમાં મહત્વના ફેરફારો થાય મન અસ્વસ્થ રહે. સગાઈ લગ્નના કાર્યો ટાળવા. આપના નિર્ણયો પર અડગ રહેવું. ભલે પછી તેમાં મુશ્કેલીઓ આવે. એક વાત યાદ રાખવી કે જો મહેનત કર્યા પછી પણ સપના પુરા ના થાય તો રસ્તો બદલો પણ સિધ્ધાંત નહિ. વૃક્ષ પણ હંમેશા પાંદડા બદલે છે. મૂળ નહિ. પોતાની મહેનત, સિંધ્ધાત અને પ્રામાણિકતા પર એટલો ભરોસો રાખો કે ઉડાન થોડી મોડી મુશ્કેલ હશે પણ તેં સૌથી ઉંચી હશે તો હાર્યા વગર આગળ વધો. વર્ષ દરમ્યાન ફેમિલી ઈસ્યુશ હેલ્થ પ્રોબ્લેમ પણ આવશે.

આ કાર્ડ આપને આપના કેરિયરમાં આગળ વધારશે ભાગ્યોદયની તક પ્રાપ્ત કરાવશે જો આપના જન્મના ગ્રહોને લઈને કોઈ કાર્ડ ગ્રહો પોઝીટીવ હોય તો જરૂર થી સફળતા મળશે. વર્ષ દરમ્યાન વિદેશ જવાનું ટાળવું વિદેશી કંપનીમાં વ્યાપાર નોકરી બાબતે રોકાણ હિતાવહ નથી.

વર્ષ સારૂ બનાવવા અને આપને પોઝીટીવીટી વધારવા આપે આપની પાસે હંમેશા યેલો કે વ્હાઈટ ફુલ રાખવું. મહાદેવની માળા કરવી આપ આપના ઈષ્ટદેવની માળા કરી શકો છો. જે રેગ્યુલર કાંઈ નકકી સમયે રોજે કરવી ખાસ જરૂરી છે. જેનાથી આપની પર્સનાલીટીને સમયનું મહત્વ દર્શાવશે.

અપરણિતોને માટે અપરણિત યુવાન યુવક યુવતિઓને માટે વિક્રમના નવા વર્ષના ગ્રહો બહુ અનુકુળ નથી. આપને આવતા માંગા કોઈને ધ્યાનમાં રાખવા પણ ઉતાવળો નિર્ણય ન લેવોઅને સગાઈ લગન બાકી હોય ફકત નકકી જ કરેલુ હોય તો ઉતાવળા ન થવું. બધુ જ નિરાંતે ચોકસાઈ પૂર્વક ચકાસીને આગળ વધવું. 'ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર' આપના જન્મના ગ્રહો જો અનુકુળ હશે તો આપને વર્ષ દરમ્યાન બહુ જ સરસ અને મનપસંદ જીવનસાથી મેળવવામાં તકલીફ નહી પડે.

સ્વાસ્થયની દ્રષ્ટિએ- સ્વાસ્થયની દ્રષ્ટિ એ આપનુ આ વર્ષ નરમ ગરમ રહેશે. આપની બિમારીઓ બાબતે બેજવાબદાર રહેશો નહી નહિતર બિમારીઓ મોટું સ્વરૂપ ધારણ કરી જશે. પડવા લાગવાથી ધ્યાન રાખશો. આંખના દુખાવાથી આપ પરેશાન રહો. વર્ષ દરમ્યાન પેટ ને લઈને તકલીફ રહે. આપ આપની રોજિંદી દિનક્રિયાની દોડધામથી થાકી જતા હશો તો આપને લાંબી મુસાફરી અને આરામ કરવાની સપ્તાહ પુરતો આરામ અને પૌષ્ટીક ખોરાક જરૂરી રહેશે. વધુ પડતા ઉજાગરા અને કાર્યભારથી દુર રહેવુ. કુટુંબના પ્રશ્નોને લઈને આપને ચિંતા રહે. જેનાથી આપનું સ્વાસ્થય બગડે. આપને વર્ષ દરમ્યાન વાહન ચાલકો એ વાહન ધીમે ચલાવવાની ખાસ સલાહ છે. આપને કોઈ એવી વાત મનમાં હોઈ જેને કોઈ સાથે શેર ન કરી શકો.

સ્થાવર મિલ્કત બાબતેઃ- વિક્રમના નવા વર્ષના ગ્રહો આપના કુટુંબમાં વિભાજન ની પ્રક્રિયાઓ થાય તેવું દર્શાવે છે. આપને આપના મકાન કે ઓફિસ કે દુકાનમાં કોઈ નવા ફેરફારો કરવાની ઈચ્છા પુર્ણ થવાની છે. આપ આપના ઘર માટે કોઈ સુંદર અને ઉપયોગી ઐશ્વર્યભર્યુ અને રાચરચીલી ચીજ વસ્તુની ખરીદી કરી શકશો. આપ જો કલાકાર કે કસરત ના શૌખીન હશો તો આ વર્ષ આપ આપને ઉપયોગી અને ખુબજ મોંઘા સાધનો વસાવવા માટે સમર્થ બનવાના છો. આપને વારસાગત મીલ્કત થી લાભ રહેવાનો છે. આપજો વાહન કોઈ ચોકકસ બાઈક, કાર પસંદ હશે તો તે પ્રમાણે ખરીદી કરવા સક્ષમ બનવાના છો. વર્ષ દરમ્યાન વારસાગત મિલ્કત ને લગતા કેસ ચાલતા હશે તો આપને તે બાબતે સમાધાન કારી વલણ રાખવાની સલાહ છે. જેથી કુટુંબમાં મતભેદમાં પરિવર્તન ન પામે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વ્યાપારી મિત્રોને માટે આ વર્ષ ના પ્રસંગના ગ્રહો થોડા કટોકટીવાળા રહેવાના છે. જેનાથી આપના સ્વાસ્થય ઉપર ખરાબ અસર થવાની છે. તો આપને વર્ષ દરમ્યાન સ્વાસ્થયનું ધ્યાન રાખવાનું છે. લકઝરીયસ આઈટમો અને સફેદ કલરની વસ્તુઓ ના વ્યવસાય વાળાઓને સારો ફાયદો થવાનો છે. વર્ષ દરમ્યાન આપ જો આપને મનપસંદ હોય તેવુ કાર્ય કરશો તો આપને તે કાર્યમાં આનંદ અને ફાયદો બન્ને રહેશે. તમે તે કાર્ય દિલથી કરશો, 'યુ રેરલી સકસીડ એટ એનીથીંગ અનલેશ યુ હેવ ફન ટુ ડુ ઈટ'. આધુનિક મશીનરીની ખરીદી આપના વ્યવસાય માટે ઉપયોગી સાબિત થશે. આપના હિતશત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહી. ભાઈ બહેનોની સાથે વ્યવસાય બાબતે કોઈ મોટી માથાકુટ થાય તેવી શકયતાઓ છે પરંતુ આપને ઈમોશનલ ન બની ને કળ અપનાવવાની સલાહ છે. આપને વર્ષ દરમ્યાન કોઈ એવી વ્યકિત બીઝનેશ ટાયકુન જેની મુલાકાતની કલ્પના ન હોય અને મુલાકાત થઈ જાય.

નોકરીયાતો ને માથે વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો આપને માટે સામાન્ય રહેશે. આપને વર્ષ દરમ્યાન ઉપરી અધિકારીઓની સાથે મતભેદ ન થાય તેનું ધ્યાન રાખવું. આપના વણ ઉકેલ્યા પ્રશ્નોનો સારો નિકાલ થવાનો છે. પેન્શન, ગ્રેજ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ થી લાભ રહેશે. આપને લાંચ રૂશ્વતની બદીથી દુર રહેવાની સલાહ છે. આપને ભાઈ બહેનોની સાથે મતભેદ માં ઉતરવું નહિ. સહ કર્મચારીઓની વાતોમાંઆવીને કોઈ કાર્યો કરવા નહિ. આપજો નોકરીમાં ફેરફારો કરવા ઈચ્છતા હશો તો આપને નોકરીમાં ફેરફારો કરવા માટે વર્ષાન્ત નો સમય યોગ્ય છે.

નોકરીયાત વર્ગ જો વર્ષ દરમ્યાન સાઈડ બીઝનેશ કરવા ઈચ્છતા હશો તો તેમાં આપને બહુ દેખીતો લાભ ન થાય પણ ધીરજ રાખવાથી લાભ રહેશે.

મહિલાઓ ને માટેઃ મહિલાઓને માટે આ વર્ષ સારૂ રહેવાનું છે. નોકરી કરતી મહિલાઓને પોતાની મનપસંદ જગ્યાએ બદલી થશે. આપને ત્યાં સંતાનયોગ ઉભો થાય. આપને આપના જીવનસાથી નો સહકાર સારો રહેશે. વડિલોની સલાહ માનવામાં જ સારૂ છે. આપ આ વરસ દરમ્યાન જો ભાગીદારી વ્યવસાય કરવા ઈચ્છતા હોય તો સફળ થવાના છો. આપ આપની સાહિત્યીક કલાને આગળ વધારી શકશો. આપની કલા આપના સાહિત્યીક જ્ઞાન ને આપ આગળ વધારી શકશો. આપના સંતાનોની સારી પ્રગતિ થશે અને તેઓને ઉચ્ચ અભ્યાસ ને માટે વિદેશ જવાનો સારો ચાન્સ છે.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમ સંવતનું નવું વર્ષ સારૂ થવાનું છે એમ કહી શકાય કે ખુબ જ સારૂ થવાનું છે. આપ આ વર્ષે ઓછી મહેનતે ધાર્યુ પરિણામ મેળવી શકશો. આપને વર્ષ દરમ્યાન યશની પ્રાપ્તી થશે. આપને વર્ષ દરમ્યાન સ્કુલ મેટ કે કોલેજ મેટના ઝઘડામાં વચ્ચે પડવું નહિ કે દલિલ બાજી કરવી નહિ. આપને વર્ષ દરમ્યાન આપની ઈચ્છીત સ્કુલ કોલેજ કે યુનિવર્સીટીમાં એડમીશન મેળવી શકશો. વર્ષ દરમ્યાન મકકમ મને અભ્યાસ કરવાની સલાહ છે. વડિલોની સલાહ સુચના અને તેમના અનુભવો આપને ઉપયોગી થવાના છે. વિદેશ જઈને અભ્યાસની ઈચ્છા ફળવાની છે.


કોંટુંબિક બાબતે- કૌટુંબિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. આપે આ વર્ષ દરમ્યાન મનને શાંતચિત રાખવાનો છે. આપના કુટુંબના સભ્યોનો સહકાર આપને સારો રહેશે. જીવનસાથીની શોધમાં જરા પણ ઉતાવળ કરશો નહિ નહિતર મુશ્કેલી જ હાથ લાગશ. જીવનસાથી સાથે મતભેદો મનભેદમાં પરિવર્તત પામે તેવી શકયતાઓ છે. વિદેશ જવાની ઓફર રહેવા જવા માટે આવે તો ભાઈ બહેનો મિત્રોને પ્રેમથી ન કરવી. આપનું કુનેહપૂર્વકનું વર્તન આપને મુશ્કેલીઓમાંથી બહાર કાઢવામાં મદદ કરશે. કાનુની કાર્યવાહી ટાળવી કુટુંબીઓ સાથેની. આપને વર્ષ દરમ્યાન ભાઈ બહેન, વડિલ, મિત્રોનો સાથ સહકાર સારો મળશે. જે આપને આપનું મનોબળ મજબુત કરશે. વર્ષને સારૂ બનાવવા વહેતા પ્રવાહમાં જવાનું શીખવાનું છે. અને કાંઇ નવા સાહસો ન કરવા હિતાવહ.


આર્થિક બાબતેઃ- આર્થિક બાબતે આપનું આ વર્ષ મધ્યમ રહેશે. નવા સાહસો ન કરવા, નવી ભાગીદારી હમણા વર્ષની શરૂઆતમાં બિલકુલ કરવી જ નહી. આપની પ્રતિષ્ઠામાં વધારો થશે. વધુને વધુ બચત કરવાની સલાહ. બચત આપનું ભવિષ્ય બનાવશે. ફસાયેલા નાણા છુટા થશે તેમ છતાં શેરબજારમાં નવુ રોકાણ કરવું ઈચ્છનીય નથી. આપના જન્મના ગ્રહો જો સૂર પૂરાવતા હશે તો આપને અગાઉથી ફાયદા નુકશાનની જાણ થશે. ઓચિંતા જ ભાગ્યોદયની તક પ્રાપ્ત થશે. નવીનીકરણ કરવાની આપની ઈચ્છા પૂર્ણ થશે.

નવા વર્ષનો મંત્રઃ- વિક્રમનું નવું વર્ષ આપના માટે મધ્યમ રહેવાનું છે. પરંતુ આ વર્ષમાં આપને કોઇ અચાનક જ સારો લાભ મળવાનો છે. નવા વર્ષમાં આપને કોઈ લાભ મળશે. આ લાભ આપની જન્મભૂમિ સાથે સંકળાયેલો હશે.

આ લાભ વિલવારસાનો પણ હોઈ શકે. સાથે સાથે આપને નિરાશાઓના વાદળોથી દૂર રહેવાની સલાહ છે. નેગેટીવ વિચારોને પોઝીટીવ બનાવવાના છો. કોઈપણ બાબતને પોઝીટીવલી લેવી અને વર્ષ દરમ્યાન નિરાશાને દૂર કરવા માટે આ વાકય સંપૂર્ણ વર્ષ યાદ રાખવું. ''યુ કેન નોટ પ્રીવેન્ટ ધ બર્ડસ ઓફ સેડનેસ ફ્રોમ ફલાઈંગ ઓવર યોર હેડ, બટ યુ કેન પ્રીવેન્ટ ધેમ ફ્રોમ નેસ્ટીંગ ઈન યોર હેડ''. નિરાશાને અને નેગેટીવ વાતો કરનારા વ્યકિતઓને દૂર રાખવાની સલાહ છે. જે આપની આંતરિક શકિતઓને નબળી પાડે છે.

મિથુન રાશિ (ક,છ,ઘ)





મિથુન રાશિ રાશિચક્રની ત્રિજી રાશિ છે. સ્ત્રી પુરૂષની જોડી રાશ્યાકૃતિ મૃગશિર્ષ નક્ષત્રના બે, આર્દ્રા નક્ષત્રના ચાર ચરણ અને પુર્નવસુ નક્ષત્રના ત્રણ ચરણ સમાયેલ છે. મિથુન રાશિનો સ્વામી બુધ્ધ છે. પુરૂષજાતિ સંજ્ઞા દ્વિસ્વભાવ છે. દિશા પશ્ચિમ છે. તત્વ વાયુ તત્વ છે. હસમુખ વ્યક્તિ હોય છે. ગ્રીન કલર લક્કી કલર છે.

વિક્રમસંવતના પ્રારંભે આપના દેશ ભુવનમાં કોઈ જ ગ્રહ નથી. આપનો રાશ્યાધિપતિ આપના દેહભુવનનો સ્વામી આપના પંચમ સ્થાને સુર્ય-ચંદ્ર-મંગળની યુતિમાં બીરાજેલ છે. આપના ધન સ્થાનમાં ગુરૂ દેવે સ્થાન લીધેલ છે. જયારે આપના ધન સ્થાનનો સ્વામી આપના પંચમભાવે બુધ સૂર્ય મંગળની યુતીમાં બિરાજે છે. આપના ત્રીજા સ્થાને કેતુ બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાનનો સ્વામી બ્રહ્માંડના રાજા સૂર્યદેવ આપના પંચમ ભાવમાં ચંદ્ર, બુધ અને મંગળ સાથે બીરાજે છે. આપના ચોથા સ્થાને શુકબર બિરાજેલ છે. જે આપના વિદ્યાભવનનો સ્વામી બને છે. આપના વિદ્યાભવનમાં બુધ-સૂર્ય ચંદ્ર, મંગળ ચાર ચાર મોટા ગ્રહો જે ખુબ જ પ્રભાવશાળી છે તેમની યુતિ છે. જયારે આપના સુખસ્થાનનો સ્વામી બુધ આપના પંચમ ભાવને શોભાવે છે. આપના શત્રુસ્થાન, ભાગીદારી સ્થામાં કોઈ જ ગ્રહ નથી. આપના શત્રુસ્થાનનો સ્વામી જે આપના કર્મસ્થાનનો પણ સ્વામી છે તે મંગળ મહારાજ આપના પંચમ સ્થાને સૂર્ય-બુધ, ચંદ્રની યુતિમાં છે. આપના ભાગીદારી સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. જયારે આપના ભાગીદારી સ્થાન અને કર્મ સ્થાનનો સ્વામી આપના ધન સ્થાનમાં બકીરાજમાન છે. આપના આયુષ્ય સ્થાને પ્લુટો બીરાજેલ છે. આપના આયુષ્ય સ્થાનનો સ્વામી અને આપના ભાગ્યભુવનનો સ્વામી આપના કર્મસ્થાને નેપ્ટુન સાથે બીરાજમાન છે. જયારે ભાગ્યભુવનમાં રાહુ બિરાજમાન છે. આપના કર્મસ્થાને શનિ અને નેપ્ચ્યુનની યુતિ છે. આપના લાભ સ્થાનમાં કોઈ ગ્રહ નથી જયારે વ્યવસ્થાને હર્ષલ છે. લાભ સ્થાનનો સ્વામી મંગળ પંચમસ્થાને છે જયારે વ્યવસ્થાનનો સ્વામી શુક્ર ચોથા સ્થાને બીરાજે છે.

ગ્રહોની દશાનો એકંદરે શુભ છે. અને ટેરોટ કાર્ડ મુજબ આપને આવે છે. 'ધ ટાવર' નામક કાર્ડ, કાર્ડનું નામ જ સૂચવે છે. કે ઉંચાઈને લગતુ કાર્ડ આવેલ છે. વર્ષ દરમ્યાન આ કાર્ડ આપને અણધાર્યા ચેન્જ લઈને આવે છે. આ કાર્ડ આપને ડગલે ને પગલે ધ્યાનથી આગળ વધવાનું સૂચવે છે. અને પોઝીટીવ રહેવાનું ખાસ જરૂરી છે.

વર્ષ દરમ્યાન અનપેક્ષિત પરિવર્તન ઉથલપાથલની ક્ષણો છે. જે અવિશ્વસનીય અનુભવ કરાવી દેશે. પરંતુ કંઈક ખરાબમાં પણ વૃધ્ધિ અને પરિવર્તનનાં માર્ગ મોકળા કરશે. સરળ ભાષામાં કઈએ તો ''જે થશે તે સારા માટે જ થશે''

ઘણા સમય આપને કોઈ ભય, તકલીફ સતાવતી હશે. કોઈ મુશ્કેલી હશે આપના જીવનમાં તો હવે તેનો અંત આવશે. મનમાં અનેક વિચાર વાયુ રહે. પણ તેને આપના મન પર હાવી થવા ન દેશો. ઘણી વાર લાઈફને આપણે એટલી રુટીન બનાવી હોય છે કે જેમાં ચેન્જીસને એક મીનીટ પણ આપણે વિચારી નથી શકતા. ઘણી વખત કોઈ ચેન્જ શરૂઆતમાં ન ગમે પણ આગળ જતા સમજાય કે તે યોગ્ય હેતુ જે થયુ તે બરાબર હતું. હિતશત્રુઓ થી સાવધ રહેવું.

વર્ષ દરમ્યાન કોઈ ઉપર આંધળો વિશ્વાસ ન મૂકશો. જેનાથી આપનું ઘણું નુકશાન થશે અને તે આપને મેન્ટલી ડીસ્ટર્બ કરી મુકશે. આપને વર્ષ દરમ્યાન ઘણી સફળતા ને નિરાંતે એન સજાગતા પૂર્વક આગળ વધશો તો તકલીફ નહી થાય મનમાં હરહંમેશ અહંકારથી દૂર રહેજો. ઘણી વખત બહુ ઉંચે ગયા પછી નીચે આવવામાં તકલીફ થાય છે. એટલે બેલેન્સનું મહત્વ ખુબ જ રહેશે. આ વર્ષે તે પછી કેરીયર બાબતે હોય, ફેમેલી રિલેશન બાબતે હોય કે નાણા બાબતે વર્ષ દરમ્યાન ભૂલ થી પણ લોન-ઉધાર લેવા કે દેવા નહીં જ.

વર્ષ ને વધુ સારુ બનાવવા માટે આપને દર સોમવારે મહાદેવની પૂજા આર્ચના કરાવી આપની સાથે સફેદ વસ્તુ ફૂલ, પર્સ કે પેન, રૂમાલ રાખી શકાય. સફેદ વસ્તુનું દાન કરવું.

અપરણિતોને માટે અપરણિત યુવાન યુવક યુવતિઓને આ વર્ષે પણ બહુ સફળતા હાથ નહીં સાંપડે તેવું ગોચર ગ્રહો કહે છે પરંતુ આપના જન્મના ગ્રહો જો મદદ કરતા હશે તો ગોચ રગ્રહોને યુ-ટર્ન મારવો જ પડશે અને આપની ગાડીને ધક્કો મારવો પડશે. વિદેશના માંગા બહુ આવે તેવા ચાન્સ છે. આપને રોમાન્સમાં સફળતા છે પણ તેને સામાજીક માન્યતા આપાવવા માટે મુશ્કેલ સમય રહેશે. આપને સગાઈ લગ્નના નિર્ણયોને લઈને ભાઈબહેનો સાથે મતભેદ રહેશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએઃ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. આપને વિક્રમની શરૂઆત કરતા વિક્રમના નવા વર્ષનો અંતિમ ભાગ બહુ જ સારો રહેશે. આપ વર્ષ દરમ્યાન હેલ્થ કોન્શીયસ બનશો અને વેઈટ લોસની ઈચ્છા ફળશે. આપ કોઈપણ પ્રકારના વાતાવરણમાં આપ એડજેસ્ટ થઈ શકશો. વર્ષના મધ્યભાગમાં થોડી વધારે કાળજી લેવાની સલાહ છે. આપને આપના ઉગ્ર સ્વભાવને કાબુમાં રાખવાનો છે. દરેક કાર્ય ધીરજથી અને વિચારીને કરવાથી આપનું સ્વાસ્થ્ય સારું રહેશે. વર્ષ દરમ્યાન કોઈ મોટી બિમારી કે ઈજા ને અવકાશ નથી. આપને વિચાર વાયુ રહેશે. આપ નાની નાની વાતે કોઈ સાથે બાખડી પડો તે સ્વાસ્થ્ય માટે સારું નથી. તો વર્ષ દરમ્યાન દલિલબાજી અને બીજાની વાતમાં પડવાથી દૂર રહેવું.

સ્થાવર મિલકત બાબતેઃ સ્થાવર મિલકચ બાબતે વિક્રમનું નવું વર્ષ સારું રહેવાનું છે. આપને સ્થાવર મિલકતથી લાભ રહેશે. વિલવારસાની મિલ્કત મેળવવામાં સફળતા મલશે. કોર્ટ કેસ ચાલતા હશે તો તેમાં પણ સફળતા મલશે. આપને આપની જન્મભૂમિ તરફ જબરૂ ખેચાણ રહેશે. આપને લેખીત દસ્તાવેજો અને જામીનગીરી થી દૂર રહેવાનું છે. ભાગીદારી ધંધા માટે સ્થાવર મિલકતનું રોકાણ લાભ અપાવી જશે. આપની જૂની ખેડીવાડી અથવા બહુ જ જૂની મિલકતને હાલમાં ન વહેંચો તેવી સલાહ છે. આપની માટે આ માટે આ સમય મિલ્કતની ખરીદી કરવા માટે બહુ જ ઉત્તમ છે, પરંતુ વેચાણમાં સારી કિંમત નહી આવે. આપના નામે જમીન મકાન મિલ્કત જો વિદેશમાં હશે તો તેના વેચાણમાં સારો ફાયદો મલે તેમ છે અને આપને દિવેશમાં જમન મકાન થી લાભ પણ રહેશે.

વ્યાપારીઓ અને નોકરીયાતો માટેઃ વ્યાપારી મિત્રોને ગોચરના ગ્રહો શરૂઆતમાં લોઢાના ચણા ચાવવા પડે એવા છે. ભારી કોમ્પીટીશન અને મંદીને સામનો રહે. આપને પેઢી દર ચાલતા જોઈન્ટ બીઝનેશમાં ભાગલા પડે તેવી શક્યતા છે પરંતુ વેચાણમાં સારી કિંમત નહી આવે. આપના નામે જમીન મકાન મિલકત જો વિદેશમાં હશે તો તેના વેચાણમાં સારો ફાયદો મલે તેમ છે અને આપને વિદેશમાં જમીન મકાન થી પણ લાભ પણ રહેશે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વ્યાપારી મિત્રોને ગોચરના ગ્રહો શરૂઆતમાં લોઢાના ચણા ચાવડા પડે તેવા છે. ભારી કોમ્પીટીશન અને મંદીને સામનો રહે. આપને પેઢીદર ચાલતા જોઈન્ટ બીઝનેશમાં ભાગલા પડે તેવી શક્યતા છે પરંતુ આપ જો આ વસ્તુ બને નહિ તેવું ઈચ્છતા હોય તો આપને વર્ષની શરૂઆતના સાતેક મહિના ધીરજ રાખવાની સલાહ છે. પછી ધીરે ધીરે બધુ જ થાળે પાડી શકશો. વડિલોની સલાહ સૂચના આપના વ્યવસાયમાં ઉપયોગી સાબિત થશે. વર્ષ દરમ્યાન આંખ-કાન ખુલ્લા રાખીને કાર્ય કરવાની સલાહ છે. આપને સાઈડ બીઝનેશથી લાભ રહેશે. આપ આ વર્ષ દરમ્યાન માત્ર એક જ વ્યવસાયમાં રોકાણકારો તેના કરતા આપ અલગ અલગ ઈન્વેસ્ટમેન્ટ કરી લો તો વધુ બચત અને પ્રોફિટ થશે. આપના હિતશત્રુઓ અને નજીક રહેતા શત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહિ અને તેઓના આપને અહિત પહોંચાડવાના પ્લાન ફલોપ થઈ જશે. નોકરીયાતોને નોકરી માટે વિક્રમનું નવું વર્ષ સારું છે. આપની સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે. સામાજિક સંસ્થામાં પણ આપ આગળ પડતા રહીને હોદો મેળવશો. આપ નોકરીની સાથો સાથ એકાદ પાર્ટનરશિપ કરો તો પણ ફાયદમાં રહેવાના છો. આપના જૂના મિત્રોની ઓળખાણ આપને આજે ઘણાં વર્ષો પછી ફાયદાકારક સાબિત થવાના છે. આપનું કાર્યબોજ વધશે. આપને વર્ષ દરમ્યાન આવક પ્રમાણે ખર્ચ કરવા માટેનું બજેટ બનાવી લેવાની જરૂરીયાત રહેશે. આપના પગાર ધોરણમાં વર્ષ દરમ્યાન ફેરફારોની શક્યતાઓ નકારી ન શકાય.

મહિલાઓને માટેઃ મહિલાઓને માટે વિક્રમ સંવતનું નવું વર્ષ સારું રહેવાનું છે. આપના સંતાનો કે નાના ભાઈ બહેનોની સગાઈ-લગ્નના યોગ છે. આપને ત્યાં માંગીલક પ્રસંગ બહુ જ સુંદર રીતે પૂર્ણ થશે. આપ જો વર્ષ દરમ્યાન કોઈ બીઝનેશ કરવા માંગતા હશો તો વર્ષના મધ્યમાં સફળતા વાળો સમય છે. ડ્રેસ મટીરીયલ્સ કે રેડીમેડ ગારમેન્ટસના વ્યવસાયથી સારો લાભ રહેશે. દામપત્ય જીવનમાં સુમેળ રાખવો જરૂરી રહેશે. જીવનસાથી સાથેની ગેરસમજો જેમ બને તેમ જલ્દી ટાળવી. નાની-નાની વાતોને જલ્દીથી સુલટાવી લેવી. મતભેદ-મનભેદ ન બને તેનું ધ્યાન રાખવું બહુ જરૂરી હોય છે. જીવનને સુખી બનાવવા માટે આપને વર્ષ દરમ્યાન વિલવારસાથી લાભ છે. આપને વર્ષમાં એકાદ વાર તો ઘરમાં ધાર્મિક કાર્ય કથા વગેરે કરાવવાની સહાલ છે. આડોશી-પાડોશીઓની વાતોને મન પર ન લેવી.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ દરમ્યાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન દેવાની સલાહ છે. પહેલું સુખ તે જાતે નર્યા, વિક્રમ સંવત નવું વર્ષ અભ્યાસ માટે મિશ્રફળ દર્શાવે છે. આપનું પરિણામ એવરેજ આવીને ઉભું રહે. મેદવૃધ્ધિ થી સંભાળવું. મોજશોખ અને આળસ પાછળ સમય ન વેળફતા મહેનતે લાગી જાવ. કારણ કે જે સમય આપને મલ્યો છે તે અમુલ્ય છે. અને ગોચર ગ્રહો આપના પરિક્ષા સમયે બિમાર પાડે તેવું દર્શાવે છે. ભાઈ-બહેનો તરફથી આ બાબતે આપને સારો સહકાર મલશે. આપની શક્તિને પાડી દે તેવા મિત્ર કે કોઈપણ વ્યક્તિ થી દૂર રહેવું.

પંચક

પ્રારંભ		સમાપ્ત	
તારીખ	ક. મિ.	તારીખ	ક. મિ.
૩૧-૧૦-૨૦૨૫	૦૬:૪૭	૦૪-૧૧-૨૦૨૫	૧૨:૩૪
૨૭-૧૧-૨૦૨૫	૧૪:૦૬	૦૧-૧૨-૨૦૨૫	૨૩:૧૭
૨૪-૧૨-૨૦૨૫	૧૯:૪૫	૨૯-૧૨-૨૦૨૫	૦૪:૪૦
૨૦-૦૧-૨૦૨૬	૨૫:૩૪	૨૫-૦૧-૨૦૨૬	૧૩:૩૫
૧૭-૦૨-૨૦૨૬	૦૯:૦૫	૨૧-૦૨-૨૦૨૬	૧૯:૦૬
૧૬-૦૩-૨૦૨૬	૧૮:૧૩	૨૦-૦૩-૨૦૨૬	૨૬:૨૭
૧૨-૦૪-૨૦૨૬	૨૭:૪૪	૧૭-૦૪-૨૦૨૬	૧૨:૦૯
૧૦-૦૫-૨૦૨૬	૧૨:૧૨	૧૪-૦૫-૨૦૨૬	૨૨:૨૩
૦૬-૦૬-૨૦૨૬	૧૯:૦૩	૧૧-૦૬-૨૦૨૬	૦૮:૧૫
૦૩-૦૭-૨૦૨૬	૨૭:૪૭	૦૮-૦૭-૨૦૨૬	૧૫:૫૯
૩૧-૦૭-૨૦૨૬	૦૬:૩૭	૦૪-૦૮-૨૦૨૬	૨૧:૫૩
૨૭-૦૮-૨૦૨૬	૧૩:૫૩	૦૨-૦૯-૨૦૨૬	૨૭:૨૩
૨૩-૦૯-૨૦૨૬	૨૧:૫૬	૨૮-૦૯-૨૦૨૬	૧૦:૧૫
૨૧-૧૦-૨૦૨૬	૦૬:૫૯	૨૫-૧૦-૨૦૨૬	૧૯:૨૧
૧૭-૧૧-૨૦૨૬	૧૫:૨૯	૨૧-૧૧-૨૦૨૬	૨૯:૫૪
૧૪-૧૨-૨૦૨૬	૨૨:૩૫	૧૯-૧૨-૨૦૨૬	૧૫:૫૭
૧૦-૦૧-૨૦૨૭	૨૮:૩૪	૧૫-૦૧-૨૦૨૭	૨૩:૫૦
૦૭-૦૨-૨૦૨૭	૧૦:૩૬	૧૧-૦૨-૨૦૨૭	૨૭:૪૧
૦૬-૦૩-૨૦૨૭	૧૭:૩૪	૧૧-૦૩-૨૦૨૭	૧૧:૧૯
૦૨-૦૪-૨૦૨૭	૨૫:૩૨	૦૭-૦૪-૨૦૨૭	૧૮:૨૫

વિંછુડો

પ્રારંભ		સમાપ્ત	
તારીખ	ક. મિ.	તારીખ	ક. મિ.
૨૩-૧૦-૨૦૨૫	૨૨:૦૫	૨૬-૧૦-૨૦૨૫	૧૦:૪૬
૧૯-૧૧-૨૦૨૫	૨૮:૧૩	૨૨-૧૧-૨૦૨૫	૧૬:૪૬
૧૭-૧૨-૨૦૨૫	૧૦:૨૫	૧૯-૧૨-૨૦૨૫	૨૨:૫૦
૧૩-૦૧-૨૦૨૬	૧૭:૨૦	૧૫-૦૧-૨૦૨૬	૨૯:૪૭
૦૯-૦૨-૨૦૨૬	૨૫:૪૦	૧૨-૦૨-૨૦૨૬	૧૩:૪૧
૦૯-૦૩-૨૦૨૬	૦૯:૨૯	૧૧-૦૩-૨૦૨૬	૨૧:૫૯
૦૫-૦૪-૨૦૨૬	૧૭:૨૭	૦૮-૦૪-૨૦૨૬	૨૯:૫૩
૦૨-૦૫-૨૦૨૬	૨૪:૨૭	૦૫-૦૫-૨૦૨૬	૧૨:૫૪
૩૦-૦૫-૨૦૨૬	૦૬:૩૮	૦૧-૦૬-૨૦૨૬	૧૯:૦૮
૨૬-૦૬-૨૦૨૬	૧૨:૩૨	૨૮-૦૬-૨૦૨૬	૨૫:૦૮
૨૩-૦૭-૨૦૨૬	૧૯:૦૦	૨૬-૦૭-૨૦૨૬	૦૭:૩૪
૧૯-૦૮-૨૦૨૬	૨૬:૨૯	૨૨-૦૮-૨૦૨૬	૧૪:૪૮
૧૬-૦૯-૨૦૨૬	૧૦:૪૮	૧૮-૦૯-૨૦૨૬	૨૨:૪૪
૧૩-૧૦-૨૦૨૬	૧૯:૧૧	૧૬-૧૦-૨૦૨૬	૦૬:૪૭
૦૯-૧૧-૨૦૨૬	૨૬:૪૭	૧૨-૧૧-૨૦૨૬	૧૪:૧૮
૦૭-૧૨-૨૦૨૬	૦૯:૧૩	૦૯-૧૨-૨૦૨૬	૨૧:૦૦
૦૩-૦૧-૨૦૨૭	૧૪:૫૯	૦૫-૦૧-૨૦૨૭	૨૭:૦૬
૩૦-૦૧-૨૦૨૭	૨૧:૨૧	૦૨-૦૨-૨૦૨૭	૦૯:૨૧
૨૬-૦૨-૨૦૨૭	૨૯:૧૩	૦૧-૦૩-૨૦૨૭	૧૬:૨૬
૨૬-૦૩-૨૦૨૭	૧૪:૧૭	૨૮-૦૩-૨૦૨૭	૨૪:૩૧

પુષ્ય નક્ષત્ર


પ્રારંભ		સમાપ્ત	
તારીખ	ક. મિ.	તારીખ	ક. મિ.
૧૦-૧૧-૨૦૨૫	૧૮:૪૭	૧૧-૧૧-૨૦૨૫	૧૮:૧૭
૦૭-૧૨-૨૦૨૫	૨૮:૧૧	૦૮-૧૨-૨૦૨૫	૨૬:૫૨
૦૪-૦૧-૨૦૨૬	૧૫:૧૦	૦૫-૦૧-૨૦૨૬	૧૩:૨૪
૩૧-૦૧-૨૦૨૬	૨૫:૩૩	૦૧-૦૨-૨૦૨૬	૨૩:૫૭
૨૮-૦૨-૨૦૨૬	૦૯:૩૪	૦૧-૦૩-૨૦૨૬	૦૮:૩૩
૨૭-૦૩-૨૦૨૬	૧૫:૨૩	૨૮-૦૩-૨૦૨૬	૧૪:૪૯
૨૩-૦૪-૨૦૨૬	૨૦:૫૬	૨૪-૦૪-૨૦૨૬	૨૦:૧૩
૨૦-૦૫-૨૦૨૬	૨૮.૧૧	૨૧-૦૫-૨૦૨૬	૨૬:૪૮
૧૭-૦૬-૨૦૨૬	૧૩:૩૬	૧૮-૦૬-૨૦૨૬	૧૧:૩૧
૧૪-૦૭-૨૦૨૬	૨૪:૦૯	૧૫-૦૭-૨૦૨૬	૨૧:૪૬
૧૧-૦૮-૨૦૨૬	૧૦:૦૯	૧૨-૦૮-૨૦૨૬	૦૭:૫૯
૦૭-૦૯-૨૦૨૬	૧૮:૧૩	૦૮-૦૯-૨૦૨૬	૧૬:૩૯
૦૪-૧૦-૨૦૨૬	૨૪:૧૩	૦૫-૧૦-૨૦૨૬	૨૩:૦૮
૩૧-૧૦-૨૦૨૬	૨૯:૩૯	૦૧-૧૧-૨૦૨૬	૨૮:૩૦
૨૮-૧૧-૨૦૨૬	૧૨:૪૯	૨૯-૧૧-૨૦૨૬	૧૦:૫૯
૨૫-૧૨-૨૦૨૬	૨૨:૪૯	૨૬-૧૨-૨૦૨૬	૨૦:૧૨
૨૨-૦૧-૨૦૨૭	૧૦:૨૪	૨૩-૦૧-૨૦૨૭	૦૭:૩૦
૧૮-૦૨-૨૦૨૭	૨૧:૦૫	૧૯-૦૨-૨૦૨૭	૧૮:૩૫
૧૭-૦૩-૨૦૨૭	૨૯:૦૬	૧૮-૦૩-૨૦૨૭	૨૬:૨૦


રોહિણી નક્ષત્ર

માસ	પક્ષ	તિથિ	વાર	તારીખ
કારતક	વદ	૨	શુક્ર	૦૭-૧૧-૨૦૨૫
માર્ગશીર્ષ	વદ	૧	શુક્ર	૦૫-૧૨-૨૦૨૫
પોષ	સુદ	૧૩	ગુરુ	૦૧-૦૧-૨૦૨૬
માઘ	સુદ	૧૦	બુધ	૨૮-૦૧-૨૦૨૬
ફાગણ	સુદ	૯	બુધ	૨૫-૦૨-૨૦૨૬
ચૈત્ર	સુદ	૬	મંગળ	૨૪-૦૩-૨૦૨૬
વૈશાખ	સુદ	૩/૪	સોમ	૨૦-૦૪-૨૦૨૬
અ.જયેષ્ઠ	સુદ	૨	સોમ	૧૮-૦૫-૨૦૨૬
અ.જયેષ્ઠ	વદ	૧૪	રવિ	૧૪-૦૬-૨૦૨૬
નિ.જયેષ્ઠ	વદ	૧૩	રવિ	૧૨-૦૭-૨૦૨૬
અષાઢ	વદ	૧૦	શનિ	૦૮-૦૮-૨૦૨૬
શ્રાવણ	વદ	૮	શુક્ર	૦૪-૦૯-૨૦૨૬
ભાદ્રપદ	વદ	૫	ગુરુ	૦૧-૧૦-૨૦૨૬
આસો	વદ	૪	ગુરુ	૨૯-૧૦-૨૦૨૬

વિક્રમ સંવત ૨૦૮૨ 'પિંગલનામ સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

કર્ક રાશિ
(ડ,હ)





કર્ક રાશિ રાશિચક્ર ચોથી રાશિ છે. કર્ક રાશિની રાશ્યાકૃતિ કરચલા જેવી છે. કર્ક રાશિમાં પુનર્વસુ નક્ષત્રનું છે છેલ્લુ ચક્ષ પુષ્ય નક્ષત્રના ચાર અને આશ્લેષનું ચાર ચરણ આવેલ છે. રાશ્યાધિપતિ ચંદ્ર છે. જાતિ સ્ત્રી છે. સંજ્ઞા ચર છે. તત્વ જળ તત્વ છે. કર્ક રાશિના વ્યક્તિઓ નો ગુસ્સાવારનો હોય છે. તેઓ પ્રેમાળ હોય છે. સફેદ આસમાની, લાઈટ પિંક લક્કી કલર છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેશભુવનમાં ઉચ્ચના ગુરૂ મહારાજ બીરાજેલ છે. આપની રાશિનો સ્વામી આપના ચોથા સ્થાને સૂર્ય-બુધ અને મંગળની યુતિમાં બીરાજમાન છે. આપના ધનસ્થાને કેતુ બીરાજેલ છે. આપના ધનસ્થાનનો સ્વામી બ્રહ્માંડના રાજા શનિદેવના પિતાશ્રી સૂર્યદેવ સુખસ્થાને ચંદ્ર, મંગળ અને બુધની સાથે બીરાજમાન છે. જે આપના ત્રીજા સ્થાનનો સ્વામી વે. આપના ત્રીજા સ્થાને શુક્રદેવ બીરાજેલ છે. જે આપના સુખ સ્થાનના સ્વામી છે. આપના સુખસથાને સૂર્ય, બુધ, ચંદ્ર અને મંગળની યુતિ છે. આપના પંચમ સ્થાન અને શત્રુસ્થાનમાં કોઈ ગ્રહ વર્ષના પ્રારંભે નથી. આપના પંચમ સ્થાનના સ્વામી મંગળ જે આપના કર્મસ્થાનનો સ્વામી છે, તે આપના ચોથા સ્થાને બીરાજેલ છે. આપના શત્રુસ્થાનનો સ્વામી ગુરૂ ઉચ્ચનો થઈને પ્રથમ સ્થાને બીરાજેલ છે. આપના ભાગીદારી સ્થાને પ્લુટો અને આયુષ્ય સ્થાને રાહુ બીરાજેલ છે. આપના ભાગીદારી સ્થાન અને આયુષ્ય સ્થાનનો સ્વામી આપના ભાગ્યભુવનમાં નેપ્ચ્યુનની યુતિ છે. આપના ભાગ્ય ભુવનમાં શનિદેવ અને નેપ્ચ્યુનની યુતિ છે. આપના ભાગ્ય ભુવનનો સ્વામી આપના દેશભુવનમાં ઉચ્ચો થઈને બીરાજેલ છે. આપના કર્મસ્થાનમાં કોઈ ગ્રહ વર્ષારંભે નથી આપના લાભસ્થાનમાં હર્ષલ બીરાજેલ છે. આપના કર્મસ્થાનનો સ્વામી મંગળ આપના ચોથા સ્થાને બુધ, સુર્ય અને ચંદ્રનછ યુતિ સાથે આપના કર્મસ્થાનને જોવે છે. આપના લાભ સ્થાનનો સ્વામી ત્રીજા સ્થાને બીરાજેલ છે. આપના વ્યય સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. આપના વ્યય સ્થાનનો સ્વામી બુધ ચોથા સ્થાને બીરાજેલ છે.

નવા વર્ષમાં ગ્રહોની સાથે ટેરોટ કાર્ડ મુજબ આપના માટે આવેલ છે. 'ધ ડેવિલ' નામક કાર્ડ, જે મિશ્ર ફળ આપનાર રહેશે. જે આપના વર્ષ ની શરૂઆત અને અંત સુધી આપને વર્ષ સારુ હોય તેવું રહેશે. કોઈ મોટું નુકશાન, પરેશાનીઓ આપના થી દુર રહેશે. આપની હિંમત વધારનાર કાર્ડ આવેલ છે.

'ધ ડેવિલ' કાર્ડ આપને ખૂબ સફળતા તરફ લઈ જશ, પણ ક્યારે જ્યારે આપ આપના નેગેટિવ પોઈન્ટસને સ્વીકારસને તેને દૂર કરશો તો જ આપને લાભ અપાવશે. આપના માં લાલચ, લોભ, ક્રોધ મનમાં ઉભા થાય અને આપ આવા બધા અનેક દોષોમાંથી નિકળી તેની અવગળના કરીને કાર્ય પર ફોકસ રાખશો તો જ સફળતા મલશે, બાકી આ કાર્ડ તમને આ બધામાં ઉલટાવશે. તેવું દ્રશ્યમાન થાય છે. આપે આપના નવા વર્ષમાં કંઈ મેળવવા માટે કોઈ પણ એક્સક્યુઝ કોઈ બહાના ન ધ્યાનમાં લેવાની સલાહ છે.

તેથી આ કાર્ડ મીશ્રફળ આપનાર છે. આપના પર નિર્ભર કરે છે કે આપ કઈ તરફ આપને દોરી જાવ છો. આ બધામાંથી આપે શાંત એકાંત મને પોતાને યોગ્ય સમય આપીને જ નિર્ણયો લેવાની ખાસ સલાહ છે આપનું એક ખોટુ પગલું આપને પરેશાનીમાં લાવી આવશે.

વર્ષ દરમ્ફાન આપને માતા-બહેનો, પત્ની, પુત્રી તેમના થી વધુ સાથ સહકાર મળશે. જેમની સલાહ આપને ઉપયોગી થશે. આપની અંદરના ઉછળતા સાગરના મોજા ને કિનારો જેમ શાંત કરે છે તેવી અનુભૂતિ થશે. વર્ષ દરમ્યાન ખાસ સલાહ ઉતાવળા નિર્ણયોગી બીલકુલ દૂર રહેવું. કોઈ પર વિશ્વાસ બહુ જલ્દીથી ન કરવો કોઈ નું અહિત થાય તેવું કરવું નહીં. એમ કહી શકાય કે આપને કર્મ મુજબ વર્ષ રહેશે.

અપરણિતો ને માટેઃ લગ્ન ઈચ્છુકો અપરણિત યુવાન યુવક યુવતિઓને માટે વિક્રમના નવા વર્ષના પ્રારંભે આપના ગ્રહો નબળા છે. આપને આવતા માંગા જોઈને ધ્યાનમાં રાખવા પણ ઉતાવળા નિર્ણયો ન આપવો. વર્ષ દરમ્યાન આપના સગાઈ લગ્નમાં બાધા આવતી જણાય. નાના નાના કારણોથી અટકતુ હોય તેવું લાગે પણ ચિંતા કરવાની જરૂર નથી કારણ કે વર્ષ નો ઉતરાર્ધ આપના માટે શુભ છે. અડચણો ફક્ત ગોચર ગ્રહો મુજબ જણાય છે. પરંતુ આપના જન્મના ગ્રહો જો પાવરફુલ હશે તો આપને અચુક રાહત રહેશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએઉ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમનું નવું વર્ષ આપના માટે સામાન્ય રહેશે. આપને માનસિક ટેન્શન રહે. વધુ વિચારવાયુ પરેશાન કરે. વર્ષ દરમ્યાન નાની એવી સર્જરી થાય તેવી શક્યતા છે. વાહન ચલાવવામાં ધ્યાન રાખવું અને કોઈની સાથે દલિલબાજીમાં ન પડવું. લાંબી મુસાફરી વિદેશ પ્રવાસથી લાભ રહેશે. બહારની ખાણી પીણી થી સંભાળવું. માનસિક રીતે મગજ પર બરફ રાખીને કામ કરવું તવી સહાલ ખોટી નહી કહેવાય. યોગા મેડીટેશનથી લાભ રહેશે. વર્ષ દરમ્યાન આપને મહાદેવની પૂજા આર્ચના ૐ નમઃ શિવાયના જાપ અને જરૂરીયાત વાળી વ્યક્તિને મદદ કરવાની સલાહ છે. આપ આપના ઈષ્ટદેવનું સ્મરણ પણ કરી શકો છો. એકલતાથી દૂર રહેવાની ખાસ સલાહ છે.

સ્થાવર મિલકત બાબતેઃ વિક્રમનાં નવા વર્ષના ગ્રહો જોઈએ તો સ્થાવ મિલકત બાબતે આપનું વર્ષ સારું રહેશે. કોર્ટ કચેરીના કાર્યો ને ઠીલ આપવાની સલાહ છે. મિલકતમાં વધારો થાય તેવું કહેવું ખોટું નહી થાય. આપ આપના ફેમેલી મેમ્બર્સના નામે મકાનની ખરીદી કરી શકો છો, તેની વધુ લાભ મલશે અને રાહત પણ મલશે. ભાગીદારી વ્યવસાયમાં મિલ્કત રૂપે રોકાણ કરતા પૂર્વ લાંબા વિચારો અને સીક્યલરીટીને ધ્યાનમાં લેવી અને બની શકે તો મીલ્કતને કોઈ પણ જગ્યાએ રોકાણમાં ન લેવી. આપને વર્ષ દરમ્યાન આપની સૂઝ બૂઝ-ગોચર ગ્રહો અને જો જન્મના ગ્રહો મદદકર્તા હશે તો આપની મિલકતમાં વૃધ્ધિ થશે અને આપને ભાડૂતી મકાનમાં રહેતા હશે તો ઘરનું ઘર થવાની શક્યતા પુરેપુરી છે. જમીન મકાન મિલ્કતને ઉતાવળા થઈને વહેંચવાના નિર્ણયો ન લેવા.


વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વ્યાપારીઓને અને નોકરીયાતોને માટે વિક્રમના નવા વર્ષના ગ્રહો સારા છે. ભાગીદારી વ્યવસાયમાં કુટુંબના ૮ સભ્યો હશે તો મિશ્ર વાતાવરણ અને મિશ્ર આવક એટલે કે નો પ્રોફિટનો લોસ રહેશે. આપ જો વર્ષ દરમ્યાન સાઈડ બીઝનેશ કરવા ઈચ્છતા હોવ તો લાભ રહેશે. આપને નાણાકીય હીસાબ કિતાબ અથવા મોટી રકમની લેતી દેતીમાં જાતે જ ધ્યાન આપવાની સલાહ છે. નાણા ફસાય નહિ તેનું ધ્યાન રાખવું. હિત શત્રુઓ ઉભા થાય પણ ફાવે નહિં, હિતશત્રુઓ આપને ગમતા હોય તેવું પણ બને. વિદેશ સાથેના વ્યવસાયના નવા કાર્યની શરૂઆત વર્ષ દરમ્યાન લખી શકો, આપ આપના વ્યવસાયમાં નવી પ્રોપટી ખરીદવા માટે વધારવા માટે ઉત્તમ સમય છે. રીસ્ક હોય તેવા વ્યવસાયમાં થોડુ ધ્યાન રાખવાની સહાલ છે. ફેક્ટરી ટ્રેડીંગના વ્યવસાયીઓનું કાર્ય ગણતરી અને સમજણ સાથે ધીરજ પૂવર્ક કરવાના છે.


નોકરીયાતોને નોકરી માટે સારો સમય છે. આપ આપની આંતરિક સૂઝ બૂઝ ટેલેન્ટ અને ઈન્ટલીજન્સીને કારણે ઉપરી અધિકારીઓને પ્રભાવિત કરી શકશો. આપને નવી નોકરીની સારી ઓફરો આવશે. આપને નોકરીમાં સહકર્મચારી વર્ગનો સહકાર સારો રહેવાનો છે. નોકરીયાત વર્ગને નવા ઘર કે ઓફિસ માટેની લોન મેળવવામાં સરળતા રહેશે. આપ જો રમતગમતમાં રસ ધરાવતા હશો તો આપને વર્ષ દરમ્યાન તે કાર્યમાં એટલે આપની હોબીમાં આપને સફળતા મલશે અને તેના થકી આપને નોકરીમાં સફળતા મલશે. આપને પડવા વાગવા થી ઈજા થશે. અને કાર્યભારમાં વર્ષના અંતે વધારો થશે. વર્ષાન્તનો સમય આપના માટે થોડો મુશ્કેલ રહેશે. વર્ષ દરમ્યાન સંતાનોના પ્રશ્નોનું નિવારણ થશે.

મહિલાઓને માટેઃ મહિલાઓને માટે વિક્રમના નવા વર્ષમાં પ્રગતિ થવાની છે. નવા વર્ષના ગ્રહો આપના માટે શુભ જ શુભ છે. આપને વર્ષ દરમ્યાન અનેક લાભ મલશે અને આપના કાર્યો પૂર્ણ થશે. જીવનસાથી સાથે સુમેળ રાખવો, આપને આપના જીવનસાથી સાથે ગેરસમજો હશે તો તે દૂર થવાની છે. આપ આપના કુટુંબની ઈન્કમમાં વધારો કરી શકવાના છો, જો આપ આપના શોખ થકી કરશો જેમકે ડ્રેસ મટીરીયલ વહેચવા, પાર્લર, ઈન્ટીરીયર ડીઝાઈનિંગ, ટ્યુશન વગેરે જેનાથી આપ આનંદ અને સેટીસફેશન પણ થશે. સ્વાર્થી અને લાલચી મિત્રોથી દુર રહેવાની સહાલ છે. વર્ષ દરમ્યાન આપને પેટને લગતી પરેશાની પરેશાન કરે. વડિલોનો સહકાર ખુબ જ સારો રહેવાનો છે. આપ આપના ફેમિલીનું બજેટ બહું જ વ્યવસ્થિત રીતે પ્લાન કરી શકવાના છો.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમનું નવું વર્ષ સામાન્ય જવાનું છે. આપે વર્ષ દરમ્યાન બહુ જ સાહસ અને મહેનત કરવાની છે. સાહસ કર્યા વિના જીવનમાં સિધ્ધિ પ્રાપ્ત થીત નથી અને સિધ્ધિ મહેનત કરનારને જ મલે. વાંચન લેખનમાં એકલવ્ય બનાવાની સલાહ છે. પરિક્ષા સમયે અગાવ કરેલ મહેનત કામ લાગશે. મિત્ર વર્તુળ માટે વધુ પડતા લાગણીશીલ ન બનો તેનું ધ્યાન રાખવું. વર્ષ દરમ્યાન અચ્યાસ માટે વિદેશ જવાની ઈચ્છા ધરાવતા હશો તો આપને તેમાં સફળતા મલશે. મતલબી મિત્રોને ઓળખીને તેનાથી દૂર રહેવું. ગોચર ગ્રહોની સાથે જો જન્મના ગ્રહો પણ મદદ કરતા હશે તો આપને સારું પરિણામ લાવતા કોઈ રોકી નહિ શકે.

સિંહ રાશિ
(મ.ટ)





સિંહરાશિ રાશિચક્રની પાંચમી રાશિ છે જેની રાશ્યાકૃતિ સિંહ છે. મધાનક્ષત્રના ચાર ચરણ, પૂર્વાફાલ્ગુનીના ચાર ઉતરાફાલ્ગુન નક્ષત્રનું એક ચરણ સમાયેલ છે. રાશ્યાધિ પતિ સિંહ રાશિના સૂર્યદેવ છે. તત્વ અગ્નિ છે. દિશા પૂર્વ છે. બાહોશ અને જીદી વ્યકિતત્વ હોય છે. યેલો ગોલ્ડન કલર લકકી રંગ છછે.

વિક્રમના નવા વર્ષના પ્રારંભે આપના દેહભુવનમાં કેતુ બીરાજેલ છે. આપના દેહભુવનનો સ્વામી આપના ત્રીજા સ્થાને ચંદ્ર, બુધ અને મંગળની યુતિમાં છે. આપના બીજા સ્થાને શુક્રદેવ બીરાજેલ છે. આપના બીજા સ્થાનનો સ્વામી પરાક્રમ સ્થાને ચંદ્ર સૂર્ય અને મંગળની યુતિમાં છે. આપના પરાક્રમ સ્થાનનો સ્વામી બીજા સ્થાને બીરાજેલ છે. પરાક્રમ સ્થાને સૂર્ય-ચંદ્ર, અને બુધની યુતિમાં બીરાજેલ છે. આપની પરાક્રમ સ્થાનનો સ્વામી શુક્ર આપના ધન સ્થાને બીરાજેલ છે. આપના સુખસ્થાને અને વિદ્યાભવનમાં કોઈ ૮ ગ્રહ નથી આપના સુખ સ્થાનનો સ્વામી મંગળ જે ત્રીજા સ્થાને સૂર્ય-ચંદ્ર બુધની યુતિમાં બીરાજેલ છે. આપના વિદ્યાભવનનો સ્વામી ગુરૂ આપના સુખ સ્થાનો સ્વામી મંગળ જે ત્રીજા સ્થાને સૂર્ય-ચંદ્ર બુધની યુતિમાં બીરાજેલ છે. આપના વિદ્યાભવનનો સ્વામી ગુરૂ આપના વ્યવસાયને બીરાજેલ છે. આપના શરૂ સ્થાને પ્લુટો બીરાજેલ છે. કયારે સપ્તમ સ્થાને રાહુ બીરાજે છે. આપના શરૂસ્થાન અને સપ્તમ સ્થાનનો સ્વામી આપના આયુષ્ય સ્થાને નેપ્ચ્યુનની યુતિમાં છે. આપના આયુષ્ય સ્થાનનો સ્વામી આયુષ્ય સ્થાનમાં શનિ નેપ્ચ્યુનની યુતિ છે. આપના આયુષ્ય સ્થથાનનો સ્વામી ગુરૂ આપના વ્યય સ્થાને બીરાજે છે. જે આપના પંચમ સ્થાનનો પણ સ્વામી છે. આપના ભાગ્ય ભુવનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી જયારે તેનો સ્વામી મંગળ આપના ત્રીજા સ્થાને સૂર્ય, બૂધ, ચંદ્ર સાથે બીરાજે છે. આપના કર્મ સ્થાને હર્ષલ બીરાજેલ છે. આપના કર્મસ્થાનનો સ્વામી બીજા સ્થાને બીરાજેલ છે. આપના અગયિારમાં સ્થાને કોઈ ૮ ગ્રહ નથી. આનપના અગિયારમાં અને વ્યયસ્થાનનો સ્વામી બુધ અને ચંદ્ર અનુક્રમે આપના ત્રીજા સ્થાને બીરાજે છે. જેના સાથે સૂર્ય મંગળની યુતિ છે. આપના વ્યય સ્થાને ગુરૂ બીરાજેલ છે.

ટેરોટ કાર્ડસ મુજબ આપને માટે આવે છે. ''ધ સ્યુટ ઓફ વોન્ડસ'' કાડ જેને સરળ ભાષામાં કદીએ તો આપને આવી અનુભૂતિ રહેશે-''આઠ મે ઉપર આસમાન નિચે આઠમે આગે જમાના હે પીછે''

બસ તો ગીત જેવું ૮ વર્ષ આપનું રહેશે પણ આ ગીત જેટલું પોઝીટીવ છે. તેટલું ૮ વધુ પડતા આત્મવિશ્વાસને દર્શાવે છે આત્મવિશ્વાસ જીવનમાં ખૂબ જ જરૂરી છે પણ વધુ પડતો નહી એટલે જે વસ્તુની પોઝીટીવ સાઈડ છે તો તેની નેગેટીવ પણ છે.

આપને આ કાર્ડ મલતા એમ કહી શકાય કે આ વર્ષ ખૂબ ૮ સરસ રહેશે. આ કાર્ડ વન ઓફ ધ પોઝીટીવ કાર્ડ છે. આ વર્ષ આપની પ્રગતિ બતાવે છે પણ આપને જેલસી ફીલ થાય બીજાની પ્રગતિ આંખમાં ખટકે તેવું પણ થાય તો વર્ષ દરમિયાન વધુ ને વધુ પ્રગતિ માટે બીજાનું ન જોતા બીજાને નીચા ન પાડતા આપની લીટી મોટી કેમ કરી શકાય તેના પર ફોકસ કરશો તો ચોકકસ પણે સારા ફળની પ્રાપ્તિ થવવાની છે.

આ કાર્ડ આપના માં મહેનત કરવાની કોઈ કાર્યને ધગસથી પૂરા લગ્નથી પૂર્ણ કરવાની હોશ આપશે. તમને એવો જજબે આપશે કે ''બાય હૂક ઓર બાય ફૂડ'' આપ કોઈ નિશ્ચિત કાર્ય તરફ આગળ વધવા પ્રેરાશો. તો બસ આપ આજથી વાંચીને કોઈ પણ નેગેટીવ વિચારોને લાવ્યા વગર આળસ, ઈર્ષા ખંખેરીને પોતાની સફળતા તરફ આગે કૂચ કરો તેવી શુભેચ્છા.

વર્ષ દરમિયાન આપને આપની સાથે તુલસીની એક નાની ડાળખી સૂકાયેલ હોય તેવી હંમેશ સાથે રાખવી જ આપનામાં આવટતા નેગેટીવ વિચારોને દૂર કરશે.

વર્ષ દરમ્યાન એક વાત યાદ રાખવી. જીવનમાં સૌથી મોટુ નુકશાન શું? અવસર ચુકી જવો તે.

અપરણિતોને માટેઃ વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો લગ્ન લઈ યુવાન યુવક યુવતિઓને માટે સારૂ રહેવાનું છે. આપને સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા મળશે. વિદેશથી લાભ થાય તેવી શકયતતાઓ નકારી ન શકાય. વિદેશી માંગા પણ આવશે. આપના ભાઈ બહેનના સાસરીયા તરફથી પણ આપને માંગુ મલવાની શકયતા છે. વર્ષ દરમિયાન આપને આપની સગાઈ કે આપના લગ્નને લઈને ચિંતીત ન રહો તેવી સલાહ છે. આપને જો કોઈ પાત્ર પસંદ હોય તો તેમાં પણ સફળતા મલવાના ચાન્સીસ છે.

સ્વાસ્થયની દ્રષ્ટિએઃ સ્વાસ્થયની દ્રષ્ટિએ વિક્રમના નવા વર્ષના ગ્રહો આપના માટેમધ્યમ રહેશે. આપનું માથું થોડા દિવસે ભાર રહેતુ હોય તેવું જણાય. આપનું આરોગ્ય એંકદરે ધીમે ધીમે સુધરતું જણાય. આપની આધ્યાત્મિક શકિતઓમાં વધારો થાય જેના હઠીલા રોગો દૂર થવાના. આયુર્વેદીક દવાઓનો ઉપચાર આપને માટે સફળ નિવાડવાનો છે. આપનો ઘરગથ્થુ ઉપચાર આપને માટે સફળ નિવડવાનો છે. આપને ઘરથગ્ગુ ઉપચાર પણ ઉપયોગી થશે. માનસિક ટેન્શન થોડો સમય સતાવતું રહેશે. ઘરના માંગલિક કે ધાર્મિક પ્રસંગે રાત્રી ઉજાગરા દોડધામ આપની તબિયત બગાડે તેવી શકયતા છે. ડાયાબિટીસના દર્દીઓએ સાવચેત રહેવું. દરેકની બાબતમાં દખલગીરી કરવાની આદતને દૂર કરવાની સલાહ છે.

સ્થાવર મિલ્કત બાબતેઃ સ્થાવર મિલ્કત બાબતે વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેવાનું છે. જમીન, મકાન બાબતે કોઈ ફેફારો થાય પરંતુ બાદમાં આપને આ નિર્ણય માટે પસ્તાવો થાય વારસાગત મિલ્કતનો લાભ મલતા મલતા રોકાઈ જાય અને ધાર્યા કરતાં મોડો મલશે તેવું ગ્રહ સૂચવે છે. આપ આપની ઓફિસ કે ફેકટરી માટેના નવા અને આધુનિક મશીન કે કોમ્પ્યુટર વસાવવાના છો. કોર્ટ કેસ જાણતા હશે તો મિલ્કત બાબતેના કેસોનો ચુકાદો આપણી તરફેણમાં આવશે અને આપને લાભ મળશે. પરંતુ વિક્રમના નવા વર્ષમાં કોર્ટ કેસની શરૂઆત ન કરવાની એટલે કે નવો કેસ દાખલ ન કરવી સલાહ છે. ભાઈ બહેનોનો સાથ સહકાર સારો મળવાનો છે. વારસાગત મિલ્કત આપને લાભ અપાવી જવાની છે.

વેપારીઓ અને નોકરીયાતો માટેઃ વેપારીઓને વ્યાપાર માટે આ વર્ષ મધ્યમ રહેશે. આપે આપના પિતાશ્રીની સાથે ટકરાર ઉભી થાય આપને આપનું વ્યવસાય કરવાની ઈચ્છા થાય અને આપ તેમાં સફળ થવાના છો. આપને આપના ભાઈબહેનોનો સહકાર સારો રહેશે. આપને સોના ચાંદી હીરા મોતીનો દાગીના ,કાપડ, કાગળને લગતા વ્યપારથી ખૂબ જ સારૂ સફળતા સાથે સાથે આર્થિક ઉપાર્જન થવાનું છે. આપને ભાગીદારી બિઝનેસથી એકદમ દૂર રહેવાની સલાહ છે. ચાલુ ભાગીદારીમાં ભાગીદારો સાથે સુમેળ રાખવો. આપ જો વિદેશ સ્થાયી થવા માગતા હોવ તો પણ આપના માટે આ વર્ષ બહુ જ સારૂ છે. આપને વિદેશ રહેતા ભાઈ બહેન સગા સ્નેહીઓ મિત્રોના સપોર્ટ સારો મળવાનો છે.

નોકરીયાતોને નોકરી માટે વિક્રમનું નવું વર્ષ નબળું રહેશે. આપને કાલ્પનિક ભય પરેશાન કરે. નોકરીયાત વર્ગને કામકાજ તેમજ જવાબદારીના પ્રમાણમાં ઓછું વળતર મલે. બુધ્ધિપૂર્વક અને ચતુરાઈ પૂર્વક કરેલી મહેનતથી સારો લાભ થવાનો. આપને વાણી સંયમ જાળવવું હિતાવહ રહેશે.

''વાણી એટલે કે જીભ-જીભ છે તે મ્યાનવગરની તલવાર જેવી છે. મ્યાન વગરની તલવાર જેમ ખતરનાક અને જાનલેવા સાબિત થાય છે. તેવી જ રીતે જીભ કાબુ વગર હોય તો તે તલવાર કરતા પણ વધુ ખતરનાક છે. ''આપને નોકરી માં કોઈને કોઈ રીતે ઉપયોગી થવાની છે.

મહિલાઓને માટેઃ મહિલાઓને માટે વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો સામાન્ય વર્ષ જાય તેવું સૂચન કરે છે. આપને સ્ટેશનરી કે ડ્રેસ મટીરીયલ્સના વ્યાપારથી નાણાકિય લાભ રહેશે. મેડિટેશન જેવી ક્રિયાઓથી આપનું આત્મબળ વધવાનું છે. જીવન સાથીની સાથે સુમેળ રાખવો. આપ કુટુંબની ઈન્કમાં વધારો કરાવવામાં મદદ કરશો. પેટ અને આંખ લગતી તકલીફો પરેશાન કરે. અપરિણીત યુવતિઓને માટે નવું વર્ષ બહુ સાનુકુળતા દર્શાવતું નથી. માંગાઓ અનેક આવે પણ આપને ગમે નહિ.. આપના લેવલના ન લાગે. આપના સંતાનો આપને સમજી શકતા નથી તેવુ લાગશે. આપ આપના ફેમિલીનું બજેટ બહુ જ સરસ રીતે પ્લાન કરવામાં સફળ બનશો.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિક્રમ સવંતનું નવું વર્ષ વિદ્યાર્થી મિત્રોને માટે સામાન્ય થવાનું છે. આપને આપની શકિતઓનો વ્યવસ્થિત ઉપયોગ કરવાની સલાહ છે. સ્વાર્થી મિત્રોની મિત્રતા થી દૂર રહેવું. આપ જો વિદ્યા અભ્યાસ માટેઆ વર્ષ દરમ્યાન વિદેશ જવા ઈચ્છતા હો અને તયાં કોઈ એવું કાર્ય કે જે આપને પૈસા પણ કમાવી આપે તેની સાથે થોડુ સાહસ કરવાનું હોય તો આપને સફળતા મલવાની છે અને જો આપના જન્મના ગ્રહો સારા હશે તો ગોચર ગ્રહો પણ જરૂરથી મદદ કરશે. સાહસ કર્યા વિના જીવનમાં સિધ્ધિ પ્રાપ્ત નથી થતી. આપની અગાવ કરેલી મહેનત પરિક્ષા સમયે રંગ લાવશે. વર્ષ દરમિયાન પુરૂષાર્થ ચાલુ રાખો તો જ્ઞાન અને વિજ્ઞાનમાં આગળ વધશો.

કૌટુંબિક બાબતેઃ વિક્રમના નવા વર્ષમાં કૌટુંબિક રીતે આપનું વર્ષ મધ્યમ રહેશે. સંતાનોની પ્રગતિ થશે. સંતાનોને લગતા કોઈ પ્રશ્નો હશે તો હલ થશે. ભાગ્યોદયમાં કોઈને કોઈ કારણે અડચણ આવતી હોય તેવું લાગશે. નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરશો. ઘરે માંગલિક પ્રસંગોનું આયોજન થશે. ભાઈ બહેનો સાથે મિત્રો સાથે મતભેદ રહે. કોઈની વાતમાં આવીને કોઈ નિષ્કર્ષ પર આવવું નહિ, નહિંતર હિતશત્રુઓ ફાવી જશે. મોસાળ પક્ષેથી સારો લાભ રહેશે. વડિલોના સ્વાસ્થયમાં સુધારો. આપને આપના અહંકારી સ્વભાવને દૂર કરવાની સલાહ છે, નહિંતર મુશ્કેલીઓ ઉભી થતા વાર નહી લાગે. કુંટુબ સાથે સ્થળાંતરની ઈચ્છા ફળશે. વધુ પડતા સાહસિકતાથી દૂર રહેશો.

આર્થિક બાબતેઃ આર્થિક બાબતે વર્ષ મધ્યમ રહેશે. જીવનસાથી તરફથી નાણાકિય મદદ મલશે. નાણા ફસાય જાય નાણા ભીડ થાય તેવી શકયતા છે, તો નાણા રોકાણ સમયે ઉધારી આપતા સમય ખૂબ જ વિચારીને આપવા અને અંગત વિશ્વાસ જૂના સંબંધોને નિર્ણયો પર હાવી ન થવા દેવા. આપને પી.એફ.એલ.આઈ.સી.પેન્શનથી નાણા ખર્ચ રહે તેવી શકયતા છે. માંગલિક પ્રસંગના આયેજનથી નાણાકીય ખર્ચ રહે તેવી શકયતા છે. સલામતી પૂર્વક અને જોખમ વગરા નાણાકીય આયોજનથી ધન લાભ અવશ્ય થશે. ભાગીદારી વ્યવસાયની શરૂઆત થાય. વર્ષ દરમ્યાન જામીનગીરીમાં ઉતરવું નહિ નહિતર આપ મુશ્કેલીમા મુકાય જશો અને પોતે જાતે જ પોતાન પગે કુહાડી મારી બેસશો. આ સાથે મની મેનેજ સાથે ટાઈમ પણ મેનેજ કરવાનો છે.

નવા વર્ષનો મંત્રઃ વિક્રમના નવા વર્ષન ગ્રહો જોતા એમ કહી હકાય કે આ વર્ષ સારૂ રહેશે. આપને માટે અનેક સફળતાના દ્વારા ખોલશે અને સાથે મુસીબતો પણ આવશે, પરિશ્રમ પણ વ્યવસ્થત જોશે. કહેવાય છે ને કે ધુઘવાતા પૂરની જે। પરિશ્રમ કરશું તો કશું નહી મલે એટલે જ પાણીના ટીપાની જેમ ખંતપૂર્વક સતત એક જ જગયાએ પાણીની જેમ ટપકયા કરવાથી કાળમીંઢ પથ્થરનેર કોરી નાખે છે. અને પૂરના પાણી જો પથ્થર પરથી પસાર થયા કરે છે તો પથ્થરને કશુ નથી થતું. એટલે પરિશ્રમ કરવનો પણ વ્યવસ્થિત કરવનો રહેશે. આપની પાસે રહેલ સોર્સીઝનો યોગ્ય ઉપયોગ કરવો, સમય, પૈસા લોકો, આપની આવડત, મહેનતએ બધાનો યોગ્ય ઉપયોગ આપને સફળતા અપાવશે.(૩૮.૨૨)

લેખકનો પરિચય


કુમારભાઇ ગાંધી


ફોરમ ગાંધી-મહેતા

ફોરમ ગાંધી-મહેતા શ્રી કુમારભાઈ ગાંધીના સુપુત્રી છે. કુમારભાઈ ગાંધી પ્રખ્યાત જ્યોતિષી શ્રી છે અને તેઓ શ્રી અકિલાના કોલમીસ્ટ છે. ફોરમને જ્યોતિષનું જ્ઞાન વારસામાં મળેલ છે. તેમને જ્યોતિમાં નવા નવા સંશોધનો કરવાનો શોખ છે. કુમારભાઈ ગાંધી અકિલા તથા અન્ય મેગેઝીન અને દૈનિકોમાં આર્ટીકલ આપે છે. સીટી ન્યુઝમાં પ્રોગ્રામ આપે છે.

ફોરમએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કર્મકાંડનો કોર્ષ કરેલ છે. તેઓ વાસ્તુશાસ્ત્ર, ન્યુમરોલોજી, ફેગશૂઈ અને ટેરોકાર્ડ યોગ તથા મેડીટેશનના જાણકાર છે. 'અકિલા' સાંધ્ય દૈનિકમાં સપ્તાહના વ્રત તહેવારની રેગ્યુલર કોલમ આવે છે તથા અન્ય લેખો અવારનવાર પ્રસિધ્ધ થાય છે. તેઓ ગુજરાતના પ્રથમ મહિલા જ્યોતિષ છે તેઓ રેગ્યુલરલી છેલ્લા ૨૨ વર્ષથી 'અકિલા'માં રાશિવાર ભવિષ્ય લખે છે. તેમના ઈન્ટરવ્યુ ઈટીવી ગુજરાતી, ટીવી નાઈન, આકાશવાણી પર આવી ચૂકેલ છે. ૯૨.૭ બીગ એફ.એમ.માં પણ તેમની ટીપ્સ આવતી હતી. પંચાંગમાં પણ લેખો લખે છે.

ફોરમ ખૂબ જ સારા રમતવીર છે તેઓ એ જુડોમાં રાજ્ય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરેલ છે તેઓ એલએલએમનો અભ્યાસ કરેલ છે. હિન્દી વિષયમાં રત્નની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

ફોરમ ગાંધી-મહેતા,
કન્સલ્ટીંગ વાસ્તુશાસ્ત્રી, એસ્ટ્રોલોજર.
'ધોળકીયા ભુવન', દિવાનપરા મેઈન રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
મો.૯૪૨૯૪ ૭૨૧૬૦, ૭૮૭૮૧ ૭૮૭૮૩, ૯૩૭૪૮૧ ૬૯૭૭

સંવત - ૨૦૮૨ના ગ્રહણો

(૧) માઘ કૃષ્ણ-૩૦, મંગળવાર, તા.૧૭-૦૨-૨૦૨૬, ભારતીય દિનાંક-૨૮, માઘ-૧૯૪૭. આ દિવસે કુંભ રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય.
(૨) ફાગણ શુક્લ-૧૫, મંગળવાર, તા.૦૩-૦૩-૨૦૨૬, ભારતીય દિનાંક-૧૨, ફાલ્ગુન-૧૯૪૭. આ દિવસે સિંહ રાશિમાં થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.
(૩) અષાઢ વદ-૩૦, બુધવાર, તા. ૧૨-૦૮-૨૦૨૬, ભારતીય દિનાંક-૨૧, શ્રાવણ-૧૯૪૮. આ દિવકે કર્ક રાશિમાં થનાર ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાશે.
(૪) શ્રાવણ સુદ-૧૫, શુક્રવાર, તા. ૨૮-૦૮-૨૦૨૬, ભારતીય દિનાંક-૬, ભાદ્રપદ-૧૯૪૮. આ દિવસે કુંભ રાશિમાં થનાર ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં નહીં દેખાય.
નોંધ : જે ગ્રહણ દેખાવાનું ન હોય તેમજ માંઘ ચંદ્રગ્રહણના વેધાદિ નિયમો પાળવાના નથી.

(૧) કંકણાકૃતિ સૂર્યગ્રહણ : માઘ કૃષ્ણ-૩૦, મંગળવાર, તા.૧૭-૦૨-૨૦૨૬, ભારતીય દિનાંક-૨૮, માઘ-૧૯૪૭. આ દિવસે કુંભ રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય અને તેને પાળવાનું નથી. આ ગ્રહણ દક્ષિણ અમેરિકા, દક્ષિણ આર્જેન્ટીના, ચીલી, દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટીકા, હિંદ મહાસાગરમાં દેખાશે.

ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ તા.૧૭-૦૨-૨૦૨૬

ખગોલિક ચમત્કૃતિ	ભારતીય સ્ટાં. ટા. ક.- મિ.-સે.
ભૂમંડલે ગ્રહણ સ્પર્શ..	૧૫ - ૨૬ - ૨૬
ભૂમંડલે ગ્રહણ સંમીલન..	૧૭ - ૧૨ - ૫૪
ભૂમંડલે ગ્રહણ મધ્ય..	૧૭ - ૪૨ - ૦૪
ભૂમંડલે ગ્રહણ ઉન્મીલન..	૧૮ - ૧૧ - ૨૯
ભૂમંડલે ગ્રહણ મોક્ષ..	૧૯ - ૫૭ - ૪૨
પરમ ગ્રાસ =..	૦.૯૬૩

સંકષ્ટી ચતુર્થી			સુદ વીજના ચંદ્રદર્શન	
તારીખ	વાર	ચંદ્રોદય સમય	તારીખ	વાર
૦૮-૧૧-૨૫	શનિ.	૨૦:૪૨	૨૩-૧૦-૨૫	ગુરૂ
૦૭-૧૨-૨૫	રવિ	૨૦.૩૫	૨૨-૧૧-૨૫	શનિ
૦૬-૦૧-૨૬	મંગળ	૨૧.૨૧	૨૧-૧૨-૨૫	રવિ
૦૫-૦૨-૨૬	ગુરૂ	૨૧.૪૭	૨૦-૦૧-૨૬	મંગળ
૦૬-૦૩-૨૬	શુક્ર	૨૧.૧૮	૧૮-૦૨-૨૬	બુધ
૦૫-૦૪-૨૬	રવિ	૨૧.૪૭	૨૦-૦૩-૨૬	શુક્ર
૦૫-૦૫-૨૬	મંગળ	૨૨.૧૯	૧૮-૦૪-૨૬	શનિ
૦૩-૦૬-૨૬	બુધ	૨૧.૫૧	૧૭-૦૫-૨૬	રવિ
૦૩-૦૭-૨૬	શુક્ર	૨૧.૫૧	૧૬-૦૬-૨૬	મંગળ
૦૨-૦૮-૨૬	રવિ	૨૧.૩૬	૧૫-૦૭-૨૬	બુધ
૩૧-૦૮-૨૬	સોમ	૨૦.૫૦	૧૪-૦૮-૨૬	શુક્ર
૨૯-૦૯-૨૬	મંગળ	૨૦.૧૩.	૧૨-૦૯-૨૬	શનિ
૨૯-૧૦-૨૬	ગુરૂ	૨૦.૫૪	૧૨-૧૦-૨૬	સોમ
૨૭-૧૧-૨૬	શુક્ર	૨૦.૫૨	૧૧-૧૧-૨૬	બુધ
૨૬-૧૨-૨૬	શનિ	૨૦.૪૬	૧૦-૧૨-૨૬	ગુરૂ
૨૫-૦૧-૨૭	સોમ	૨૧.૨૯	૦૯-૦૧-૨૭	શનિ
૨૪-૦૨-૨૭	બુધ	૨૨.૦૫	૦૮-૦૨-૨૭	સોમ
૨૫-૦૩-૨૭	ગુરૂ	૨૧.૪૦	૦૬-૦૩-૨૭	મંગળ

પૂર્ણિમા

માસ	તારીખ	વાર	પૂર્ણિમા
કારતક	૦૫-૧૧-૨૫	બુધ	ત્રિપુરારી પૂર્ણિમા
માર્ગશીર્ષ	૦૪-૧૨-૨૫	ગુરુ	વ્રતની પૂર્ણિમા
પોષ	૦૩-૦૧-૨૬	શનિ	પોષી પૂર્ણિમા
માઘ	૦૧-૦૨-૨૬	રવિ	માઘી પૂર્ણિમા
ફાગણ	૦૩-૦૩-૨૬	મંગળ	હુતાશની પૂર્ણિમા
ચૈત્ર	૦૨-૦૪-૨૬	ગુરુ	ચૈત્રી પૂર્ણિમા
વૈશાખ	૦૧-૦૫-૨૬	શુક્ર	વૈશાખી પૂર્ણિમા
અ.જ્યેષ્ઠ	૩૧-૦૫-૨૬	રવિ	પૂર્ણિમા
જ્યેષ્ઠ	૨૯-૦૬-૨૬	સોમ	વટ પૂર્ણિમા
અષાઢ	૨૯-૦૭-૨૬	બુધ	ગુરુ પૂર્ણિમા
શ્રાવણ	૨૭-૦૮-૨૬	ગુરુ	શ્રાવણી પૂર્ણિમા, નાળિયેરી પૂર્ણિમા
ભાદ્રપદ	૨૬-૦૯-૨૬	શનિ	પોષ્ટપદી પૂર્ણિમા
આશ્વિન	૨૫-૧૦-૨૬	રવિ	શરદ પૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા
કારતક	૨૪-૧૧-૨૬	મંગળ	ત્રિપુરારી પૂર્ણિમા
માર્ગશીર્ષ	૨૩-૧૨-૨૬	બુધ	વ્રતની પૂર્ણિમા
પોષ	૨૨-૦૧-૨૭	શુક્ર	પોષી પૂર્ણિમા
માઘ	૨૦-૦૨-૨૭	શનિ	માઘી પૂર્ણિમા
ફાગણ	૨૧-૦૩-૨૭	રવિ	હુતાશની પૂર્ણિમા

સંકષ્ટી ચતુર્થીનો ચંદ્રોદય


તારીખ	કારતક	માર્ગશીર્ષ	પોષ	માહ	ફાલ્ગુન	ક્ષેત્ર	વૈશાખ	અ.જયેષ્ઠ	નિ.જયેષ્ઠ	અપાઢ	શ્રાવણ	ભાદ્રપદ	આસો
નામ	૮/૧૧/૨૫	૭/૧૨/૨૫	૬/૧/૨૬	૫/૨/૨૬	૬/૩/૨૬	૫/૪/૨૬	૫/૫/૨૬	૩/૬/૨૬	૩/૦/૨૬	૨/૮/૨૬	૩૧/૮/૨૬	૨૯/૯/૨૬	૨૯/૧૦/૨૬
અમદાવાદ	૨૦.૩૫	૨૦.૨૯	૨૧.૨૦	૨૧.૫૨	૨૧.૨૭	૨૨.૦	૨૨.૩૩	૨૨.૪	૨૨.૦	૨૧.૪૦	૨૦.૫૦	૨૦.૧૦	૨૦.૪૭
વડોદરા	૨૦.૩૪	૨૦.૨૮	૨૧.૧૯	૨૧.૫૦	૨૧.૨૩	૨૨.૫	૨૨.૨૯	૨૨.૦	૨૧.૫૭	૨૧.૩૮	૨૦.૪૮	૨૦.૯	૨૦.૪૬
રાજકોટ	૨૦.૪૩	૨૦.૩૭	૨૧.૨૮	૨૧.૫૯	૨૧.૩૩	૨૨.૪	૨૨.૩૮	૨૨.૯	૨૨.૬	૨૧.૪૭	૨૦.૫૭	૨૦.૧૮	૨૦.૫૫
ભાવનગર	૨૦.૩૯	૨૦.૩૩	૨૧.૨૩	૨૧.૫૩	૨૧.૨૬	૨૧.૫૮	૨૨.૩૧	૨૨.૩	૨૧.૫૯	૨૧.૪૧	૨૦.૫૨	૨૦.૧૩	૨૦.૫૧
જુનાગઢ	૨૦.૪૭	૨૦.૪૧	૨૧.૩૦	૨૨.૦	૨૧.૩૩	૨૨.૪	૨૨.૩૭૧	૨૨.૯	૨૨.૬	૨૧.૪૮	૨૦.૫૯	૨૦.૨૦	૨૦,૫૯
જામનગર	૨૦.૪૬	૨૦.૪૦	૨૧.૩૧	૨૨.૨	૨૧.૩૬	૨૨.૮	૨૨.૪૨	૨૨.૧૩	૨૨.૧૩	૨૧.૫૦	૨૧.૦	૨૦.૨૦	૨૦.૫૮
સુરત	૨૦.૪૫	૨૦.૪૦	૨૧.૩૨	૨૨.૪	૨૧.૩૮	૨૨।૧૨	૨૨.૪૫	૨૨.૧૬	૨૨.૧૧	૨૧.૫૧	૨૧.૧	૨૦.૨૦	૨૦.૫૭
પૂના	૨૦.૩૮	૨૦.૩૧	૨૧.૨૧	૨૧.૫૦	૨૧.૨૩	૨૧.૫૪	૨૨.૨૭	૨૧.૫૮	૨૧.૫૬	૨૧.૩૮	૨૦.૫૦	૨૦.૧૧	૨૦.૫૦
નાસિક	૨૦.૪૦	૨૦.૩૩	૨૧.૧૯	૨૧.૪૬	૨૧.૧૬	૨૧.૪૪	૨૨.૧૬	૨૧.૪૮	૨૧.૪૮	૨૧.૩૪	૨૦.૪૮	૨૦,૧૨	૨૦,૫૨
ઈન્દોર	૨૦.૨૧	૨૦.૧૫	૨૧.૭	૨૧.૩૮	૨૧.૧૨	૨૧.૪૫	૨૨.૧૮	૨૧.૫૦	૨૧.૩૦	૨૧.૪૬	૨૧.૨૬	૨૦.૩૬	૧૯.૫૬
નાગપુર	૨૦.૧૨	૨૦.૫ ૨	૨૦.૫૫	૨૧.૨૪	૨૦.૫૭	૨૧.૨૮	૨૨.૧	૨૧.૩૨	૨૧.૩૦	૨૧.૧૩	૨૦.૨૪	૧૯,૪૫	૨૦.૨૪
કોલ્હાપુર	૨૦.૪૪	૨૦.૩૬	૨૧.૨૦	૨૧.૪૩	૨૧.૧૩	૨૧.૩૯	૨૨.૧૦	૨૧.૪૩	૨૧.૪૫	૨૧.૩૩	૨૦.૪૯	૨૦.૧૩	૨૦.૫૫
દિલ્હી	૧૯.૫૮	૧૯.૫૪	૨૦.૫૪	૨૧.૩૪	૨૧.૧૩	૨૧.૫૩	૨૨.૨૯	૨૧.૫૯	૨૧.૪૮	૨૧.૨૦	૨૦.૨૪	૧૯.૩૯	૨૦.૧૧
કોલકાતા	૧૯.૨૯	૧૯.૨૩	૨૦.૧૫	૨૦.૪૬	૨૦.૨૦	૨૦.૫૨	૨૧.૨૬	૨૧.૩૯	૨૦.૫૪	૨૦.૩૫	૧૯.૪૫	૧૯.૪	૧૯.૪૧
બેંગલોર	૨૦.૩૮	૨૦.૨૯	૨૧.૯	૨૧.૨૮	૨૦.૫૫	૨૧.૧૭	૨૧.૪૭	૨૧.૨૧	૨૧.૨૭	૨૧.૨૦	૨૦.૩૮	૨૦.૬	૨૦.૫૦
હૈદ્રાબાદ	૨૦.૨૪	૨૦.૧૬	૨૧.૧	૨૧.૨૬	૨૦.૫૬	૨૧.૨૨	૨૧.૫૪	૨૧.૨૭	૨૧.૨૮	૨૧.૧૬	૨૦.૩૦	૧૯.૫૫	૨૦.૩૬
અજમેર	૨૦.૧૬	૨૦.૧૧	૨૧.૭	૨૧.૪૪	૨૧.૨૧	૨૧.૫૮	૨૨.૩૪	૨૨.૪	૨૧.૫૫	૨૧.૩૦	૨૦.૩૭	૧૯.૫૪	૨૦.૨૮
ચેન્નાઈ	૨૦.૨૭	૨૦.૧૮	૨૦.૫૮	૨૧.૧૭	૨૦.૪૪	૨૧.૬	૨૧.૩૬	૨૧.૫૫	૨૧.૧૬	૨૧.૯	૨૦.૨૭	૧૯.૫૪	૨૦.૩૮
જેસલમેર	૨૦.૩૦	૨૦.૨૫	૨૧.૨૨	૨૨.૨૦	૨૧.૩૭	૨૨.૧૫	૨૨.૫૦	૨૨.૨૦	૨૨.૧૧	૨૧.૪૬	૨૦.૫૨	૨૦.૮	૨૦.૪૨
જયપુર	૨૦.૭	૨૦.૫	૨૧.૨	૨૧.૩૯	૨૧.૧૭	૨૧.૫૫	૨૨.૩૦	૨૨.૦	૨૧.૫૧	૨૧.૨૬	૨૦.૩૨	૧૯.૪૮	૨૦.૨૨


અમાસ

માસ	તારીખ	વાર	માસ	તારીખ	વાર	માસ	તારીખ	વાર
કારતક	૨૦-૧૧-૨૫	ગુરુ	વૈશાખ	૧૬-૦૫-૨૬	શનિ	આશ્વિન	૦૮-૧૧-૨૬	રવિ
માર્ગશીર્ષ	૧૯-૧૨-૨૫	શુક્ર	અ.જ્યેષ્ઠ	૧૪-૦૬-૨૬	રવિ	કારતક	૦૮-૧૨-૨૬	મંગળ
પોષ	૧૮-૦૧-૨૬	રવિ	જ્યેષ્ઠ	૧૪-૦૭-૨૬	મંગળ	માર્ગશીર્ષ	૦૭-૦૧-૨૭	ગુરુ
માઘ	૧૭-૦૨-૨૬	મંગળ	અષાઢ	૧૨-૦૮-૨૬	બુધ	પોષ	૦૬-૦૨-૨૭	શનિ
ફાગણ	૧૯-૦૩-૨૬	ગુરુ	શ્રાવણ	૧૦-૦૯-૨૬	ગુરુ	માઘ	૦૭-૦૩-૨૭	રવિ
ચૈત્ર	૧૭-૦૪-૨૬	શુક્ર	ભાદ્રપદ	૧૦-૧૦-૨૬	શનિ	ફાગણ	૦૭-૦૪-૨૭	મંગળ

વિક્રમ સંવત ૨૦૮૨ 'પિંગલનામ સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

કન્યા રાશિ (પ,ઠ,ણ)





કન્યા રાશિ રાશિચક્રની છઠ્ઠી રાશિ છે. જેના રાશ્યાધિપતિ બુધ છે. પૃથ્વીતત્વ, દ્વિસ્વભાવ વાળી રાશિ છે. કન્યા રાશિની રાશ્યાકૃતિ એક કન્યા છે. સ્ત્રી જાતિની રાશિ છે. ઉતરાફાલ્ગુની નક્ષત્રના ત્રણ ચરણ, હસ્તના ચાર અને ચિત્રાના બે ચરણ સમાયેલ છે.આ રાશિના વ્યક્તિઓ કલાપ્રિય, આત્મવિશ્વાસ થી ભરપુર હોય છે. ગ્રીન કલર લક્કી હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેશભુવનમાં શુક્ર બીરાજેલ છે. આપના દેશભુવનનો સ્વામી આપના રાશિયાધિપક બુધ આપના બીજા સ્થાને બીરાજે છે. જે ચંદ્ર, સૂર્ય અને મંગળની યુતિમાં છે.આપના ત્રીજ સ્થાનનો સ્વામી શુક્ર પ્રથમ સ્થાને બીરાજે છે.આપના ત્રીજા સ્થાને અને ચોથા સ્થાને કોઈ ગ્રહ નથી.આપના ત્રીજા સ્થાનનો સ્વામી મંગળ જે આપને આયુષ્યસ્થાનનો સ્વામી છે તે આપના બીજા સ્થાને સૂર્ય, ચંદ્ર અને બુધ સાથે યુતિમાં છે. ચોથા સ્થાનનો સ્વામી જે સપ્તમ સ્થાનનો સ્વામી પણ છે. તે લાભ સ્થાને ઉચ્ચનો થઈને બીરાજેલ છે. આપના પંચમ સ્થાનમાં પ્લુટો બીરાજેલ છે. આપના પંચમ સ્થાનનો સ્વામી જે આપના શત્રુસ્થાન અને વિદ્યાભુવનનો સ્વામી આપના સપ્તમ સ્થાને નેપ્યુનની યુતિમાં છે. આપના ભાગીદારી સ્થાને શનિદેવ અહને નેપ્યુન બીરાજે છે.આપના ભાગીદારી સ્થાનો સ્વામી ગુરૂ ઉચ્ચનો થઈને લાભ સ્થાનને શોભાવે છે.આપના આયુષ્ય સ્થાનમાં કોઈ જ ગ્રહ વર્ષારંભે નથી. આયુષ્ય સ્થાનનો સ્વામી મંગળ બીજા સ્થાને સૂર્ય, ચંદ્ર-બુધની યુતિમાં છે. આપના ભાગ્યભુવનમાં હર્ષલ બીરાજે છે. ભાગ્યભુવનનો સ્વામી દેહભુવનમાં બીરાજેલ છે. જે ધનસ્થાનનો સ્વામી છે. આપના કર્મસ્થાનમાં કોઈ જ ગ્રહ નથી આપના કર્મસ્થાનનલ સ્વામી બુધ આપના લાભ સ્થાનનો સ્વામી ચંદ્ર અને વ્યય સ્થાનનો સ્વામી સુર્ય યુતિ કરીને મંગળ સાથે બીજા સ્થાને છે જ્યારે લાભ સ્થાનમાં ઉચ્ચનો ગુરૂ અને વ્યય સ્થાને કેતુ બીરાજે છે.

નવા વર્ષ માટે આપનું કાર્ડ છે 'ધ મૂન એટલે ચંદ્રમાં ચંદ્રને જેમ ઘણા તબક્કાઓ હોય છે. જેને આપણે મૂન ફેઝ કહીએ છે તેમ જ વર્ષ દરમ્યાન આપના જીવનમાં ઉતાર ચડાવના અનેક તબક્કાઓ આવશે. આ કાર્ડ સમય સૂચકતાનું કાર્ડ છે. આપને અગાવથી ઈન્ચ્યુએશન મલશે સારા નરસાની જેને તમારે તમારા મનની શક્તિ થી ઓળખવુ પડે. આ કાર્ડ ભ્રમણ ગેરસમજને દર્શાવે છે. આપ સત્યને સ્વીકારી ન શકો તેવું પણ બને તો આપને વર્ષ દરમ્યાન આપના જ મન નું સાંભળવાની સહાલ છે. ચંદ્ર મનનો કારક છે.દરેક જગ્યાએ બુધ્ધિથી કામ ન લેવું મન એકવાર કોઈ કાર્ય માટે ન માને તો તે બીલકૂલ કરવા માટે વિચારવું નહીં.

આપનું મન આપના ફાયદામાં ૮ આપને સૂચનો આપશે. જેને આપ અવગણશો નહિં. આ કાર્ડ આપને વર્ષ દરમિયાન આપને મનગમતી વ્યકિતની મુલાકાત કરાવશે.આપની લવ લાઈફ સરસ બનાવશે. ઈન્ચ્યુએશન પર ભરોસો રાખવો.

ધ મૂન કાર્ડ એક શકિતશાળી પ્રતિક છે જે સમય ચક્રેન રોજે રોજ તબકકાવાર ફેરવે છે. દિવસ રાત તડકો છાયો તેને આધિન છે. તેથી આપનું સમજદારી ભર્યુ વર્તન, સમજદાર દ્રષ્ટિકોણ અને મજબૂત અંતઃ પ્રેરણા એટલે કે ઈન્ચ્યુએશન, સેંન્સને મજબૂત કરવી. તેના મુજબ ચાલવું, કારણ વગરનો વ્યર્થ ભય આપને સતાવે, ચંદ્ર, રાત્રીનો ૨૧૮૧ છે, જે આપની કોઈ ખરાબ શકિતઓથી બચાવે.

વર્ષ દરમિયાન આપને વિદેશ કે દરિયાકિનારાની રહેતતા મિત્રોથી લાભ રહે. શેરબજારમાં રોકાણ કરતા ખૂબ જ ધ્યાન રાખવું આપ રીસ્ક લઈ શકો નૂકશાન ખમી શકો તેનો વિચાર પશેલા કરવો, બાકી આ વર્ષે નુકશાન ખમી શકો તેનો વિચાર પહેલા કરવો. બાકી આ વર્ષે નુકશાન બતાવે છે.વિદ્યાર્થીઓ અભ્યાસમાં અડચણો આવે.

વર્ષ દરમિયાન આપને મેડિટેશન કરવાની ખાસ સલાહ છે. જેનાથી આપનું મન મજબૂત થશે અને આપ આપન મનની અંદરથી સાંભળી શકશો. કોઈને પણ વ્હાઈટ કરલની ચીજ વસ્તુ આપના હાથેથી આપવી નહિં કાગળ કે ફાઈલની ચીજવસ્તુ આપના આથેથી આપવી નહિ કાગળ કે ફાઈલ દેવા હોય તો ઉપર નીચે બીજા કલરના કવરથી કવર કરીને આપશું

અપરણિતોને માટે:અપરણિત યુવાન-યુવક-યુવતિઓને માટે વિક્રમનું નવું વર્ષ સારું રહેવાનું છે. આપના વડિલોની તનતોડ મહેનત રંગ લાવશે. આપનો હસમુખો અને મિતભાષી સ્વભાવ આપને લાભ અપાવશે. આપને આપનું મનપસંદ પાત્ર મળવાનું છે. આપના મોસાળ પક્ષેથી આપને લાભ રહેશે. લવ મેરેજમાં પણ આપણે વર્ષ દરમિયાન સફળતા બતાવે છે. લગ્ન કે ભાઈ-બહેનોનો સહકાર સારો રહેવાનો છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ:સ્વાસ્થ્યની બાબતે વિક્રમનું નવું વર્ષ આપના માટે મિત્ર ફળ વાળું રહેવાનું છે. ઠંડા પિણા અને આઈસ્ક્રીમથી જેટલું બને તેટલું દૂર રહેવું. વર્ષ દરમિયાન આપના માનસિક ટેન્શનનો દૂર થવાના છે. આપના પારિવારિક પ્રશ્નોનું અમુક અંશે નિરાકરણ થવાનું છે. જેથી આપનું સ્વાસ્થ્ય સુધરશે. આપના હાથે દાન પુણ્ય કે કોઈ શુક કાર્ય કરવું અને કોઈપણ જાતની અંધશ્રધ્ધાથી દૂર રહેવું. જેથી આપનું આત્મબળ વધે. આપને જો ડાયાબિટિશ હોય તો થોડા સમયના અંતરે ચેકઅપ કરાવવાની સલાહ છે. આપને વર્ષ દરમિયાન કાનનો દુઃખાવો સતાવે તેવી શકયતા છે. અને તે બાબતે બેદરકાર ન બનવું.

સ્થાવર મિલકત બાબતેઃ સ્થાવર મિલકત બાબતે વિક્રમનું નવું વર્ષ આપના માટે રહેવાનુંછે. આપને સંયુકત મિલકતમાંથી સારો ભાગ મળવાનો છે. આપને માતુશ્રીનો સહકાર સારો મળવાનો છે. આપની આપના નામની કોઈ મિલકત ખરીદાવની ઈચ્છા હશે તો તે વર્ષ દરમિયાન ફળવાની છે. આપ આપની ઓફિસ કે ઘરમાં રીનોવેશન કે નવીનીકરણ કરાવવાના છો, કોર્ટ કેસ બાબતે વર્ષારંભે સફળતા મળવાની છે. ભાગીદારી વ્યાપારને માટે આપને કોઈ પણ સ્થાવર મિલકત પર જોખમ ન લેવાની સલાહ છે. લેખિત દસ્તાવેજો બાબતે બે વાર વાંચીને ધ્યાનથી સમજી વિચારીને સલાહ સૂચનો લઈને જ દસ્તાવેજો પર સરહી સિક્કા કરવાની સલાહ છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વ્યાપારીઓને વ્યાપારને માટે આ વર્ષ મહેનત વાળું અને દોડધામ વાળું રહેવાનું છે. આપને યાદ રાખવું કે ''બીઝનેશ ઈઝ લાઈક રાઈડીંગ અ બાયસીકલ'' વ્યાપાર એક સાઈકલ સમાન સમજીને કાર્ય કરવું, જો તેને ચલાવતા ન રહો તો પડી જવાય. તેથી આપને આ વર્ષ દરમિયાન ખૂબ મોટા સાહસ ન કરવા અને એક જ કાર્યમાં સતત કાર્યરત રહેવું. બે નંબરી વ્યાપારથી લાભ રહેશે. આપને આ વર્ષ દરમિયાન પોઝીટીવ એટીટ્યૂટ રાખવાની સલાહ છે. આપને આ ભાગીદારી વ્યવસાયથી લાભ રહેશે, અને આપની વર્ષ દરમિયાન કોઈપણ વ્યકિત સાથે દલીલબાજીથી દૂર રહેવું. ટ્રાવેલ્સ હોટેલ, ગેસ્ટહાઉસ, રેસ્ટોરાંના બીઝનેથી ખૂબ જ સારો લાભ રહેશે. આપને આપના વ્યવસાયમાં આપના જીવનસાથીનો સહકાર સારો મળવાનો છે. ઉધારી ધંધાથી દૂર રહેવું. જામીનગીરીથી દૂર રહેવાની સલાહ છે.

નોકરીયાતોને માટે: વિક્રમનું નવું વર્ષ વધુ મહેનત અને મુશ્કેલીએ સફળતા અપાવશે તેવું વર્ષ રહેશે. આપને નોકરીની નવી ઓફર કરતાં પહેલા એકવાર કે બે વાર નહીં પરંતુ, ૧૦૦ વાર વિચારીને કોઈની સલાહ લઈને ફેરફાર કરવા. આપના ઘરનું ટેન્શન આપની નોકરીના કાર્ય પર હાવી ન થાય તેનું ખાસ ધ્યાન રાખશો. નવા નોકરીયાતોને શરૂઆતમાં ઘણું બધું એડજેસ્ટમેન્ટ કરવું પડશે. વિદેશી કંપનીની નોકરીયાતોને નોકરીમાંથી સારો લાભ મળવાનો છે.

મહિલાઓ માટે: વિક્રમ સવંતનું નવું વર્ષ મહિલાઓને માટે સારું રહેવાનું છે. આપને વર્ષ દરમિયન જીવનસાથી સાથે નાની વાતને મોટું સ્વરૂપ આપીને ઝઘડા ન થાય તેનું ધ્યાન રાખવું. આપને આપની સખી સહેલીઓની વાતમાં આવીને કોઈપણ જાતના નિર્ણયો ન લેવા અને તેમની વાત સાંભળી ન સાંભળી કરવાની સલાહ છે. ભાગીદારી વ્યવસાય કરવા ઈચ્છતા હોવ તો આપને સારી સફળતા મળશે. આપનો સમાજીક પ્રસંગો દરમિયાન કોઈની સાથે મન મુટાવ થાય તેવી શકયતા છે. સંતાનોના અભ્યાસ અંગેની વ્યર્થ ચિંતાઓથી દૂર રહેવું. બી.પી.માં સફળતા મળશે. સગાઈ લગ્ન માટે અનુકુળતાવાળો સમય છે. આપને મનપસંદ પાત્ર મળશે.


વિદ્યાર્થી મિત્રોને માટે: વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમ સવંતનું નવું વર્ષ મિત્ર ફળ વાળું રહેશે. આપનામાં કંઈ જ છે નહિં અને અમુક કાર્ય આપનાથી થવાના જ નથી એવા નિરાશાવાદી વિચારોથી દૂર રહેવું નહીંતર તે આપનામાં રહેલી અથાગ શકિતઓને સમાપ્ત કરી નાખશે. આપના આપના અભ્યાસમાં આપના મોટા ભાઈઓ-બહેનોનો સહકાર લેવો જોઈએ. કોઈના કહેવાથી કે ચાલુ ટ્રેન્ડ જોઈને નહીં, પરંતુ આપને આપનો મનપસંદ અભ્યાસક્રમને જ સિલેકટ કરવાની સલાહ છે. વર્ષ દરમિયાન આપના થકી આપના વડિલો ગર્વ અનુભવશે અને તેમની પ્રતિષ્ઠા વધવાની છે. આપને વર્ષ દરમિયાન ઈત્તરપ્રવૃતિઓમાં પણ સફળતા મળશે.


કૌટુંબિક બાબતેઃ વિક્રમનું નવું વર્ષ સારૂ રહેશે. આપને માનસિક શાંતિનો અનુભવ થશે પણ પોઝિટિવ વિચાર રાખશો તો જે થાય છે તે સારા માટે એમ વિચારવું. કોઈ લાંબાગાળાના આયોજનો સફળતા પૂર્વક થશે. વડિલોના સ્વાસ્થ્ય અંગે સામાન્ય સમય છે. જીવનસાથીને પ્રગતિકારક સમય છે. સંતાનોની પ્રગતિ થશે. અમુક પ્રશ્નો એવા ઉભા થશે કે તેનો ઉકેલ સમય પર મૂકવાની સલાહ છે, તથી વિચાર વાયુથી દૂર રહેશો. ભાઈ ભાડુ સાથે મતભેદો ઉભા તાય જેથી આપના સ્વાસ્થ્ય પર અસર થાય, પેટને લગતી પિત વાયું રહે.

આર્થિક રીતે: વિક્રમનું નવું વર્ષ ગોચર ગ્રહોનું ફળ નબળું બતાવે છે. આપના જન્મના ગ્રહો પ્રબળ હશે તો જ મુશ્કેલીમાંથી નીકળી શકશો. સ્વાસ્થ્ય અંગે ખર્ચાઓ રહે. જમીન મકાનમાંથી રોકાણમાં લાભ થશે. આપને વર્ષ દરમિયાન યેનકેન પ્રકારે સારો એવો ધન લાભ થશે. આપના સ્વભાવની સ્થિરતા આપને બહુ જ ઉપયોગી થશે તો જીવનમાં થોડી સ્થિરતા અને સંયમ સબ્ર રાખવાની જરૂર છે. આ વર્ષના અંત સુધીનો સમય થોડો મુશ્કેલ રહેશે. ત્યારબાદ પરિસ્થિસ્તિઓ થાળે પડી જશે. ઉધાર નાણાં અંગે ઉતાવળા નિર્ણયો ન લેશો.

નવા વર્ષનો મંત્રઃ એકંદરે આપનું નવું વર્ષ સારૂ રહેશે. જેઓ પોતાની નજર ધરતી પર રાખે છે. તેને ઠોકર લાગતી નથી અને માથુ નમાવીને ચાલનારને ઈશ્વરના આશીર્વાદ પણ મળે છે. આ વર્ષ દરમિયાન આપે નમ્ર બનવાની અભિમાનથી દૂર રહેવાની સલાહ છે. જો કે આ વાત આ જીવનભર ઉપયોગી છે. વ્યક્તિની સફળતા તેના વાણી વર્તન, નમ્રતા પર પણ આધાર રાખે છે. આપને વર્ષ દરમિયાન સંતોષ રાખવાની સલાહ છે. આપની વધુ પડતી મહત્વકાંક્ષાઓ આપને મુશ્કેલીમાં મૂકી શકે છે. જેથી ચેતીને નિર્ણયો લેવા ઉતાવળા ન થવું મતભેદોમાં ઉતરવું નહીં.(૩૮.૨૬)

તુલા રાશિ (ર.ત.)





તુલા રાશિ રાશિચક્રની સાતમી રાશિ છે. તુલા રાશિની રાશ્યાકૃતિ ત્રાજવું છે અને રાશ્યાધિપતિ શુક્ર છે.

તુલા રાશિમાં ચિત્રા નક્ષત્રના બે ચરણ, સ્વાતિના ચાર અને વિશાખાના ત્રણ ચરણ સમાવેશ થાય છે. તુલા રાશિની સંજ્ઞા ચર છે, દિશા પશ્ચિમ છે, વાયુતત્વવાળી રાશિ છે. તુલા રાશિના વ્યકિતઓ તેમની રાજ્યાકૃતિ મુજબ હંમેશા બેલેન્સથી ચાલે છે. સૌદર્ય કલા પ્રત્યે લગાવ હોય છે. પીંક કલર અને વ્હાઈટ કલર તેઓને બહુ જ લાભદાયક રહે છે.

વિક્રમ સંવતના પ્રારંભે દેહભુવનમાં સૂર્ય, બુધ, ચંદ્ર અને મંગળની યુતિ છે. આપના દેહભુવનનો સ્વામી વ્યવસ્થાને બીરાજે છે. આપના બીજા સ્થાનમાં અને ત્રીજા સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. આપના બીજા સ્થાનનો સ્વામી મંગળ પ્રથમ સ્થાને સૂર્ય-ચંદ્ર અને બુધની યુતિમાં છે. ત્રીજા સ્થાનનો સ્વામી કર્મસ્થાને ઉચ્ચ રાશિમાં બીરાજે છે. આપના સુખસ્થાનમાં પ્લુટો બીરાજે છે. પંચમ સ્થાનમાં રાહુ બીરાજેલ છે. સુખસ્થાન અને પંચમ સ્થાનનો સ્વામી શત્રુસ્થાને નેપ્ચ્યુનની યુતિમાં બીરાજેલ છે. શત્રુસ્થાનનો સ્વામી કર્મસ્થાને બીરાજેલ છે. શત્રુસ્થાનમાં ન્યાયાધીશ શનિદેવ અને નેપ્ચ્યુન બીરાજે છે. સપ્તમ ભાવે કોઈ જ ગ્રહ નથી. સપ્તમ સ્થાનનો સ્વામી મંગળ જે બીજા સ્થાનનો સ્વામી પણ છે, તે પ્રથમ સ્થાને સૂર્ય, બુધ અને ચંદ્રની યુતિમાં છે. આપના આયુષ્ય સ્થાનમાં હર્ષલ બીરાજે છે. આપના આયુષ્ય સ્થાનનો સ્વામી વ્યવ સ્થાને બીરાજેલ છે. ભાગ્ય ભુવનમાં કોઈ જ ગ્રહ વર્ષારંભે બીરાજે છે. કર્મસ્થાને ઉચ્ચનો ગુરૂ છે. લાભ સ્થાને કેતુ બીરાજે છે. વ્યય સ્થાને શુક્ર બીરાજેલ છે. આપના ભાગ્યભુવન, કર્મસ્થાન, લાભસ્થાન અને વ્યય સ્થાનના સ્વામી બુધ, ચંદ્ર, સૂર્ય જે મંગળની યુતિમાં બીરાજેલ છે. આપના વ્યય સ્થાનનો સ્વામી પણ બુધ જ છે. જે પ્રથમ સ્થાને બીરાજેલ છે.

નવા વર્ષની નવી શરૂઆત નવી સોનેરી સવાર આપને ખૂબ જ શુભદાયક ફળદાયક નિવડે તેવી શુભકામના સાથે આગળ વધીએ ગ્રહોની પરિસ્થિતિઓ તો જોશુ જ પણ સાથે સાથે આપને ટેરોટ કાર્ડ મુજબ 'નાઈન ઓફ કપ્સ' નામક કાર્ડ મલે છે.

'નાઈન ઓફ કપ્સ' જેને વીશીંગ કાર્ડ કહેવાય છે, મતલબ કે આપની તમામ ઈચ્છા પૂર્ણ કરનાર કાર્ડ પણ સાથે તે પણ એટલુ મહત્વનું છે કે આપ તેનો ઉપયોગ કેવી રીતે કરો છો. વર્ષ દરમ્યાન ઘણા સારા અનુભવો અને પ્રોસપેરીટી, પર્સનલ પ્રોગ્રેસ, સેટીસ્ફેશન મલવાનું છે.

વર્ષ દરમ્યાન આપને હાથ પર અનેક સારી તકો આવવાની છે જેને આપ કેવી રીતે અને કયારે ઝડપો છો તેના પર વધુ આધાર રાખે છે. કોઈ પણ સ્થીતીમાં આપને મનમાં આનંદ અને પોઝીટીવ રહેવા પર ફોકસ કરવાનું છે, તો જ નાઈન કપ્સ, નવ કપ આપના માટે સરપ્રાઈઝ લાવશે. તેને આપ સ્વીકારી શકશો, તો પોઝીટીવીટી અને જોયફુલ નેસ ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે.

નાણાકીય બાબતે આપનું વર્ષ ખૂબ જ સરસ રહેશે. કોઈ જૂના ફસાયેલ નાણા છૂટા થશે. મિલ્કતથી લાભ થશે. નોકરી વ્યાપારમાં આર્થિક લાભ પ્રમોશનથી લાઈફમાં આનંદ રહેશે. કોઈ ચોક્કસ કાર્ય માટે આપને સારૂ એવું ઈનામ, બોનસ મલે તેવું સૂચન કરે છે.

આ બધા જ લાભો સાથે આપને મટીરીયાલીસ્ટીકની સાથે આપનો સ્પીરીચ્યુલ ગ્રોથ કરવાનો રહેશે બાકી આપ વસ્તુ પૈસાના ભોગમાં ખોવાય જશો તો મોટા લાભોને સમય સર જોઈ નહી શકો અને મોટી તકને જતી કરશે. પૈસાની સાથે કોઈ ડીલ કરવી પણ પહેલા આપની અંદરની મનની વાત સાંભળીને આગળ વધવું.

વર્ષને વધુ સરસ બનાવવા માટે આપને ૐના ઉચ્ચારનું ધ્યાન કરવું તે પણ નિયમિત તમારી સમય અનુકુળતા મુજબ, વર્ષ શુભ જાય તેવી શેભેચ્છા.

અપરણિતો માટેઃ

અપરણિત યુવાન-યુવક-યુવતીઓને માટે સગાઈ-લગ્ન માટે વિક્રમનુ વનું વર્ષ પ્રબળ લગ્નયોગ વાળુ રહેવાનું છે. આપના વડિલોની મહેનત રંગ લાવશે, આપનો સ્વભાવ આપનો હસમુખો ચેહરો આપને લાભ આપશે, આપને માટે વર્ષના મધ્ય પછીનો સમય વધુ સારો રહેવાનો છે જેને પ્રબળ યોગ વાળો સમય કહી શકાય. વર્ષ દરમ્યાન સારી એવી ભાગ્યોદયની તક પ્રાપ્ત થવાની છે. મોસાળ પક્ષેથી કોઈ સગાઈ લગ્ન માટે માંગુ લઈને આવે અથવા તેઓ બતાવે. વર્ષ દરમ્યાન રોમાન્સ કરનારાઓ એ ઉતાવળા પગલા ન લેવા.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએઃ

વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. તબીયત જાળવવા માટે ખાવાપિવા અને વ્યવહાર અગત્યનો ભાગ ભજવે છે તેને આપને આ બાબતે ધ્યાન રાખવું. આપને શરદી સળેખમ જેવા ગળાને લગતી વ્યાધિઓ ઉદભવે. હાથ, પગ, સ્નાયુમાં કળતર વગેરે રહે. આપને વર્ષ દરમ્યાન ગુસ્સાને કાબુમાં રાખવાની સલાહ છે. આપના ગુસ્સાને લઈને માનસિક ચિંતા કે બેચેની ઉદભવે વર્ષ દરમ્યાન ચક્ષુઓની કાળજી લેવી. આપની આધ્યાત્મિક શકિતઓના કારણે અનેક નાની મોટી બિમારીઓ દૂર થશે અને તેમાંથી જલ્દીથી શાંતિ પણ મલી જવાની છે. આપનું આરોગ્ય વર્ષ દરમ્યાન સુધરતુ જણાશે. કુટુંબના સભ્યોને લઈને કોઈ ચિંતા રહે પણ યાદ રાખવું કે ચિંતા કોઈપણ પ્રશ્નનું સોલ્યુશન નથી તે ફકત સ્વાસ્થ્ય જ બગાડે છે.

સ્થાવર મિલ્કતની દ્રષ્ટિએઃ

સ્થાવર મિલ્કતની દ્રષ્ટિએ નવું વર્ષ આપના માટે મધ્યમ રહેવાનું છે. આપને આ વર્ષ દરમ્યાન જમીન મકાનના વેચાણ કે ખરીદી માટે વર્ષાન્તનો સમય બહુ જ સારો રહેશે. આપને જમીન મકાનના પ્રશ્નોમાં ઉતાવળથી ખરીદી કે વેચાણના નિર્ણયો ન લેવા. વિલવારસાના પ્રશ્નો વર્ષ દરમ્યાન હલ થતો જણાશે. આપને વર્ષ દરમ્યાન મિલ્કત-ખેતર-જમીન-મકાન વગેરેમાં કોઈ મોટો ફેરફાર થાય તેવી સંભાવના વર્ષ દરમ્યાન દેખાતી નથી. હા પણ મકાન ઓફીસમાં રીનોવેશન કરાવવાની ઈચ્છા જરૂરથી પૂરી થવાની છે અને આપને આપનું સુંદર મજાનું સ્વપ્ન ઘર જોવા મલશે. સંયુકત પરિવારની મિલ્કત માટે માતુશ્રીનો સહકાર સારો મલવાનો છે. આપ વર્ષ દરમ્યાન કોઈ પણ સ્થાવર મિલ્કત પર જોખમ ન લેવાની સલાહ છે. સ્થાવર મિલ્કતને લગતા પ્રશ્નોમાં વડિલોની સલાહ ઉપયોગી થવાની છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ

વ્યાપારી ભાઈઓને માટે આ વર્ષ સામાન્ય રહેશે, જે નહી નફો નહી નુકશાન વાળું. આપને આપના કુટુંબના પરંપરાના વ્યવસાયથી લાભ રહેશે. આપને આપના વડિલો સૂચનો તેમની સલાહથી વ્યાપારમાં ઉપયોગી સાબિત થશે. આપને આપના સ્વભાવમાં થોડા ચેન્જીસ લાવવાના છે જેનાથી આપનું મન શાંત રહેશે. જમીન મકાનના બ્રોકરોને વર્ષ દરમ્યાન બહુ જ સારો લાભ મલશે. ભાગીદારી ધંધામાં આપને ભાગીદારોનો સહકાર સારો રહેશે. આપને આપની મહેનત અને ઈન્વેસ્ટમેન્ટ રંગ લાવતા દેખાશે. આપના સંતાનોની સાથે વ્યાપારની બાબતે મતભેદો ઉભા થાય. વર્ષ દરમ્યાન આપ લાલચમાં આવીને ખોટા નિર્ણયો અને ખોટુ કાર્ય ન કરી બેસો તેનું ધ્યાન રાખવું. આપ જો વ્યાપારની સાથે સાઈડમાં નોકરી કરવા ઈચ્છતા હશો તો આપને આ વર્ષ મજા નહી આવે. વ્યાપારમાં વિક્રમના નવા વર્ષમાં આપ નવા પ્લાનિંગ નવું મેનેજમેન્ટ અને નવી યોજનાઓને અમલમાં મૂકી શકવાના છો. આપના જન્મના ગ્રહો જો સાથ આપશે તો આપને વિદેશથી ભાગ્યોદયની તક પ્રાપ્ત થશે.

નોકરીયાતોને નોકરી માટે નબળો સમય પુરવાર થશે. આપને વર્ષ દરમ્યાન બહુ લાભ મલશે નહી. આપને વર્ષ દરમ્યાન જીભ ઉપર કાબુ રાખવાની સલાહ છે. મુખ મ્યાનમાં રહેતી જીભ બે ધારી તલવાર છે. એ સંબંધો જોડી શકે છે તેમજ તોડી પણ શકે છે. કોઈને ઘાયલ કરે છે તો કોઈના ઘા રૂઝાવે છે. જીભ છે તો નાની પણ તેના ઉપર કાબુ રાખવો બહુ જ અઘરો છે અને આ કાર્ય કરનાર એટલા અંશે જીંદગી જીતી શકે છે. આપ ઉપરી અધિકારીની વાતોમાં હા પાડતા શીખી લો. ઓફિસના અગત્યના અને તમને સોંપેલ ડોકયુમેન્ટસનું ખાસ ધ્યાન રાખવાની સલાહ છે.

મહિલાઓને માટેઃ

મહિલા વર્ગ માટે વિક્રમ સંવતનું નવું વર્ષ સારૂ જવાનું છે. આપ કૌટુંબિક બજેટ બનાવવામાં સફળ થવાના છો, અને ઘરના દરેક સભ્યોની ફરમાઈશ પણ પૂરી કરી શકશો. આપને માટે આ વર્ષ આનંદ દાયક સાબિત થવાનું છે. વર્ષ દરમ્યાન આપની ધાર્મિકયાત્રા કે કોઈ ધાર્મિક યજ્ઞ, હવન, જાપ વગેરેની ઈચ્છા પૂર્ણ થવાની છે. આપને વાહન ચલાવતા કે રસોઈ વખતે નાની એવી ઈજાઓ બાબતે સાવધાન રહેવાની ખાસ સલાહ છે. આપના સંતાનો કે પરિવારજનો આપને કોઈ યાદગાર ભેટ આપે. આપને વર્ષ દરમ્યાન પેટને લગતી પરેશાની પરેશાન કરે. આપના સંતાનોની સારી પ્રગતિ થવાની છે. નોકરીયાત મહિલાઓને નાની એવી મુસાફરીના યોગ છે. આપના દામ્પત્ય જીવનમાં આનંદ, કિલ્લોલ અને શાંતિ આપની રાહ જૂએ છે વર્ષ દરમ્યાન.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ

વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમસંવતનું નવું વર્ષ સામાન્ય રહેશે. વર્ષ દરમ્યાન આપને સારા પરિણામને માટે સખત પરિશ્રમ કરવો પડશે. શાળા કોલેજની હરિહાઈમાં આપને ઈનામ મલે તેવી શકયતાઓ છે. વર્ષની શરૂઆતના પાંચ-છ મહિના આપને આપના અભ્યાસ બાબતે સખત મહેનત કરવાની છે. ખોટી સોબત, ટી.વી., ટેપ, સિનેમા વ્યસની મિત્રો વગેરેથી દૂર રહેવાની સલાહ છે. ઉચ્ચ અભ્યાસ પૂરૂ કરેલા વિદ્યાર્થીઓને સારી નોકરી મેળવવામાં સફળતા મળશે. વિજ્ઞાન ક્ષેત્રે ભણતા વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન સારી સફળતા મલશે. આપને આપના વડિલોનો સહકાર સારો રહેવાનો છે.

કૌટુંબિક બાબતેઃ

કૌટુંબિક બાબતે આપનો સમય નબળો રહેશે. આપને કુટુંબમાં વિભાજનની શકયતા છે. આપને માનસિક તનાવ રહેશે. જીવનસાથી સાથે મતભેદો રહે. અપરણિત યુવાન-યુવતિઓને સગાઈ લગ્નના કાર્યો ટાળવાની સલાહ છે. સંતાનો અંગે શુભ સમાચાર મલશે. સંતાનોની પ્રગતિ રહે. વિદેશ વસતા મિત્રો સગાસંબંધીઓથી લાભ મુલાકાત રહે. ભાઈબહેનોના સહકાર સારો મલશે. આપના હિતશત્રુઓને પછડાટ આપવામાં આપ સફળ થશો. આધ્યામિક ક્ષેત્રે સારી પ્રગતિ કરવાના છો. જીવનમાં ઉત્સાહ ઉલ્લાસ જાળવી રાખવો. કોઈ પણ કાર્ય કરવા બાબતે આળસ કે કામચોરી ન કરવાની ખાસ સલાહ છે.


આર્થિક બાબતેઃ


આર્થિક બાબતે વર્ષ સારૂં રહેશે. ધનલાભ અચૂક થશે. નોકરીમાં પ્રમોશન, ટ્રાન્સફર થાય અને તેનાથી સેલેરીમાં વધારો થાય નવી નોકરીથી પણ ધન લાભ થવાના ચાન્સીસ છે આપને મનગમતુ વ્યવસાય કે નોકરી મલે પણ કાર્યભાર વધુ રહે. અગાવ કહયુ તેમ કાર્યમાં કામચોરી આળસ કરવી નહી. ભાગીદારી વ્યવસાય ટાળવો નવી ભાગીદારી કરવી નહી અને ચાલુ ભાગીદારીમાં નાણા વ્યવ થશે, તો સાઈડમાં બીજો વ્યવસાય કે નોકરી કરવાની સલાહ છે. ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યવસાયથી લાભ પણ અડચણો આવતા રહે. કૌટુંબિક પ્રશ્નોના લીધે આપ આર્થિક બાબતે ધ્યાન આપી ન શકો સરખુ કોન્સન્ટ્રેશન ન થવાથી થોડી તકલીફો રહેશે.

નવા વર્ષનો મંત્રઃ

નવા વર્ષનો મંત્ર આપના માટે બહુ મોટીવેશનલ છે. આપને આપની લાઈફને ચિંતા વગર જીવવાની છે. લાઈફમાં સ્ટ્રગલ તો રહેશે, પરંતુ તે મુશ્કેલીઓને આનંદથી હિંમતથી લેવાની છે. કુદરતે દરેક વ્યકિતને કંઈકને કંઈક કલા નવીનતા સાથે બનાવ્યા છે. તો તેને ઉજાગર કરવાની છે. વર્ષ દરમ્યાન આપનુ મન નિરાશા તરફ જાય તો પણ પોઝીટીવીલી લઈને જીવવાની સલાહ છે. જીવનનો એક પળ પણ ન વ્યર્થ જવા ન દો. તમે તમારી પ્રચંડ શકિતને રસથી લાઈફ જીવો તેવી સલાહ છે. 'સ્ટોપ એકઝીસટીંગ સ્ટાર્ટ લીવીંગ'.

વૃશ્ચિક રાશિ (ન.ય.)





રાશિચક્રની સાતમી રાશિ છે વૃશ્ચિક રાશિ, જેની રાશ્યાકૃતિ છે. વિંછી. રાશ્યાધિપતિ મંગળ છે. વૃશ્ચિક રાશિમાં વિશાખા નક્ષત્રના એક ચરણ, અનુરાધાના ચાર અને જયેઠ નક્ષત્રના ચાર ચરણ સમાયેલ છે. વૃશ્ચિક રાશિની દિશા ઉત્તર છે. વૃશ્ચિક રાશિ જલતત્વવાળી રાશિ છે. સંસાર સ્થિર છે. સ્વાભાવે વ્યકિત જીદી, ડીસીપ્લીનવાળા હોય છે. રેડ, પીંક અને બ્રાઉનના ડાર્ક શેડસ લક્કી છે.

વિક્રમ સંવતના પ્રારંભે પ્રથમ સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. જે શત્રુ સ્થાનનો સ્વામી પણ છે, જે આપના વ્યય સ્થાનમાં સૂર્ય, ચંદ્ર અને બુધની યુતિમાં છે. જે આપના રાશ્યાધિપતિ પણ છે. બીજા સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આપના બીજા સ્થાનનો સ્વામી આપના પંચમ સ્થાનનો સ્વામી છે તે ભાગ્યભુવનમાં ઉચ્ચના થઈને બીરાજેલ છે. ત્રીજા સ્થાને પ્લુટો બીરાજે છે. ત્રીજા સ્થાનનો સ્વામી જે આપના ચોથા સ્થાનનો સ્વામી પણ છે તે આપના પંચમ સ્થાનમાં નેપ્ચ્યુનની યુતિમાં છે. આપના સુખ સ્થાને રાહુ બીરાજેલ છે. આપના વિદ્યાભુવન શનિ, નેપ્ચ્યુનની યુતિ છે. આપના વિદ્યાભુવનનો સ્વામી જે બીજા સ્થાનનો સ્વામી છે તે ભાગ્યભુવનમાં બીરાજેલ છે. શત્રુસ્થાને કોઈ જ ગ્રહ નથી. વ્યય સ્થાનમાં સૂર્ય - ચંદ્ર અને બુધની યુતિમાં શત્રુસ્થાનમાં બીરાજેલ છે. સાતમ સ્થાનમાં હર્ષલ છે. સપ્તમ સ્થાનનો સ્વામી શુક્ર જે આપના લાભ સ્થાને બીરાજેલ છે. આપના આયુષ્ય સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. આપના આયુષ્ય સ્થાનનો સ્વામી જે સૂર્ય, ચંદ્ર અને મંગળની યુતિમાં વ્યય સ્થાને બીરાજેલ છે. આપના ભાગ્યભુવનમાં ઉચ્ચનો ગુરૂ છે. આપના કર્મસ્થાને કેતુ બીરાજેલ છે. લાભ સ્થાને શુક્ર બીરાજેલ છે. ભાગ્ય ભુવન, કર્મસ્થાન કેતુ બીરાજેલ છે. લાભ સ્થાને શુક્ર બીરાજેલ છે. ભાગ્ય ભુવન, કર્મસ્થાન અને લાભસ્થાનનો સ્વામી ચંદ્ર, સૂર્ય અને બુધની યુતિ મંગળ સાથે વ્યય સ્થાને છે. વ્યય સ્થાને સૂર્ય ચંદ્ર, મંગળ અને બુધ બીરાજેલ છે. આપના વ્યય સ્થાનનો સ્વામી શુક્ર લાભ સ્થાને બીરાજેલ છે.

આપની રાશિમાં ધ ટેમ્પરન્સ કાર્ડ આવેલ છે. જે ખૂબ જ શુભ પોઝીટીવ કાર્ડ આવેલ છે. આપને આપના જીવનના લક્ષ્ય તરફ આગળ વધવા પ્રેરણા મલતી રહેશે. વર્ષ દરમ્યાન આપને દરેક નિર્ણયો, ઉભા થતા પ્રશ્નો અને અડચણોને શાંતિપૂર્વક હેન્ડલ કરવાનો નિર્દેશ કરે છે.

લગ્નઈચ્છુકોને આ વર્ષ દરમ્યાન ચોક્કસ પણ યોગ્ય લાગણીશિલ અને આપના બાબતે પ્રતિબધ્ધતા ધરાવનાર વ્યકિતને મેળવશે. આ કાર્ડ આપની ન્યાયપ્રિયતાને ખુબ જ આદર અપાવે અને સાથે આપને થોડી તકલીફ પણ થશે પણ પાર પાડવા માટે હિંમત મલશે. આપના આત્મવિશ્વાસમાં વધારો કરશે. આપના સ્વાસ્થ્યમાં સુધારો લાવશે.

આ કાર્ડ આપના જીવન માટે મહત્વનું સાબિત થશે. આપના જીવનમાં સંતુલન, મધ્યસ્થતા અને સંવાદિતાને પ્રોત્સાહિત કરશે. આપને આસપાસના વાતાવરણમાં સમાજમાં દુનિયામાં સંતુલન સુગમતા અને સુમેળ કેવી રીતે જાળવવું તે શીખવાડી જશે. આપના મૂલ્ય અને નૈતિક સિધ્ધાંતોને મજબુત બનાવશે.

વર્ષ દરમ્યાન દરેક પરિસ્થિતિનો સામનો શાંતચિતે સ્વસ્થ મનથી દરેક પરિસ્થિતિને અનુકૂલન કરવાનું શીખવે છે. આ કાર્ડ વર્ષ દરમ્યાન કોઈ પણ બાબતે ઉતાવળ ન કરવાનું સૂચન કરે છે અને પોતાનુ આત્મનિરિક્ષણ કરવાનુ સૂચવે છે.

એમ કહી શકાય કે જે સહન કરી શકે તે જ સફળતા પામી શકે છે. સાંઈબાબાના બે શબ્દો વર્ષ દરમ્યાન આપના માટે જીવન મંત્ર બનશે શ્રધ્ધા અને સબૂરી.

આ વર્ષને વધુને વધુ સરસ બનાવવા માટે આપે આપના ઈષ્ટદેવની દેવી, કુળદેવી માં નું રોજ નિયમિતપૂર્વક કોઈ એક ચોક્કસ સમયે ધ્યાન ધરવું.

અપરણિતોને માટે :- અપરણિત યુવાન યુવક યુવતિઓને માટે વિક્રમના નવા વર્ષનાં પ્રારંભના ગ્રહો - નબળુ સૂચન કરે છે. બધી જ વાત પાકી થઈ જાય અને અંતે ના આવીને ઉભી રહે, બધુ બરાબર જ હોય તેમ લાગે પણ છેલ્લી ઘડીએ ના આવીને ઉભી રહે, બધુ બરાબર ન હોય તેમ લાગે પણ છેલ્લી ઘડીએ ના આવીને ઉભી થાય તેની આપને વર્ષાત થી પ્રયત્નો કરવાની સલાહ છે. નબળી વિચારધારાથી દૂર રહેવાની સલાહ છે. આપને જો વર્ષની શરૂઆતથી પ્રયત્નો કરશો તો માત્રને માત્ર નિરાશા હાથ લાગશે, તો ખોટા સમયે મહેનત ન કરવાની સલાહ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ : સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો આપને માટે સારા રહેવાના છે. આપને આળી પ્રકૃતિથી દૂર રહેવાની સલાહ છે. ખાવાપિવામાં શકય હોય તેટલી કાળજી રાખવી. શરદી, સળેખમ, કફ પરેશાન કરે. આપને આપની જીભ પર દરેક રીતે કાબુ રાખવાનો છે. પેટમાં વાયુની બિમારીથી પરેશાન રહેવાના છો. ડાયાબિટિશના દર્દીઓએ ખાવાપિવામાં ખાસ ધ્યાન રાખવુંફ આ વર્ષ દરમ્યાન મોટી બિમારીને કોઈ જ અવકાશ નથી. પરંતુ સ્વાસ્થ્ય બાબતે જરાપણ બેદરકાર ન બનવું. આપને જો કોઈ પણ જાતનું વ્યસન હોય જેમ કે ગુટખા, પાન, સિગરેટ, તમાકુ, ફાકી વગેરે તો આ સમયમાં તે ટેવને સુધારવા માટે ખુબ જ યોગ્ય સમય છે. આપ આપની કોશીષમાં સફળ થશો.

સ્થાવર મિલ્કત બાબતે : વિક્રમના નવા વર્ષના પ્રારંભે ના ગ્રહો જોતા એમ કહી શકાય કે સ્થાવર મિલ્કત બાબતે વિક્રમનું નવું વર્ષ આપને માટે નબળું રહેવાનું છે અને આ સાથે આપને મુશ્કેલીઓનો પણ સામનો કરવાનો રહેશે. આપને વર્ષ દરમ્યાન જમીન મકાન ઓફિસ ખેતર કે વાડી કોઈપણ સ્થાવર મિલ્કત બાબતે હું તો એમ કહીશ કે વાહનની પણ વેચાણ કે ખરીદીના કાર્યો ન કરવાની સલાહ છે. ઓફિસ વર્કને માટે આપ મશીન, કોમ્પ્યુટર વગેરેની ખરીદી કરી શકશો. જે આપના ઓફીશીયલ વર્ક માટે જરૂરી છે. આપના અગત્યના ડોકયુમેન્ટસની ફેરબદલીની શકયતાઓ નકારી ન શકાય તો આપને ધ્યાન રાખવું.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે : વ્યાપારી વર્ગને માટે વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. આપને આપના કુટુંબના પરંપરાના વ્યવસાયથી લાભ રહેશે. આપને આપના વડિલોના સૂચનથી વ્યાપારમાં લાભ રહેશે. વ્યાપારમાં આપ નવા ખાનગી અને નવું મેનેજમેન્ટ અને નવી યોજનાઓને અમલમાં મુકી શકશો. આપના સંતાનો આપના વ્યવસાયમાં આપને લાભ અપાવશે અને ઉપયોગી સાબિત થશે આપને વધુ પડતી દોડધામ અને ઉજાગરા ન કરવાની સલાહ છે. જમીન મકાનના બ્રોકરોને વર્ષ દરમ્યાન બહુ જ સારા લાભ મલશે. ભાગીદારી ધંધામાં ભાગીદારોનો સહકાર સારો રહેશે. આપ આપના વ્યાપાર સાથે સાઈડ બીઝનેશમાં કોઈ નોકરી પણ કરી શકશો અને આપને તેનાથી સારો લાભ રહેશે. આપને આપના સ્વભાવમાં થોડો ફેરફાર કરવાનો છે જેનાથી આપનું મન શાંત રહેશે.

નોકરીયાત વર્ગને નોકરીમાં મિશ્ર પરિણામોવાળુ વર્ષ રહેવાનુ છે. આપને જો બદલી કે પ્રમોશન મલશે તો પણ આપ તે જગ્યામાં અણગમો મહેસૂસ કરવાના છો. અધિકારીઓ સાથે સુમેળ રાખવુ. સહ કર્મચારીઓનું વલણ અસહકારભર્યુ રહેશે. વર્ષના અંતથી આપની પરિસ્થિતિઓ હળવી થવાની છે. આપને કેટલાક પરિપામ ઉત્સાહવર્ધક, બનશે. વર્ષ દરમ્યાન પગાર વધારો થવાની શકયતાઓ નકારી ન શકાય. આપને પરિસ્થિતીઓને આધિન થઈને નોકરીમાં કોઈ જાતના ફેરફારો ન કરવાની સલાહ છે. આપને વર્ષ દરમ્યાન સારી સારી નોકરીઓની ઓફરો આવશે પણ નિર્ણય લેવા માટે લાંબા ગાળાનો ફાયદો અને મલની સવલતોને ધ્યાનમાં લેવી, પછી જ કોઈ નિર્ણય પર આવવું તેવી સલાહ છે. આપને નોકરીના કાર્યોમાં સાવધાની રાખીને કાર્ય કરવાની સલાહ છે.

મહિલાઓ માટે : મહિલાઓને માટે વિક્રમનું નવુ વર્ષ સારૂ જવાનું છે. આપના માટે આ વર્ષ હર્ષોલ્લાસ વાળું રહેશે. આપ કુટુંબની જવાબદારીઓ બખૂબી નિભાવી શકશો અને આપને આપના કાર્ય માટે પરિવારના સભ્યો તરફથી જશ અને યશની પ્રાપ્તિ થશે. વર્કિંગ વુમનને ઘર અને ઓફિસના કાર્યોમાં બેલેન્સ રાખવા સંઘર્ષ કરવો પડશે. આપનું સ્વાસ્થ્ય નરમ ગરમ રહેશે. આપના દરેક કાર્યો અને દરેક નિર્ણયોમાં આપને જીવનસાથીનો સહકાર સારો રહેશે. આપની નવા ટુ વ્હીલર કે ફોર વ્હીલર ખરીદવાની ઈચ્છા આ વર્ષ દરમ્યાન પૂરી થાય તેવી પૂરેપૂરી શકયતા છે. વર્ષ દરમ્યાન આપને યોગા - મેડિટેશન મોર્નિંગ વોક વગેરે નિયમિતરૂપે કરવાની સલાહ છે.

વિદ્યાર્થી મિત્રોને માટે : વિદ્યાર્થી મિત્રો માટે આ વર્ષ થોડુ નબળું રહેશે. આપ વધુ પડતા આત્મવિશ્વાસને કારણે અભ્યાસમાં પાછળ રહી જાય તેવી શકયતાઓ છે. વાતાવરણના તાબે નહિ થાય તેવી સલાહ છે. આપને યાદ રાખવું કે 'ફૌલો નો વન બટ લર્ન-ફાર્મ એવરીવન એન્ડ નોટ ટુ લીમીટ ધ સ્કોપ ઓફ થીંકીગ ? વિચારોને બહોળો બનાવો. વર્ષ દરમ્યાન પ્લાનિંગ પૂર્વક મહેનત કરવી. પ્લાનિંગ પૂર્વક કરેલ મહેનત અને વર્ષાન્તના ગોચર ગ્રહો આપને ધાર્યુ પરિણામ મેળવવામાં સફળતા અપાવશે. પરિક્ષાના ફોર્મ, ફી, વગેરે માટેની તારીખોનું ખાસ ધ્યાન રાખવું. આપને વધુ પડતા આત્મવિશ્વાસથી દૂર રહેવાની સલાહ છે.

કૌટુંબિક બાબતે :- કૌટુંબિક બાબતે આપનું નવું વર્ષ મધ્યમ રહેશે. આપના કુટુંબના સભ્યોની પ્રગતિ થશે. બાળકોના સંતાનોના કોઈ પ્રશ્નો હશે તો તેનો હલ આવશે. આપને વ્યર્થ ચિંતાઓ છોડવાની ખાસ સલાહ છે. આપ નહિ વિચારો તો કુટુંબને કોઈ ગેરલાભ નહિ થાય. અર્થ, વિચાર, વાયુથી ફકત આપનું સ્વાસ્થ્ય બગડશે, કારણ કે વિચારેલુ કશુ થતુ નથી, થાય છે તો દરેક વ્યકિતના કર્મ અનુસાર જ. જીવન સાથી સાથે મતભેદો ટાળવા તેમનો સહકાર આપને મલશે. આપને વડિલો સાથે ચર્ચા વિચારણામાં ન ઉતરવાની ખાસ સલાહ છે. વિદેશથી લાભ રહે. વિદેશ રહેતા મિત્રો - કુટુંબીજનોની મુલાકાત થાય. ભાઈ-બહેનો સાથે વિચારભેદ રહે. જીભ પર કાબુ રાખવાથી ઘણા પ્રશ્નનો હલ થશે.

આર્થિક બાબતે - આર્થિક બાબતે વિક્રમનું નવું વર્ષ નબળુ રહેશે. આપના ખર્ચામાં વધારો કરશે. વર્ષ દરમ્યાન ધીરજ ખુબ જ મોટો રોલ ભજવશે તો ધીરજ રાખવી. મનને શાંત રાખવું, કોઈની દેખાદેખી ઈર્ષ્યામાં આવીને આંધળૂકિયા ન કરવા, મોટા રોકાણ ન કરવા. આપ જે પણ કરો તે આપના સાહસ - બુધ્ધિથી વિચારીને કરશો તો હાનીથી બચી જશો. વિદેશી કંપનીમાં રોકાણથી લાભ રહેશે. આપની પ્રતિષ્ઠામાં વધારો થશે. આપનું યોગ્ય રોકાણ આપના પરફેકટ સમયે લીધેલ પરફેકટ નિર્ણયો આપનું વર્ષ નક્કી કરશે. ઉધારી ધંધાથી બને ત્યાં સુધી દૂર રહેવું, લેવા અને દેવા બંને બાબતે આપના કપરા સમયમાં આપે અગાવ કરેલ કાર્યો, કર્મો આપની પ્રતિષ્ઠા આપને ખુબ જ ઉપયોગી થશે. આપના જીવન સાથીનો સહકાર આપને સારો મલશે જેનાથી આપ કુટુંબની આર્થિક બાજુને વધુ ને વધુ પ્રબળ બનાવી શકશો.

નવા વર્ષનો મંત્ર - આ વર્ષે આપને આપની મહેનતનું ફળ મલવાનું છે. આપ આપના મનમાં વિચારોના મહેલ બાંધી રાખશો તો નહિ ચાલે. મન ઉપર અનેક જાતના ચિત્રો આકાર લેતા હોય પરંતુ જયાં સુધી ચિત્રકાર હાથમાં પીંછી લઈને કાગળ ઉપર ચિત્ર ન ઉતારે ત્યાં સુધી કલાકારની કોઈ કિંમત નથી. તેવી જ રીતે આપ આપની શકિત અને કલામાં નિપૂણ હશો પણ મહેનત પણ કરવી પડશે. આપને આપની મહેનતને ગેબી શકિતની મદદ મલશે, તો મહેનતને વળગી રહેજો. જીવનમાં આવતા પરિવર્તન ગમે તેવા હોય પણ વ્યકિતને પોતાના પર વિશ્વાસ ન ગુમાવવો અને મહેનત કર્યા કરવી.(૨૩.૧૯)

સંવત ૨૦૮૨ની મકર સંક્રાંતિ તથા તેનું ફળ

સંક્રાંતિનું વાહન વાઘ



સંક્રાંતિનું ઉપવાહન અશ્વ (ઘોડા)

શ્રી ગણેશાય નમઃ સ્વસ્તિ શ્રી વિક્રમાર્ક સંવત ૨૦૮૨ 'પીંગલ' નામ સંવત્સરે અને શાલિવાહન શકે ૧૯૪૭ વિશ્વાવસુઁ નામ સંવત્સરે, ઉત્તરાયણે, શિશિર ઋતૌ, પૌષ માસે કૃષ્ણ પક્ષે અગિયારસ બુધવારના તા. ૧૪-૦૧-૨૦૨૬ના બપોરે ૦૩ક. ૦૮ મિનિટે નિરયન મકર રાશિમાં સૂર્ય પ્રવેશ કરે છે. આ સમયે તિથિ અગિયારસ, નક્ષત્ર અનુરાધા, યોગ ગંડ અને બાલવ કરણ છે.

સંક્રાંતિનો પુણ્યકાળ તા. ૧૪-૦૧-૨૦૨૬, બુધવારના ૧૫ ક. ૦૮ મિ.થી સૂર્યાસ્ત સુધીનો છે.

સંક્રાંતિનું વાહન વગેરેઃ- આ વર્ષે સંક્રાંતિનું વાહન વાઘ છે. ઉપવાહન અશ્વ છે. પીળાં વસ્ત્રો ધારણ કર્યા છે. હાથમાં ગદા છે. કપાળમાં કેશરનું તિલક કરેલ છે. ઉંમરમાં કુમારી છે સ્થિતિ બેઠેલી છે. જાઈનું ફૂલ લીધેલ છે. દૂધપાક ખાય છે. સર્પ જાતિ છે. આભૂષણ મોતીનાં છે. વાર નામઁ મંદાકિનીઁ તથા નક્ષત્ર નામ મંદાકિની છે. સામુદાયિક મુહૂર્ત ૩૦ છે. પૂર્વમાંથી આવી પ?િમમાં જાય છે. તેનું મુખ દક્ષિણમાં અને દૃષ્ટિ વાયવ્યમાં છે.


સંક્રાંતિનું ફળ :- સંક્રાંતિ માટે સામાન્યપણે એમ મનાય છે કે જે જે વસ્તુઓ તથા વ્યક્તિઓ સાથે સંક્રાંતિ સંબંધ ધરાવે છે તે તે વસ્તુઓ મોંઘી થાય છે તથા તેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે.

તે પ્રમાણે વાઘ - અશ્વ વગેરે પશુઓને ત્રાસ થાય. પીળા રંગનાં વસ્ત્રો અને વસ્તુઓ મોંઘાં થાય. કઠોળ-દાળો તેમ જ દૂધની બનાવટો મોંઘી થાય. સોનું-ચાંદી તેમ જ ઝવેરાત મોંઘાં થાય. ગદા જેવાં હથિયારો મોંઘાં તેમ જ મળવા મુશ્કેલ બને.

સંક્રાંતિનું દાનઃ- સંક્રાંતિના પુણ્યકાળે નવાં વાસણો, ગાયોને ઘાસચારો, અનાજ, તલ, ગોળ, તેલ, સોનું, ચાંદી, ભૂમિ, વસ્ત્રો, ઝવેરાત અને પશુઓનું યથાશક્તિ દાન આપવું.

સંક્રાંતિનું કર્તવ્યઃ- સંક્રાંતિના પુણ્યકાળે તલમિશ્રિત જળથી સ્નાન કરવું, તલનું અભ્યંગ શરીર પર લગાડવું. તલનો હોમ કરવો, તલમિશ્રિત પાણી પીવું. તલ ખાવા, તલના લાડવામાં સોના-ચાંદીના સિક્કા મૂકી દાન કરવું. આમ છ પ્રકારે તલનો ઉપયોગ કરી યથાશક્તિ દાન આપવાથી બધાં જ દુઃખનો નાશ થાય છે. આ પુણ્યકાળે વડીલવર્ગ, પિતૃઓને પ્રસન્ન કરવા, ભગવાન શિવજીની વિધિસરની પૂજા કરવી અને સૂર્ય ભગવાનને દૂધનો અભિષેક કરવો.

શ્રી ગણેશાય નમઃ



બ્રહ્માંડમાં ભ્રમણ કરતા ગ્રહો, નક્ષત્રો વગેરેની શુભાશુભ અસરો સમગ્ર સૃષ્ટિમાં પડતી જ રહે છે. કોઈ પણ વ્યકિત તેમાંથી બાકાત નથી રહી શકતી. આજ દુનિયાનો ક્રમ છે. દરેક વ્યકિતએ પોતાના કર્મોના ફળ ભોગવવા જ પડતા હોય છે. વાર્ષિક રાશિફળ માટે ગોચર ગ્રહોનો ઉપયોગ કરેલ છે, પરંતુ વ્યકિતગત ભવિષ્ય જાણવા માટે વ્યકિતગત જન્મના ગ્રહો દ્વારા જ ચોકસાઈપૂર્વક ભવિષ્ય કથન થઈ શકે છે. અહી આપની રાશિ પ્રમાણે રાશિવાર વાર્ષિક ભવિષ્ય આપેલ છે. અહી આપેલ વાર્ષિક રાશિ ભવિષ્ય આપને વર્ષભર માર્ગદર્શક અને પ્રેરણારૂપ બનશે. આપ આ વાર્ષિક રાશિવાર ભવિષ્ય વાંચવા માટે ચંદ્ર રાશિ, સૂર્ય રાશિ અને જન્મ, લગ્ન સહિત લેવામાં આવશે તો આપને વધુ ઉપયોગી થશે. અહી આપેલ રાશિવાર ભવિષ્ય આપ સહુને ઉપયોગી સાબિત થાય તેવી આશા સાથે અને અંધશ્રધ્ધાથી દૂર રહેવાની સલાહ છે.

વિક્રમ સંવતના રાત્રીના ગર્ભમાંથી જ્યારે નવા વિક્રમ સંવત્સરનો જન્મ થાય છે, ત્યારે સૃષ્ટિમાં આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ છવાઈ જાય છે. જીવનમાં જે અભદ્ર અને અણગમતુ હતુ તેને આજે સર્વ ભૂલી જઈએ ભૂતકાળ અને વિસ્મૃતિનો પડદો ઢાળી દઈએ. વિકાસ ગામી અને આનંદસભર મંગલમય જીવનની કામના સાથે એકાગ્ર ચીતે આગળ વધીએ.


નૂતન વર્ષે કુદરતના બાળપુષ્પો પોતાની નવી સુવાસને વાતાવરણમાં ફેલાવે છે. પુર્વના નભમાંથી ઉષા એ નવા રંગોની વર્ષા કરી છે. આ નવલી ઉષાનો મંગલ સત્કાર કરવા પક્ષીઓના વૃંદ મયુર ટહુકા કરે છે. માનવ જીવન પણ નવા વર્ષને નવા જીવનની જેમ આવકારે છે.

પરસ્પરની અંતઃકરણની શુભકામના અને સહયોગ પ્રગતિના માર્ગે વધુને વધુ સાનુકુળ અને સુવાળો બનાવી, ઈચ્છીત મંઝીલ સુધી પહોંચાડતા હોય છે. સર્જનહાર આપનામાં નવી પ્રેરણા ઉલ્લાસની ગંગા વહાવે અને આપ આજે જ્યાં છો તેના કરતા પાંચ પગલા આગળ વધારે અને નૂતન વર્ષ આપના સૌ માટે અનંત ઉપલબ્ધીઓનું વર્ષ બની રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે. આ સાથે અકિલાના તમામ વાચક મિત્રોને નવુ વર્ષ સુખ સમૃધ્ધિ અને સ્વાસ્થ્ય આપે વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી આશા સાથે ફોરમ ગાંધી-મહેતાના નૂતન વર્ષાભિનંદન.

વિક્રમ સંવત ૨૦૮૨ 'પિંગલનામ સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

ધન રાશિ
(ભ.ફ.ધ.ઢ)





ધન રાશિ રાશિચક્રની નવમી રાશિ છે. જેની રાશ્યાકૃતિ લક્ષ્ય સાંધતો શિકારી છે. તેના રાશ્યાધિપતિ ગુરૂદેવ છે. ધનરાશિમાં મૂળ નક્ષત્રના ચાર ચરણ પૂર્વાષાઢાના ચાર અને ઉતરાષાઢા નક્ષત્રનું એક ચરણ સમાયેલ છે. ધન રાશિની સંજ્ઞા દ્વિવસ્વભાવ છે. દિશા પૂર્વ છે. અગ્નિ તત્વવાળી રાશિ છે. આ રાશિના વ્યકિતઓ દયાળુ અને સંવેદનશીલ હોય છે. આર્કષક વ્યકિતત્વના સ્વામી હોય છે. ગોલ્ડન, યેલો અને ઓરેન્જ લક્કી કલર છે. ઓરેન્જના લાઈટ શેડસ લક્કી છે.

વિક્રમ સંવતના પ્રારંભે પ્રથમ સ્થાને કોઈ જ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી આયુષ્ય સ્થાને ઉચ્ચના થઈને બીરાજેલ છે. બીજા સ્થાને પ્લુટો છે. ત્રીજા સ્થાને રાહુ બીરાજે છે. બીજા તથા ત્રીજા સ્થાનનો સ્વામી શનિ છે. જે આપના ચોથા સ્થાને નેપ્ચ્યુનની સાથે બીરાજેલ છે. આપના ચોથા સ્થાનનો સ્વામી ગુરૂ જે આપના દેહ ભુવનનો સ્વામી છે, રાશિઅધિપતિ છે તે આપના અષ્ટમ સ્થાને ઉચ્ચના થઈને બીરાજે છે. આપના પંચમસ્થાનનો સ્વામી જે આપના લાભ સ્થાનને સૂર્ય, ચંદ્ર અને બુધની યુતિમાં બીરાજેલ છે. તે પંચમ સ્થાન વર્ષારંભે ખાલી છે. આપના શત્રુસ્થાને હર્ષલ છે. આપના શત્રુ સ્થાનનો સ્વામી શુક્ર જે લાભ સ્થાનનો સ્વામી પણ છે તે આપના કર્મસ્થાનમાં બીરાજે છે. આપના સપ્તમ સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. આયુષ્ય સ્થાને ઉચ્ચનો ગુરૂ છે. ભાગ્યભુવનમાં કેતુ બીરાજેલ છે. જયારે કર્મસ્થાન શુક્ર બીરાજેલ છે. જે લાભ સ્થાનનો સ્વામી છે. આપના લાભ સ્થાનમાં બુધ, સુર્ય, ચંદ્ર અને મંગળની યુતિ છે. આપના સપ્તમ સ્થાન, આયુષ્ય સ્થાન, ભાગ્યભુવન, કર્મસ્થાનનો સ્વામી આપના લાભ સ્થાનમાં છે. બુધ, ચંદ્ર, સુર્ય, બુધ અનુક્રમે મંગળની યુતિમાં છે. મંગળ જે આપના પંચમસ્થાન અને વ્યય સ્થાનનો સ્વામી છે. આપના વ્યય સ્થાન અને પંચમસ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી.

ગ્રહોની સાથે સાથે નવા વર્ષ માટેનું આપનું ટેરોટ કાર્ડ આવે છે. 'ધ ચેરીઓટ' કાર્ડ જેને સરળ શબ્દમાં રથ કહી શકાય. આ કાર્ડ આપને ખુબ જ પોઝીટીવીટી તરફ લઈ જશે. આપનું જીદી વલણ કોઈ કાર્ય પ્રત્યેની અતૂટ લગ્ન દર્શાવે છે. જે આપને વર્ષ દરમ્યાન લક્ષ્ય પૂર્ણ કરવા તરફ ઘેરી જશે.

કોઈ રજવાડી ગાડીને બે પ્રાણીઓ વડે આગળ વધારવામાં આવે છે તેવી જ રીતે આ કાર્ડ આપને આપના પરિવાર મિત્રો, સ્ટાફ મેમ્બર્સ, કલીગ્સનો હોય સાથ સહકાર કે પછી આપના મૂલ્ય અને સિંધ્ધાતોના સહારે આગળ વધારશે.

કોઈ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી વળગી રહેવું તે બતાવે છે. રથને યુધ્ધમાં ઉપયોગમાં લાવવામાં આવે છે. વર્ષ દરમ્યાન અને ગડમથલ યુધ્ધ. વિચારોના મનના મતભેદ, અડચણો આવે પરંતુ ઈમોશનલ થયા વગર આગળ વધતા રહેવું તે જ પ્રાયોરીટી આપને રાખવાની છે.

વર્ષ દરમ્યાન આપને અનેક પરિસ્થિતીનો સામનો થાય તે આપને વિચલીત કરી મુકે આપના વિચારો જે આપના લક્ષ્યથી આપનું ધ્યાન ભટકાવવાનું કરે પણ વર્ષ દરમ્યાન કોઈ નકકી ગોલ તરફ આગળ વધવું તેને ધ્યેય બનાવી લેવુ, બાકી તો એવા ઘણાં લાઈફમાં ટીવસ્ટ એન્ટ ટર્ન આવશે એટલે યુધ્ધમાં રથ જેમ આગળ વધે છે તેમ આગળ વધવાનુ છે. દરેક વસ્તુમાંથી નિકળવું પડશે.

આપ વર્ષ દરમ્યાન લાઈફની અનેક ચેલેન્જ પર વિજય પ્રાપ્ત કરશો સાથે સાથે આપ વર્ષ દરમ્યાન સંબંધોને સારી રીતે ઓળખી શકશો અને મજબુત બનાવી શકશો નવા રીલેશનનું પણ સૂચન કરે છે.

વર્ષને વધુ સારૂ બનાવવા માટે આપ આપની સાથે હર હંમેશ પાણીની નાની બોટલ અચૂક પણે રાખવી, કારણ કે આ કાર્ડ જળતત્વ સાથે સંબંધીત છે અને આપની રાશિ અગ્નિ તત્વની છે.

અપરણિતોને માટેઃ

અપરણિત યુવાન યુવક યુવતિઓની સગાઈ-લગ્નના કાર્યમાં સારી સફળતા મળશે. આપને આ વર્ષ દરમ્યાન આર્થિક રીતે સધ્ધર હોય તેવુ પાત્ર મલશે કદાચ દેખાવ જતો કરવો પડે. વિદેશ થી આવતા માંગાથી અંકાય જવું નહિ. આપને સગાઈ લગ્નના કાર્યો માં ઉતાવળ ન કરવી બરોબર વાત છે પણ અમુક ઉંમરે નિર્ણયો લેવામાં ઝડપ પણ કરવી જોઈએ નહિતર સારા માંગા હાથ માંથી ચાલ્યા જશે અને અંતે આપને પસ્તાવો અને વધેલુ ઘટેલુ મેળવ્યાનો અહેસાસ થયા કરશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમનું નવું વર્ષ આપને માટે સારું જવાનું છે આપ આ વર્ષ દરમ્યાન આપને હલકા ફુલકા મહેસુસ કરવાના છો. આપની વધુ પડતી દોડધામ થી આપનું સ્વાસ્થ્ય લથડે નહી તેનું ધ્યાન રાખવું નાના બાળકોને પાણીના ઈન્ફેકશનથી બચાવવા આંખમાં બળતરા કે લાલાશ થાય આપને દરેકની બાબતમાં દખલગીરી કરવાથી દુર રહેવુ વર્ષ દરમ્યાન આપની શારીરિક સુખાકારી સારી રહેશે આપને માનસિક ચિંતા વધુ સતાવેશ. તેવી શકયતાઓ નકારી ન શકાય. આપના મનમાં કોઈ કાલ્પનિક બીક ઘર કેર નહિ તેનું ખાસ ધ્યાન રાખવું. આપને જીવનમાં નિયમિત રૂપે વોકિંગ કે કોઈ કસરત કે રમતગમતમાં ભાગ લેવાની સલાહ છે. જેના થકી આપનું બ્લડ સરકયુલેશન સારું રહેશે. અને આપના મનના વિચારો માં પણ પોઝીવીટી આવશે.

સ્થાવર મિલ્કત બાબતેઃ-

સ્થાવર મિલ્કત બાબતે આપનું વર્ષ સારું જશે અને આપના આયોજનો સફળ થવાના છે. વિક્રમ સંવતની શરૂઆત સારી રહેશે પરંતુ વર્ષના મધ્ય પછી વેચાણ માં ઉતાવળ થવું નહી. નહિતર આપને આપની મિલ્કતના વ્યાજબી ભાવ ન આવે જે આપ ઈચ્છતા હોય જો આપ મકાન કે દુકાનની ખરીદી બાબતે વિચારતા હશો તો આપને લોન મેળવવા માં જરૂરથી સફળતા મલશે. આપ આપના ઘર કે ઓફિસ માટે એન્ટીક કે વૈભવી ચીજવસ્તુઓ ખરીદશો. આપ જો ભાડુઆતી મકાનમાં રહેતા હશો તો આપને તેમાંથી છુટકારો મલશે અને પોતાનું ઘર બનાવીશકવા સક્ષમ બનશો. આપ દલાલોની ચાલમાં ફસાઈ ન જાવ તેનું ખાસ ધ્યાન રાખશો. વારસાગત મિલ્કત મેળવવામાં આપને સફળતા મલશે. આપ વર્ષ દરમ્યાન આપના મિલકતનું યોગ્ય મોડીફિકેશન કરાવી શકવાના છો અને મનપસંદ વાહનની ખરીદી કરી શકશો.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ-

વ્યાપારી મિત્રોને માટે આ વર્ષ મધ્યમ રહેશે આપને આપની ઉગ્ર પ્રકૃતિ બદવાની સલાહ છે. આપને કોઈક ખાસ વ્યકિત સાથે ના સંબંધો તોડાવે તેવુ બને. ભાગીદારી ધંધાથી સારો લાભ થવાનો છે. નવી ભાગીદારી માટે વિક્રમ સંવત નો બીજો તબક્કો વધુ લાભદાયક રહેશે. આપના કોમ્પીટીટરો માર્કેટ માં વધવાના છે જેથી આપને માર્કેટ માં ટકી રહેવું સતત હાજરી અને આપનું સતત ઈન્વોલ્વમેન્ટ જરૂરી રહેશે. નવી યોજનાઓ નવા પ્લાન, નવું મેનેજમેન્ટ આપની ઈચ્છા મુજબ અમલીકરણ બનતુ જણાશે. આપને વધુ પડતા દોડધામ અને ઉજાગરા થી દુર રહેવાની સલાહ છે. વારસાગત વ્યાપર માં નવી દિશાઓ સૂચવશે અને આપના વ્યાપારને નવી બૂલંદીઓ પર પહોચાડશે તેઓ આપના વ્યવસાય માં નવીનીકરણ કરી શકશે. આપ જો વિદેશ સાથેનો વ્યવસાય કરવા ઈચ્છતા હોય અથવા આપનો વ્યવસાય વિદેશ સાથ પહેલાથી હોય તો આપને આ વર્ષે બહુ ફાયદો નહી થાય નોકરીયાતોને માટે વિક્રમનું નવુ વર્ષ સારૂ જવાનું છે. આ વર્ષ આપના માટે ભાગ્યોદયકારક બનશે. આપની બઢથીમાં આવતા અવરોધો દુર થતા જણાશે. સહકર્મચારી વર્ગની વાતોમાં આવવાથી દુર રહેશો. જેમને કોઈ કારણ સર નોકરીમાં છુટા કરવામાં આવ્યા હોય તેમને પુનઃ નોકરીમાં પાછા બોલાવવામાં આવે. આપને પાર્ટટાઈમ જોબથી સારી આવક થવાની છે. આપને નોકરીમાં સ્થળાંતરથી દુર રહેવુ આપને ઉચ્ચ અધિકારીઓનો સહકાર સારો રહેશે.

મહિલાઓ માટે

મહિલાઓને માટે વિક્રમનું નવુ વર્ષ સામાન્ય રહેશે. આપ મોબાઈલ કે વાહનની ખરીદી કરી શકશો. આપને પાર્ટી પિકનીકનું સારુ આકર્ષણ રહેશે. દાંપત્ય જીવનમાં ગેરસમજો અને મતભેદો દુર થવાના છે. આપના સ્તાોન તરફથી આપને વિદેશ રહેવા માટે આમંત્રણ મલશે. આપની વિદેશ જવાની મહત્વાકાંક્ષા પુર્ણ થવાની છે. આપનામાં એક એવી દૈવી શકિતનો સંચાર થશે અને તેના દ્વારા તમો બીજાના દુઃખોના ઔષધી જેવા બની શકશો. કોર્ટ કેસ ચાલતા હોય તો તેમાં સમાધાનકારી વલણ રાખવું. આપ કોઈ અંધશ્રધ્ધામાં ઉતરો નહી તેનું ધ્યાન રાખશો.

આપની ધાર્મિક ભાવના પ્રબળ થવાની છે. આપને ધંધો કરવા ઈચ્છતી હોય તો આપને ફુડ રેસ્ટોરન્ટ નાના પાયે કે મોટા પાયે કરવાથી લાભ રહેશે. જુના મિત્રોની ઓળખાણ કામ લાગશે.

વિદ્યાર્થી મિત્રોને માટે

વિક્રમનું નવુ વર્ષ વિદ્યાર્થી મિત્રોને માટે સારૂ રહેવાનું છે. વિદ્યાર્થી મિત્રો જો વિદેશમાં જઈ નવુ સાહક કરવા ઈત્છતા હોય તો આ વર્ષે વિદેશ જવામાં અને ત્યાં જવાથી સફળતા મળશે. આપે આપના માતા-પિતાની સાથે કોઈ મતભેદમાં ઉતરવુ નહી. કારણ કે તેમના આશીર્વાદ જ સાચી પ્રભુભકિત છે. જે આપના અભ્યાસ અને રમત ગમત ક્ષેત્રે સફળતા અપાવશે. સ્વાર્થી, મિત્રો, ટીવી, ટેપ, પાર્ટી, પિકનીકથી જેમ બને તેમ દુર રહેવાથી ફાયદો થશે. અભ્યાસની સાથોસાથ આપ આર્થીક ઉપાર્જન પણ કરી શકશો.

કૌટુંબીક બાબતે

કૌટુબીક બાબતે આપને આપનું વર્ષ સારૂ રહેશે. આપને ત્યાં વર્ષ દરમ્યાન માંગલીક પ્રસંગ, હવન, યજ્ઞ કે કોઈ પુજાન મોટા પાયે કરી શકશો. ભાઈ બહેન કે સંતાનોના સગાઈ લગ્નમાં સફળતા, વિદેશ પ્રવાસ થાય તેવી શકયતા. જીવનસાથીના સ્વસ્થ અંગે થોડી ચિંતા રહે, તેમની સાથે સુમેળ વધે. સંતાનોના અભ્યાસમાં પ્રગતી કારક સમય છે. કુટુંબના નિર્ણય પરીવારને સાથે લઈને કરવા હિતાવહ રહેશે. વર્ષ દરમ્યાન આપનું પ્લાનીંગ પુર્વકનું કાર્ય આપના કુટુંબને લાભકારક સાબીત થશે. વર્ષ દરમ્યાન કુટુંબ માટે સોના દાગીના જેવી કોઈ કિંમતી ચીજવસ્તુ ખરીદ કરી શકવાના છો. મોસાળ પક્ષનો સહકાર સારો રહેશે.


આર્થિક બાબતે


આર્થિક બાબતે વિક્રમનું નવુ વર્ષ સારૂ રહેશે. કૌટુંબીક બાબતે જેમ આપના પ્લાનીંગનું મહત્વ રહેશે. તેમજ આર્થીક બાબતે પણ આપનું પ્લાનીંગ આપની સફળતાની ચાવી બની રહેશે. આપનું યોગ્ય સમયે કરેલ યોગ્ય બચત યોગ્ય ઈન્વેસ્ટમેન્ટ, પરફેકટ પ્લાનીંગ પરફેકટ લાઈફ અપાવશે. ભાઈ બહેનો સાથે નાણા વ્યવહાર સમજીને કરવા તેમાં મિત્રો પણ આવરી લેવા. હિતશત્રુઓ ફાવશે નહી. ભાગ્યોદયની તક વારંવાર ચુકી જતા હોવ તેવો આભાસ થશે. પરંતુ જે થશે તે સારા માટે આ યાદ રાખીને કાર્ય કરતુ રહેવું. શ્રીકૃષ્ણએ કહયું છે કે કાર્ય કરતા રહો ફળની ઈચ્છા ન રાખો. તે વાત આપે ગાઠ બાંધી લેવી. નાણા બચત કરતા રહો કમાતા રહો તે કયાં કેવી રીતે આપને ઉપયોગ થશે તે સમય બતાવશે.

નવા વર્ષનો મંત્ર

તમારા માટે એક રહેશે. પોતાના પર વિશ્વાસ રાખશો આપને ગેબી શકિતની મદદ મલતી રહેશે. વર્ષ દરમ્યાન અનેક મુશ્કેલીઓ આવશે પણ આપના કોઈ પણ કાર્યો અટકશે નહી યેનકેન પ્રકારે સફળતા મલશે. પ્રોબલમ્સ આર ધ સાઈન ઓફ લાઈફ એન્ડ એડવરસીટી ઈન્ટ્રોડુયુસીસ આ મેન ટુ હીમ સેલ્ફ લોઢું ગરમ થાય છે તેમ પાકુ થાય છે. સોનાને શુધધ કરવા માટે પણ તપાવવું પડે છે તેમ જીવનની તકલીફો આપને વ્યકિતઓ જે આસપાસ છે. તેને ઓળખવામાં મદદ કરશે. હંમેશા વર્ષ દરમિયાન યેલો રૂમાલ સાથે રાખવાથી લાભ રહેશે. જીવનમાં આવતી તકલીફો વ્યકિતને પોતાની જાતને ઓળખવામાં મદદ કરે છે.

મકર રાશિ
(ખ.જ.)





મકર રાશિ રાશિચક્રની દશમી રાશિ છે જેની શશ્યાકૃતિ મગર છે. મકર રાશિમાં ઉતરાષઢાના ત્રણ ચરણ શ્રવણના ચાર અને ધનિષ્ઠા નક્ષત્રના બે ચરણ સમાયેલ છે. મકર રાશિનો સ્વામી શનિ દેવ છે. પૃથ્વી તત્વવાળી રાશિ છે. સંજ્ઞા ચર છે દિશા દક્ષિણ છે. મકર રાશિના વ્યકિતઓ સ્વભાવે રહસ્યમય હોય છે. તેઓ અંદરથી ભોળા અને બીજાનો વિચાર પહેલા કરનાર હોય છે. ડાર્ક ગ્રે અને બ્યુના તમામ શેડસ લકકી કલર છે.

વિક્રમ સવંતના પ્રારંભે આપના દેહ ભુવનમાં પ્લુટો બીરાજે છે. આપના ધન સ્થાને રાહુ બીરાજેલ છે. આપના દેહ ભુવન તથા ધન સ્થાનનો સ્વામી શનિ આપના ત્રીજા સ્થાને નેપ્ચ્યુલનની યુતિમાં છે. આપના ત્રીજા સ્થાનનો સ્વામી ગુરૂ છે આપના વ્યવસ્થાનનો પણ સ્વામી છે તે આપના સાતમાં સ્થાને બીરાજેલ છે. આપના ચોથા સ્થાને વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી. ચોથા સ્થાનનો સ્વામી મંગળ કર્મ સ્થાને થી પોતાના ઘરને જોવે છે. જે સૂર્ય, બુધ, ચંદ્રની યુતિમાં છે. પંચમ સ્થાને હર્ષલ બીરાજેલ છે. પંચમ સ્થાનનો સ્વામી શુક્ર નવમાં સ્થાને બીરાજેલ છે. શત્રુ સ્થાને કોઈ ગ્રહ વર્ષારંભે બીરાજેલ નથી. શત્રુ સ્થાનનો સ્વામી સપ્તમસ્થાનના સ્વામી આયુત્ય સ્થાન ના સ્વામી તેમજ ભાગ્ય ભુવનના સ્વામી બુધ, ચંદ્ર, સૂર્ય અને બુધ અનુક્રમે આપના કર્મ સ્થાને મંગળની યુતિમાં બીરાજેલ છે. આપના સપ્તમ સ્થાને ઉચ્ચનો ગુરૂ છે. આયુષ્ય સ્થાને કેતુ છે. ભાગ્ય ભુવનમાં શુક્ર છે. જે આપના કર્મ સ્થાનનો સ્વામી છે. આપના કર્મસ્થાને સૂર્ય, બુધ, ચંદ્ર અને મંગળની યુતિ છે. આપના લાભ સ્થાનમાં અને આપના વ્યય સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. આપના લાભ સ્થાનનો સ્વામી મંગળ જે આપના કર્મસ્થાનમાં સૂર્ય, બુધ, ચંદ્રની યુતિમાં છે અને આપના વ્યય સ્થાનનો સ્વામી સપ્તમ સ્થાને બીરાજેલ છે.

વિક્રમના નવા વર્ષ માટેનું આપનું કાર્ડ આવે છે ફાઈવ ઓફ વોન્ડસ જે સંઘર્ષ, સ્પર્ધા અને ખૂબ જ સંઘર્ષ સાથે સફળતા સૂચવે છે. વર્ષ દરમ્યાન આપના કાર્યોમાં અનેક અડચણો આવશે પણ આપ આ તમામ માંથી ઉગરી આવશો અને આગળ વધશો.

વર્ષ દરમ્યાન ઘરના સભ્યો સાથે મતભેદો થી દુર રહેવું. લગ્ન જેવા શુભ કાર્યો લંબાય અને વિઘ્નો આવે. નાણાકીય રોકાણ બાબતે પણ ધ્યાન રાખવું અંગત વ્યકિતઓને ઉછીના રૂપિયા આપતા પણ નહિ જ પરત મલે તેવા વિચારથી આપવા.

સોનું જેમ વધુ ને વધુ ગરમ થાય છે તેમ વધુ ને વધુ ચમકે છે તેવી જ રીતે વ્યકિત જેટલી વધુ મહેનત કરે છે, તેટલી તે વધુ સફળતા મેળવે છે. અસલ સોનું અગ્નિ પરિક્ષાથી પાછુ પડતુ નથી તે વધુ ખરૂ થઈને નિકળે છે તેવી જ રીતે આપને આ સમય તપાવશે, મહેનત કરાવશે પણ અંતે સફળતા અપાવશે, જેનો તમને સંતોષ થશે.

આપને વર્ષ દરમ્યાન સ્વાસ્થય સારૂ રહેશે. આપને આ કાર્ડની નેગેટીવીટી ને દૂર કરવા આપનો આધ્યાત્મિક ગ્રાફ વધારવો પડશે. જે આપના રસ્તાને સરળ બનાવશે. વર્ષ દરમ્યાન કોઈ નવા ફેરફારો કરવા નહિ. આપના વડિલોની સૂચના આપને નુકશાનથી બચાવશે તો તે વખતે જયાં આપ અટકો મુંઝાવ ત્યારે વડિલો સાથે ચર્ચા કરવી.

વ્યાપાર ભાગીદારીમાં વિદેશ થી લાભ છે પણ સાથે રીસ્ક પણ તેટલું જ રહેશે આપની છઠ્ઠી ઈન્દ્રીય અને સમય સૂચકતા નકિક કરશે કે આપને કેવો અને કેટલો લાભ મલશે.

વર્ષ દરમ્યાન મગજ પર બરફ અને મનમાં શાંતિ રાખીને આગળ વધવું. નાનામાં નાની વ્યકિત મહત્વની છે. તે વાત યાદ રાખવી. તે કયારે અને કેમ ઉપયોગી થશે તે સમય બતાવશે.

વર્ષ ને સારૂ બનાવવા માટે આપે આપની સાથે હંમેશા પાણી સાથે રાખવું, નાની બોટલ રાખવી આપને બને તો પ્લાસ્ટિક બોટલ ન રાખવી વધુ લાભ અપાવશે.

અપરણિતો માટે :-

અપરણિત યુવાન-યુવતિઓને માટે વિક્રમ સંવતના નવા વર્ષના ગ્રહો ઉતમ રહે તેવું દર્શાવે છે. મોટી ઉંમરના લોકોને થોડુ એડજસ્ટમેન્ટ કરી લેવાની સલાહ છે. આપને તેવું આભાસ થાય કે મનગમતુ નથી પણ આપને પ્રેમ કરે તેવું પાત્ર મળશે. વર્ષ દરમ્યાન વિદેશ રહેનાર વ્યકિતના માંગા આવશે. આપને સમજદાર અને મિતભાષી જીવનસાથી મળશે. મિત્ર વર્તુળમાં જ સગાઈ-લગ્ન અથવા નજીકના સંબંધીઓમાં થાય તેવી શકયતા છે. પરંતુ તે વ્યકિતને પરખી લેવાની સલાહ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ :-

સ્વાસ્થ્ય બાબતે વિક્રમનું નવું વર્ષ સારું જવાનું છે. આપને વર્ષારંભે માનસિક ટેન્શન રહે પરંતુ વર્ષ દરમ્યાન હળવું થઈ જશે. આપને માત્ર ને માત્ર આળસવૃત્તિ છોડવાની સલાહ છે. નહિંતર આપ મેદસ્વી અને મનથી નિરાશ બની જશો. વર્ષ દરમ્યાન આંખમાં ઈન્ફેકશન થવાની શકયતાઓ છે. આપને આર્યુવેદિક દવાઓથી જુના હઠીલા રોગોના ડાયોગ્નોસિસમાં મુશ્કેલી આવે પણ તેનાથી લાભ રહેશે. આપના વડિલોના આસ્થ્યને લઈને આપને સામાન્ય ચિંતા રહે. આપના ઘરમાં માંગલિક પ્રસંગોનું આયોજન થાય અને આપને દોડધામને લઈને સ્વાસ્થ્ય બગડે તેવી શકયતા છે. વધુ પડતા ઈમોશનલ બનવાથી દૂર રહેવાની સલાહ છે. વર્ષ દરમ્યાન સંતાનોની પ્રગતિ જોઈને મનમાં આનંદ ઉલ્લાસ રહે.

સ્થાવર મિલ્કત બાબતે :-

સ્થાવર મિલ્કત બાબતે નવા વર્ષના ગ્રહો સારા રહેવાના છે. આપનું ફોર વિલર કે ટુ વ્હિલર લેવાનું સ્વપ્ન સાકાર થવાનું છે, જુના વ્હિકલ વધુ સર્વિસ માંગશે. જેથી નાણાકીય ખર્ચ રહેશે. કર્ક કે લોન લઈને જમીન મકાન કે ઓફીસ ખરીદતા પહેલા લાંબાગાળાની તેની ઈએમઆઈની રકમનું વિચાર વાની સલાહ છે. આપના નવા ઈનોવેટીવ આઈડીયાઝથી આપ આપના ઘર ઓફીસમાં નવીનતા લાવી શકવાના છો, મોર્ડનાઈઝેશન કરાવવામાં પણ સફળતા મળશે. વારસાગત જમીન, મકાન, ખેતરો, વાડીઓ વગેરે માટે પારિવારિક મતભેદો ચાલતા હોય તેવું ગ્રહો સૂચવે છે. વર્ષ દરમ્યાન જમીન, મકાન કે કોઈ મિલ્કત વહેચવામાં સાવચેત રહેવું અને ખરીદતા પહેલા દસ્તાવેજો ચકાસવાણી ખાસ સલાહ છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે :-

વિક્રમના નવા વર્ષના ગ્રહો વ્યાપારી ભાઈઓને માટે સારા છે. આપની પ્રતિષ્ઠામાં આપના યશમાં વધારો થવાનો છે. આપનો આત્મ વિશ્વાસ વધવાનો છે. આપ આપના વ્યવસાયની સાથે સામાજીક કાર્યો પણ કરો તેવું ગ્રહો સૂચવે છે. આપ આપના વ્યાપારનો વિસ્તાર વધારી શકવામાં સહાય બનવાના છો. આપને પેઢીદર વ્યવસાયથી લાભ રહેશે. આપને ભાઈ-બહેનો કે અંગત કુટુંબીજનોની સાથે ભાગીદારી વ્યવસાય કરવામાં ચેતવું. આપના હિતશત્રુઓ આપની સામે ફાવશે નહિ. આપને વર્ષ દરમ્યાન પરિસ્થિતિના તાબે ન થવાની સલાહ છે, પરંતુ તેનો સામનો કરી અને ઝઝૂમવામાં સફળ થઈ ગયા તો બાજી તમારા હાથમાં છે. આપ જો ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલા હશો તો આપને આ વર્ષે સારો ફાયદો થશે. નવા કલાઈટ, કસ્ટમર બનશે. વ્યવસાય ને લગતા નિર્ણયો જાતે જ લેવા મિત્રોની સલાહથી કામ બગડી પણ શકે છે.

નોકરીયાતોને નોકરીમાં સારો સમય છે. જો આપ સારા પગારને માટે નોકરી બદલવા માંગતા હોય તો આપને આ સમયમાં બદલી કરવી યોગ્ય છે. નવી નોકરીમાં પણ આપને વર્ષના મધ્ય સુધી એડજેસ્ટમેન્ટ તો કરવું જ પડશે. નોકરીના કામે આપને વર્ષ દરમ્યાન વારંવાર મુસાફરીના યોગ છે. નોકરીમાં ઉપરી અધિકારી વર્ગનો સાથ સહકાર સારો રહેશે. આપને આપના કાર્યોમાં પંચચ્યુઆલીટી લાવવાની છે. આજના સમયમાં સમય જ ભગવાન છે અને સમય મહાન છે. તો આપને સમય ના પાબંધ રહેવાની ખાસ સલાહ છે.

મહિલાઓ માટે :-

મહિલાઓને માટે વિક્રમ સંવતનું નવુ વર્ષ સામાન્ય રહેશે. આપ આપના સંતાનોના આચાર વિચારથી ચિંતિત રહેવાનો છો. તેમની પ્રગતિ અને અભ્યાસ કે તેમની કારકિર્દી બાબતે ના પ્રશ્નો આપને ચિંતિત કરશે. આપનો સ્વભાવ ગંભીર બનવાનો છે. આપને આ વર્ષે કોઈ ખુબ જ સારો આર્થિક લાભ થશે. આપ આપના નામ થી સ્થાવર મિલ્કતની ખરીદી કરવાના છો. સાસરીયાના સગાઓની સાથે મતભેદમાં ઉતરવાની દુર રહેવું. વિદેશ યાત્રા કરવાની આપની ઈચ્છા ફળવાની છે. ભાઈ-બહેનો અને મિત્રોનો સહકાર આપને આપની નિરાશાઓથી દુર રખાવશે. આપને આપના ભાઈ - બહેનો પ્રશ્નો અંગે ચિંતા રહેશે. વર્ષ દરમ્યાન આપને આપની કિંમતી ચીજ વસ્તુ-દાગીના પૈસા વગેરે બાબતે સાવધ રહેવાની સલાહ છે. કિંમતી વસ્તુ ખોવાય કે ચોરાય જાય તેવી શકયતા છે.

વિદ્યાર્થી મિત્રોને માટે :-


વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ કસોટીનું વર્ષ સાબિત થવાનું છે. આપને મહેનત છતાં ધાર્યુ પરિણામ ન મળે. તેમ છતાં હાર્યા વગર વિચાર કર્યા વગર જ સતત મહેનત કરવાની સલાહ છે. ભગવત ગીતામાં પણ લખેલુ છે કે કર્મ કર્યા જાવ ફળની ચિંતા ન કરો. આપને વર્ષ દરમ્યાન આપના વડિલો તરફથી બહુ જ સ્પેશ્યલ સરપ્રાઈઝ પાર્ટી અથવા સરપ્રાઈઝ ગીફટ મળશે. જેની આપને બહુ જ જરૂર હશે તેવી વસ્તુ આપને મળશે. આપને તે ગીફટ કે કોઈ સરપ્રાઈઝ આપના મોટા ભાઈ-બહેન તરફથી પણ મળશે. આપના મિત્રો પણ આપને લાઈફ લાઈન જેવા સાબિત થશે પરંતુ હરવા-ફરવા ટી.વી., ટેપ, પિકનીક વગેરેથી દૂર રહેવાની સલાહ છે.


કૌટુબિક બાબતોઃ- કૌટુંબિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. વર્ષ દરમ્યાન વધુ જ સરસ જ રહેશે એવુ નથી સારા નરસા અનુભવો થશે અને ખ્યાલ આવશે આપને કે આપનું હિતેચ્છુ, હિતેષી વ્યકિત કોણ કોણ છે, આપ તે નકકી કરી શકશો. યોગ્ય વ્યકિતના સાથ સહકારથી મુશ્કેલીઓ દૂર થશે. ભાઈ બહેનોની સગાઈ લગ્નનું માંગલિક કાર્યનું આયોજન થવાનું છે. વડિલોની સલાહ ઉપયોગી થશે. આપે ગુસ્સા પર કાબુ રાખવો જેનાથી કુટુંબનો માહોલ સારો રહે. આપના સ્વાસ્થય પર અસર ન થાય. જીવન સાથીની ભાવનાઓની કદર કરવી. વિદેશ રહેતા સગાસંબંધી મિત્રોનો સહકાર સારો રહેશે. ઘરના સભ્યો વચ્ચે લાગણી અને સમજણ, પ્રેમની સાંકળ બનાવી રાખવી. કુટુંબ સાથે વ્યવસાયની શરૂઆતથી લાભ રહેશે. વિલ વારસાથી લાભ રહેશે.

આર્થિક બાબતેઃ- આર્થિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. ખર્ચાઓ વધશે આપને લકઝરીયસ ચીજ વસ્તુની ખરીદી થશે આપની લાઈફ સ્ટાઈલમાં ફેરફારો થશે સાથે સાથે આપને બચત કરવાની સલાહ છે. જમીન મકાન અંગે ચેતીને આગળ વધવું લેવામાં અને વેચવામાં બન્ને બાબતે ધ્યાન રાખવું. ભાગ્યોદયની તક પ્રાપ્ત થાય અને મહેનત વધુ રહે. વર્ષ દરમ્યાન કોઈ અંધવિશ્વાસમાં પડી ને લાલચમાં આંધળા થઈને કોઈ પર વિશ્વાસ સમજીને કરવો સફળતા અને સમૃધ્ધિ માટે કોઈ જ શોર્ટકટ નથી. વિલવારસામાં લાભ થશે પણ વારસાઈ મિલ્કત વેચવાની ઉતાવળ કરવી નહી. નવી ઉધારી દેવા-લેવામાં ધ્યાન રાખવું જુના કર્ઝથી મુકત થશો શેર બજારથી લાભ રહેશે.

નવા વર્ષનો મંત્રઃ- નવા વર્ષ દરમ્યાન આપને ઓછુ બોલવું અને ઘણું સાંભળવાનું શીખવાનું છે. ગુસ્સાને કાબુ રાખવાનુ ખાસ શીખવાનું છે. ગુસ્સો વ્યકિતનો પરમ શત્રુ છે. ગુસ્સાના આવેશમાં કરેલ નિર્ણયો ધીરજ વગર અને ચિંતા વાળા મનથી કરેલ નિર્ણયો પાછળથી પસ્તાવો કરાવે છે. જે વ્યકિત બીજી વ્યકિતને શાંતિથી સાંભળે છે તેને ઘણું શીખવા જાણવા મલે છે. મનને પ્રસન્ન રાખીને જીવનમાં આગળ વધવાની સલાહ છે. આપના મનની નિર્મળતા જ આપના જીવનનો અમૂલ્ય મંત્ર છે.

કુંભ રાશી
(ગ.શ.સ.)





કુંભ રાશિ રાશિચક્રની અગિયારમી રાશિ છે. કુંભ રાશિની રાશ્યાકૃતિ ઘડો છે. શનિ મહારાજ તેમના રાશ્યાદિ પતિ છે. સંજ્ઞા સ્થિર, પુરૂષ ગતિ, વાયુતત્વ વાળી રાશિ છે અને દિશા પશ્ચિમ છે. કુંભ રાશિમાં ધનિષ્ઠાના બે ચરણ, શતભિષાના ચાર ચરણ અને પૂર્વ ભાદ્રવદ નક્ષત્રના ત્રણ ચરણ આવેલ છે. કુંભ રાશિના વ્યક્તિઓ સ્વભાવે આનંદી, ધીમા, એકાંતપ્રિય અને શાંત હોય છે. બ્લેક અને ગ્રે કલરના તમામ ડાર્ક શેડસ લકકી કલર છે.

વર્ષારંભે આપના દેહભુવનમાં રાહુ મહારાજ બીરાજે છે. આપના દેહભુવનનો સ્વામી આપનો રાશિયાધિપતિ શનિ દેવ આપના ધન સ્થાને નેપ્ચ્યુનની યુતિમાં છે. આપના દેહભુવનનો સ્વામી આપના વ્યય સ્થાનના સ્વામી પણ છે. જયાં પ્લુટો બીરાજેલ છે. આપના ધન સ્થાનનો સ્વામી ગુરૂ છે. જે આપના લાભ સ્થાનનો સ્વામી છે અને આપના શત્રુસ્થાને બીરાજે છે. જયાં તે ઉચ્ચના થાય છે. આપના ત્રીજા સ્થાને કોઈ જ ગ્રહ નથી. આપના ત્રીજા સ્થાનનો સ્વામી મંગળ ભાગ્ય ભુવનમાં સૂર્ય, ચંદ્ર બુધની યુતિમાં છે. આપના ચોથા સ્થાને હર્ષલ છે. આપના ચોથા સ્થાનનો સ્વામી શુક્ર જે આપના ભાગ્યા ભુવનનો પણ સ્વામી છે. તે આપના આયુષ્ય સ્થાને બીરાજેલ છે. આપના પંચમ સ્થાને કોઈ જ ગ્રહ નથી. શત્રુસ્થાને ઉચ્ચના ગુરૂ છે. સપ્તમ સ્થાને કેતુ છે. આયુષ્ય સ્થાને શુક્ર છે. આપના પંચમ સ્થાન, શત્રુસ્થાન સપ્તમ સ્થાન તથા આયુષ્ય સ્થાનના સ્વામી એક સાથે યુતિ કરીને મંગળની સાથે ભાગ્ય ભુવનમાં બીરાજેલ છે. આપના ભાગ્ય ભુવનમાં સૂર્ય, ચંદ્ર, મંગળ અને બુધની યુતિ છે. આપના ભાગ્ય ભુવનનો સ્વામી શુક્ર આપના આયુષ્ય સ્થાને બીરાજે છે. આપના કર્મસ્થાને લાભસ્થાને કોઈ જ ગ્રહ નથી. આપના કર્મ સ્થાનનો સ્વામી મંગળ આપના ભાગ્ય ભુવનમાં છે. જયારે લાભ સ્થાનનો સ્વામી શત્રુસ્થાને બીરાજેલ છે.

ગ્રહોની સાથે સાથે ટેરોટ કાર્ડસ મુજબ આપનું વર્ષ કેવું રહેશે તે પણ જોયે મેષ રાશિના જાતકોને 'ધ સન' નામક કાર્ડ આવેલ છે. જે આપના નવા વર્ષના ફળકથન બાબતે ખૂબ જ શુભ સંકેતો આપે છે. સાથે મહેનત કરવાની સલાહ આપે છે. આપના પોસીબલ ગોલ જે આપ ઘણા સમયથી અચીવ કરવા હાંસલ કરવા ઈચ્છો છો તેમાં આપ સફળ થવાના છો. તેના માટે આપને સૂર્ય જેવું બનવું પડશે. જેમ સૂર્ય પર કોઈ કોઈ પણ કચરા ફેંકે તેને લાગતા નથી તેમ તમારા સફળતાના રસ્તે કોઈ પણ વ્યક્તિઓ કે પરિસ્થિતિઓ અડચણ કરે તો તેમાંથી નિરાશ થયા વગર મહેનત, હિંમત અને આત્મ વિશ્વાસ સાથે આગળ વધવાથી જરૂર સફળતા મેળવશો.

આપને લગ્નને લઈને કોઈ પ્રશ્નો હશે તો તેમાં થોડી અડચણો વર્ષની શરૂઆતના બે-ત્રણ મહિનઓ રહેશે ત્યારબાદ થોડું સેટલ થઈ જશે.

'ધ સન'નું કાર્ડ આપના જીવનમાં ઉત્સાહ ઉમંગ નવા રંગો અને નવી આશાઓ નવી ઓપર્ચ્યુનિટી લઈને આવેલ છે. જેને આપ કઈ રીતે સ્વીકારો છો તે આપના પર છે. આ વર્ષ આપને દરિયાઈ જગ્યા, વિદેશથી લાભ અપાવશે, આપના હિત શત્રુઓથી આપને વિજય મેળવશે.

આપના આ વર્ષના ગ્રહમાન પરથી એક ગીત યાદ આવે છે. તકદીર સે બીગડી હુઈ તકદીર બના લે.

અપને પે, ભરોસા હૈ તો યે દાવ લગા લે, અને હા આપ આ દાવ જીતી જશો અને સફળતાઓ ખુશિયો, પ્રગતિ આપની આ નવ વર્ષ આપીને જશે તો ઓલ ધ બેસ્ટ ફોર યોર ન્યુ યર.

આ વર્ષને વધુ સરસ બનાવવા માટે આપને સવારે સૂર્યદેવને અર્ધ ચડાવાની સલાહ છે. આપ આ સાથે આપના હસ્તે તુલસી કયારે દીપ પ્રગટાવશો પાણી ચડાવશો તેનાથી પણ લાભ મળશે.

અપરણિત વ્યક્તિઓને માટેઃઅપરણિત વ્યક્તિઓને માટે આ વર્ષ સારૂ રહેવાનું છે. આ વર્ષ પુરૂ થયે તમે પરણિત અચૂક થઈ જાવ તેવા ગ્રહો છે. આપને વર્ષ દરમિયાન આપના વડિલોએ પસંદ કરેલ પાત્ર થકી આપને લાભ સફળતા અને આનંદ અપાવશે. વર્ષ દરમિયાના આપને સારી કમાણી કરતું પાત્ર મળે તેવી શકયતાઓ છે. જે આપને લાઈફમાં સારો સપોર્ટ આપે. વર્ષ દરમિયાન એવું પણ બને જે ભૂતકાળમાં આવેલ માંગા માટે રીજેકશન થયું હોય તે જ માંગુ જે આપને પસંદ હોય તે ફરીથી આપની પાસે આવશે.

સ્વાસ્થયની દ્રષ્ટિએઃસ્વાસ્થયની દ્રષ્ટિએ આપનું આ વર્ષ સારૂ રહેવાનું છે. આપને ગત વર્ષ કરતાં ઘણી રાહત મળશે. તેમ છતાં વિચાર વાયુથી (............) દૂર રહેવાની સલાહ છે. તેના માટે યોગા, મેડિટેશન જેવી ક્રિયાઓ નિયમિતરૂપે કરવાની સલાહ છે. આપના વિચારોમાં આપને પરિવર્તન લાવવાની સલાહ છે. વર્ષ દરમિયાન આપને એક વિચારને જીવનમાં આચરવાની સલાહ છે કે, ''જે કંઈ પણ બને છે તે સારા માટે બને છે'' અને ઈશ્વરની ઈચ્છાથી જ બને છે. તેવું વિચારીને ચાલવાની સલાહ છે. જેથી આપ આપના નેગેટીવ વિચારોથી દૂર થઈ શકશો. મિત્ર વર્તુળ વધારવાની ખાસ જરૂર છે. વર્ષ દરમિયાન આપને અમૂક કાર્યોમાં ધીરજ રાખવાની સલાહ છે. આપને આપના ગુસ્સા પર કાબૂ રાખવો જરૂરી રહેશે.

સ્થાવર મિલકતની દ્રષ્ટિએઃ સ્થાવર મિલકતની દ્રષ્ટિએ આપનું આ વર્ષ મિત્ર ફળ આપનારૂ રહેશે. આપને જો વિદેશમાં અથવા તો દરિયાઈ જગ્યાએ મિલકત હશે તો આપ તેના વેચાણથી સારી કિંમત મેળવી શકવાના છો. આ વર્ષ દરમિયાન ઉપર કરેલ વાત વિપરીત સાબિત થશે. જો આપ વિદેશ રહેતાં હોવ કે આપના માદરે વતનથી દૂર હોવ તો આપ આપના વતમાં જન્મભૂમિમાં મિલકતની ખરીદીથી લાભ મેળવશો. વિલ વારસાની મિલકતથી લાભ રહેશે. વર્ષ દરમિયાન આપને આપના સંતાનોના નામે મિલકત કરી આપવામાં ધ્યાન રાખવું. આપને વર્ષ દરમિયાન સારો લાભ મળશે અને આપ આપની જીવન શૈલીમાં પરિવર્તન લાવશો. ભાડાના મકાનમાં રહેનાર પોતાનું ઘર બનાવી શકશે. તેથી એકંદરે તેમ કહી શકાય કે આપની રાશિમાં યેનકેન પ્રકારે મિલકત લાભ થવો આ વર્ષે ચોકકસ છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વ્યાપારી મિત્રોને માટે આ વર્ષ મધ્યમ રહેશે. આ વર્ષ દોડધામવાળું પણ કહી શકાય. આપને બે નંબરી વ્યાપારથી લાભ રહેશે. આપને ઉધારી ધંધાથી દૂર રહેવાની સલાહ છે. આપને વર્ષ દરમિયાન પોઝીટીવ એટીટ્યૂડ રાખવાની સલાહ છે. આપને યાદ રાખવું કે ''બીઝનેશ ઈઝ લાઈક રાઈડીંગ બાઈસીકલ''. વ્યાપારને એક સાઈકલ સમાન સમજીને ચલાવવો જો આપ તેને સતત એક જ ગતીએ ચલાવતાં રહેશો તો લાંબુ અંતર કાપી શકશો. ઉતાવળ કરશો તો લાંબી મંઝીલ કાપી નહિં શકો અને અધ્ધ વચ્ચેથી થાકી હાશી જવાના છો. સાઈકલ જો સતત ચલાવવામાં ન આવે તો પડી જવાય. પરંતુ વર્ષ દરમિયાન ખૂબ જ મોટા સાહસો ન કરવાની અને એક જ કાર્યમાં જોડાય રહેવાની સલાહ છે. વર્ષ દરમિયાન આપ કોઈ વ્યક્તિની સાથે દલિલબાજીમાં ન પડો તેવી ખાસ સલાહ છે. વર્ષ દરમિયાન આપના રીસ્ક પર કોઈ બીજાને નાણાં અપાવવા નહીં તેવી સલાહ છે.

નોકરીયાતોને નોકરી માટે સારો સમય છે. આપ આપની આંતરીક સૂઝબૂઝ ટેલેન્ટ અને ઈન્ટેલીજન્સીના કારણે અધિકારીઓને પ્રભાવિત કરી શકશો અને પ્રમોશન મેળવી શકશો. આપને કલા પ્રત્યે રમત ગમત પ્રત્યે લગાવ વધશે. નોકરીમાંથી આપને કોઈ સારો આર્થિક લાભ મળશે. જેના દ્વારા આપ આપના સંતાનોના લગ્નપ્રસંગ વગેરે પ્રસંગોને ધામધૂમથી ઉઠવી શકવાના છો. ઉપરી અધિકારીઓનો સહકાર સારો રહેવાનો છે. વર્ષ દરમિયાન આપના સંતાનોને પણ વર્ષ દરમિયાન સારી નોકરી મળે તેવી શકયતાઓ છે. જીવનસાથીનો સહકાર સારો રહેશે.

મહિલાઓને માટેઃ મહિલાઓને માટે વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. આપ મોબાઈલ કે વાહનની ખરીદી કરવાનો. આપને પાર્ટી પિકનીકનું સારૂ આકર્ષણ રહેશે. દાંપત્ય જીવનમાં ગેર સમજો અને મતભેદો દૂર થવાના છે. આપના સંતાનો તરફથી આપને વિદેશ રહેવા માટે આમંત્રણ મળશે. વિદેશ જવાની આપની વર્ષો જૂની મહત્વાકાંક્ષા પૂર્ણ થવાની છે. આપનામાં એક એવી દૈવી શક્તિનો સંચાર થશે અને તેના દ્વારા તમો બીજાના દુઃખોના ઔષધ જેવા બની શકશો. કોર્ટ કેસ ચાલતા હશે તો તેમાં સમાધાનકારી વલણ રાખવું. આપ કોઈ અંધશ્રધ્ધામાં ઉતરો નહીં વ્યાપાર કરવા ઈચ્છતી હોવ તો આપને ફૂડ રેસ્ટોરન્ટ નાના કે મોટા પાયે કરવાથી સારો લાભ રહેશે.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ સામાન્ય જવાનું છે. આ વર્ષ આપની થોડી સફળતા સામે વધુ પરિશ્રમ અને સારો એવો સમય માગે છે. આ વર્ષ દરમિયાન આપને કોઈ ખૂબ જ સારી સ્કૂલ, કોલેજમાં એડમિશન માટે સારો સમય છે. વર્ષ દરમિયાન આપને આપના રમતા ભમતા મનને એક જ તરફ લઈ જવાનું છે અને એકલવ્ય બનવાથી સફળતા મળશે. વ્યસની મિત્રોથી દૂર રહેવાની સલાહ છે. આપની વિદેશ અભ્યાસ કરવા જવાની ઈચ્છા ફળશે. કોલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન સ્કૂલના બહૂ જ જૂના મિત્રોને અચાનક અને ન ધારેલી જગ્યાએ મુલાકાત થશે.


કૌટુંબિત બાબતેઃ વિક્રમનું નવું વર્ષ આપના માટે સારૂ કહી શકાય. આપને આપના પરિવારનો સહકાર સારો રહેશે. આપનુ આપના જીવનસાથી સાથે ગેરસમજો મતભેદ ઉભા ન થાય તે બાબતે ધ્યાન રાખશો. આ વર્ષ દરમિયાન કુટુંબ સાથે લાંબા પ્રવાસની શકયા છે. વડીલોના સ્વાસ્થ્યમાં સુધારો જણાય. કુટુંબના સભ્યોમાં વૃધ્ધિ થશે. સગાઈ લગ્ન કે બાળ જન્મના શુભપ્રસંગ બતાવે છે. વડીલોની સલાહ માનવાથી લાભ રહેશે. દૂર રહેતા મિત્રો કે સગા સંબંધીઓની મુલાકાત થવાની છે. સંતાનો અંગેની કોઈ ચિંતા હળવી થશે તેમના વેવિશાળના કાર્યોમાં સફળતામાં વધારો થશે. વર્ષ દરમિયાન કૌટુંબિક પ્રશ્નોમાં કુનેહથી વર્તન કરવાથી લાભ રહેશે.


આર્થિક બાબતોઃ વિક્રમનું નવું વર્ષ આર્થિક રીતે સારૂ રહેશે. આપને નાણાકીય રીતે વર્ષ નાણા લાભ અપાવશે પણ બચત નહિં કરાવે, આપને કોઈપણ કાર્યો બાબતે નાણાને લઈને અટકશે નહિં. હિત શત્રુઓથી સાવધ રહેવું. લાંબા સમય માટે કોઈને ઉધાર આપવાનું ટાળવું. મોટી રકમ ઉધારીમાં આપવી નહીં. જમીન - મકાનના પ્રશ્નોમાં લાભ રહેશે. વર્ષ દરમિયાન કિંમતી ચીઝવસ્તુની ખરીદી કરી શકશો. વધુ પડતી લાલચમાં આવીને નાણાકીય રોકાણ કરવું નહીં, વિચારીને વડીલોની સલાહથી કાર્યમાં આગળ વધવું. ઘર કુટુંબ માટે કોઈ મોટી રકમની માલ મીલકતની ખરીદી શકય બને.

નવા વર્ષનો મંત્રઃ નવા વર્ષનો આપના માટેનો મંત્ર છે કોઈની વાતમાં ન આવવું અને જાતે શોધખોળ કરવી. વર્ષ દરમિયાન બંને કાન ખુલ્લા રાખીને સતર્ક રહીને મુશ્કેલીથી દૂર રહેવાની સલાહ છે. ''ધેર આર ટુ સાઈડસ ઓફ એવરી ઈસ્યુ સો મેક સર્ટન ટુ કીપ બોથ ઈઝ ઓપન એન્ડ લીસન''. દરેક વ્યક્તિની બધી વાતો બંને કાનથી સાંભળીને નિર્ણયો ન લેવા ચાલાક, ચતુર અને સેલ્ફ કોન્ફીડન્સ વધારવાની સલાહ છે.

મીન રાશી
(દ.ચ.ઝ.થ.)

મીન રાશિ રાશિ ચક્રની બારમી રાશિ છે અને છેલ્લી રાશિ છે. જેની રાશ્યાકૃતિ





માછલી છે. મીન રાશિમાં પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું એક ચરણ, રેવતીનાચાર, ઉત્તર ભાદ્રપદા નક્ષત્રના ચાર ચરણનો સમાવેશ થાય છે. ગુરૂ મહારાજ તેના રાશ્યાધિપતિ છે. તત્વ જલતત્વ છે. સંજ્ઞા દ્વિસ્વભાવ છે. દિશા ઉત્તર છે. આ રાશિના વ્યક્તિઓ ખૂબ જ મળતાવડા અને મહત્વાકાંક્ષી હોય છે. લક્કી કલર ઓરેન્જ, યલો લક્કી રહેશે.

વિક્રમ સવંતના પ્રારંભે આપના દેહ ભુવનમાં શનિ દેવ અને નેપ્ચ્યુનની યુતિ છે. આપના દેહભુવનનો સ્વામી ઉચ્ચનો ગુરૂ થઈને આપના વિદ્યાભુવનમાં બીરાજેલ છે. આપના દેહભુવનનો સ્વામી જે આપના કર્મસ્થાનનો સ્વામી પણ છે. વર્ષારંભે કર્મસ્થાને કોઈ જ ગ્રહ નથી. આપના ધન સ્થાનમાં કોઈ જ ગ્રહ નથી. આપના ધન સ્થાનનો સ્વામી મંગળ જે આપના ભાગ્ય ભુવનનો સ્વામી પણ છે તે આપના આયુષ્ય સ્થાને ચંદ્ર સૂર્ય અને બુધની યુતિમાં બીરાજેલ છે. આપના ભાગ્યભુવનમાં કોઈ જ ગ્રહ વર્ષારંભે નથી. આપના પરાક્રમ સ્થાને હર્ષલ બીરાજેલ છે. આપના પરાક્રમ સ્થાનનો સ્વામી શુક્ર સપ્તમ સ્થાને બીરાજેલ છે. આપના પરાક્રમ સ્થાનનો સ્વામી જે આપના આયુષ્ય સ્થાનનો સ્વામી પણ છે. આપના ચોથા સ્થાને કોઈ જ ગ્રહ નથી. આપના પંચમ સ્થાને ઉચ્ચનો ગુરૂ છે. આપના શત્રુ સ્થાને કેતુ બીરાજેલ છે. આપના સપ્તમ સ્થાને શુક્ર છે. આપના સુખ સ્થાન, વિદ્યાભુવન, શત્રુ સ્થાન અને સપ્તમ ભાવના સ્વામી આયુષ્ય સ્થાને મંગળની યુતિમાં બીરાજેલ છે. આપના ભાગ્ય ભુવનમાં કોઈ જ ગ્રહ વર્ષારંભે નથી. આપના ભાગ્યભુવનનો સ્વામી આયુષ્ય સ્થાને સૂર્ય, ચંદ્ર અને બુધની યુતિમાં છે. આપના કર્મસ્થાને કોઈ જ ગ્રહ નથી. જયારે કર્મ સ્થાનનો સ્વામી વિદ્યાભવનમાં બીરાજેલ છે. વ્યયસ્થાને રાહુ મહારાજ છે અને લાભ સ્થાન પ્લુટો છે. જયારે બંનેના અધિપતિ આપના દેહભુવનમાં બીરાજેલ છે.

આ વર્ષનું આપનું કાર્ડ આવે છે. 'ધ સ્ટાર', ધ સ્ટાર કાર્ડએ આશા, પ્રેરણા, સકારાત્મકતા અને નવી ભાવનાઓ નવી આશાઓનું પ્રતિનિધત્વ કરે છે. આપનું આધ્યાત્મિકતા સાથે મજબૂત જોડાણ દર્શાવે છે.

સ્ટાર કાર્ડ આપની લાઈફમાં નવીનતા, નવા મિત્રો, નવા કાર્યો નવી એકટીવીટી કરવાનો રસ, દરેક ક્ષેત્રે આપને નવીન અનુભવ કરાવશે. આપને નવીનતમ કાર્યો કરવા પ્રોત્સાહિત કરશે. આપને વર્ષ દરમિયાન નવીન કરવા તરફ ધ્યાન આપવું બાકી આપ નિરાશા એકવિધ કાર્યોથી કંટાળી જશો અને આપની અંદર રહેલ સર્જનાત્મકતાને ઓળખી શકશો નહીં.

અનુસંધાન
Page NO.5

વિક્રમ સંવત ૨૦૮૨ શનિની પનોતી

શનિદેવ કે જેનુ નામ સાંભળતા જ ન્યાય કર્મ ફળદાતાની છબી મન પર ઉભી થાય. શનિદેવ જેને કર્મફળદાતા અને ન્યાયાધીની ઉપાધી આપેલ છે. સૂર્ય પુત્ર શનિદેવ વ્યકિતને જીવનના સભ્ય માર્ગ પર ચલાવવા માટે પનોતીની રચના કરેલ છે. જીવનના સંઘર્ષ અને કોણ




વ્યકિત પોતાની છે કે નથી તેની સમજણ આપે છે તે વ્યકિતને સોનાની જેમ તપાવી ને નિખાર આપે છે ચમકાવે છે.

જન્મની શનિથી શનિ જયારે બારમી રાશિમાં આવે ત્યારે શનિની મોટી પનોતી અથવા તો પ્રચલિત સાડાસાતી આવે છે એમ કહેવાય. બારમાં સ્થાને માથા પર, જન્મની રાશિમાં આવે ત્યારે છાતી પર અને બીજા સ્થાને આવે ત્યારે પગ પર પનોતી છે તેમ કહેવાય. આ પનોતી એકંદરે સાડાસાત વર્ષની છે. વળી, જન્મની રાશિથી શનિ દેવા ચોથે કે આઠમે આવે ત્યારે નાની પનોતી કહેવાય. આ પનોતી અઢી વર્ષની છે.

પનોતી સમયે ગોચરના ચંદ્રનું પણ મહત્વ છે ગોચરનો ચંદ્ર જન્મની રાશિમાં છઠ્ઠે કે અગિયારમે હોય તો સોનાના પાયે ગણવી જે ચિંતા કારક સંઘર્ષમય હોય છે. જો ગોચરનો ચંદ્ર જન્મની રાશિથી બીજે, પાંચમે કે નવમે હોય તો તેને રૂપાના પાયે ગણવી જે શુભકર્તા છે ધન લાભ અપાવે છે. જો ગોચર નો ચંદ્ર જન્મની રાશિથી ત્રીજે, સાતમે કે દસમે હોય તો તેને ત્રાંબાના પાયે ગણવી તે પણ લક્ષ્મીદાયક ઉત્તમ ફળ અપાવે છે. ગોચરનો ચંદ્ર જન્મની રાશિથી ચોથે આઠમે કે બારમે હોય તો લોઢાને પાયે ગણવી. જે કષ્ટદાયક વધુ પરિશ્રમ ઓછુ ફળ આપનાર હોય છે.

ઘણા લોકો ચંદ્રની જેમ સૂર્યથી પણ પનોતી ગણે છે સાચુ ફળ વ્યકિતગત જન્મકુંડલીના શનિ-ચંદ્રના સ્થાન જોઈને



શુભાશુભ ફળ કહી શકાય.

શનિદેવ કર્મફળ દાતા છે એટલે તેમનામાં એ તાકાત છે કે આપના જન્મના ગ્રહો ખરાબ હશે પણ કર્મ ખુબ જ સારા હશે તો તે જન્મના નબળા ગ્રહોની અસર ઓછી કરી શકશે. કર્મ સારા હોવાનું મતલબ પૂજાપાઠ શનિદેવ ને તેલ અર્પણ માત્ર નથી. બીજા ને મદદરૂપ થવું નડતર ઉભી ન કરવી. ગરીબોની શકય મદદ કરવી યથાશકિત યોગ્ય વ્યકિત ને પશુને દાન આપવું.

શનિ ના મીન રાશિમાં પ્રવેશ

શનિના મીનમાં પ્રવેશ સમયે ચંદ્ર મીનનો છે. જેથી નાની મોટી પનોતી નીચે મુજબ છે.

સિંહ રાશિ (મ.ટ.): અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે. જે કષ્ટદાયી ગણાય. વધુ પરિશ્રમ કરાવે. આંતરિક આર્થિક-શારીરિક તકલીફો આવે જેથી સ્વાસ્થય બાબતે જાળવશો. ૐ નમઃ શિવાય ના જાપ કરવાથી લાભ રહેશે. કર્મો કરતા પહેલા સાત વાર વિચારશો. શનિવારે હનુમાન ચાલીસા પાઠ હનુમાન દર્શન કરવા.

ધન રાશિ (ભ.ફ.ધ.ઢ.) : અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે જે કષ્ટદાયી પસાર થશે. સ્વાસ્થય બાબતે બેદરકાર ન થવું. પરિશ્રમ વધુ અને ફળ ઓછુ મળે તેવુ બને. ગુસ્સાને કાબુમાં રાખવો. શનિવારે હનુમાન ચાલીસા, હનુમાન દર્શન કરવા. બીજાની



ફોરમ ગાંધી-મહેતા
કન્સલ્ટીંગ એસ્ટ્રોલોજી, રાજકોટ

મદદ કરવી.

કુંભ રાશિ (ગ.શ.સ.ષ.) : સાડા સાતી પનોતી નો ત્રીજો અને છેલ્લો તબક્કો રૂપાના પાયે પગ પરથી પસાર થાય છે. જે આંતરિક-માનસિક-શારીરિક તકલીફો રહે. આર્થિક લાભો મલવાના છે. જૂના ફસાયેલા નાણા છૂટા થશે.

મીન રાશિ (દ.ચ.ઝ.થ.) : આપને સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે છાતી પર થી પસાર થાય. જે આંતરિક માનસિક ચિંતા ઉપજાવે છે. ગુસ્સામાં કાબુ રાખવો. કૌટુંબિક મતભેદ મનભેદો ન થાય તે ધ્યાન રાખવું અને આ સમયમાં જતુ કરવું સલાહનીય છે.

મેષ રાશિ (અ.લ.ઇ.) : સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે માથા પરથી પસાર થશે. જે થોડો તકલીફવાળો રહેશે. શારીરિક કષ્ટ રહેશે.

પનોતી ની અસર ઓછી કરવા અને સારી પનોતી ની અસર વધારવા માટે વ્યકિતએ સારા કર્મો કરવા. બીજાને મદદ કરવી, હનુમાનજીની ભકિત કરવી.

વિક્રમ સંવત ૨૦૮૨ 'પિંગલનામ સંવત્સર' રાશિવાર વાર્ષિક ભવિષ્ય

સ્ટાર કાર્ડ એક પ્રકારે પડકાર છે. નવા ચેલેન્જ અને ચેન્જીસને સ્વકારવા માટેનો તમારી જાતને દરેક નવી પરિસ્થિતિઓનો કુશળતા પૂર્વક સામનો કરવાનું શીખવશે. આપને અંદરથી મજબૂત બનાવશે.

સ્ટાર કાર્ડ રહસ્યમય કાર્ડ પણ છે. જે પહેલાં નિરાશા અને ચિંતા કરાવશે પણ તેનું પરિણામ સારૂ જ આવશે. આપને હાર માનવી નહીં તે શીખવી જશે. આપને લાઈફને સેકન્ડ ચાન્સ આપીને આશાસ્પદ સાથે આગળ વધવાનું છે અને આપના મનના અવાજથી આગળ વધશો તો સારૂ પરિણામ મેળવશો જે કાંઈ થશે અને થવા જઈ રહ્યું છે કે થયું છે તે, આપના સારા માટે છે અને પુરૂ વિશ્વ આપને તેમાં સાથ આપશે.

વર્ષ દરમિયાન આપના જૂના ઘા રૂજાય જશે. આપ કોઈ દુઃખમાંથી બહાર નીકળી શકશો અને આગળ વધશો. પોતાનાથી વધુ કોઈ પર પણ વિશ્વાસ કરવો હિતાવહ નથી.

વિક્રમના નવા વર્ષને વધુ સારૂ બનાવવા આપે હંમેશા આપની આસપાસ કોઈ ફૂલ છોડ ઉગેલ રાખવું. પ્લાન્ટ આર્ટીફિશ્યલ ન હોવા જોઈએ અને બોનસાઈ કે કેકટસ ન રાખવા. મની પ્લાન્ટ સારૂ રહેશે, સ્નેક પ્લાન્ટ સારૂ રહેશે. જેનાથી આપની પોઝીટીવીટી વધશે.

અપરણિતોને માટેઃ વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો લગ્ન ઈચ્છુક યુવાન યુવક યુવતિઓને માટે સારૂ રહેવાનું છે. આપને સગાઈ કે લગ્નના કાર્યમા૦ સફળતા મળશે. વિદેશથી લાભ થાય તેવી શકયતાઓ નકારી ન શકાય. વિદેશી માંગા પણ આવશે. આપના ભાઈ-બહેનના સાસરિયા તરફથી પણ આપને માગા આવવાની શકયતા છે. વર્ષ દરમિયાન આપને આપની સગાઈ કે લગ્નને લઈને ચિંતિત ન રહે તેવી સલાહ છે. આપને જો કોઈ પાત્ર પસંદ હોય તો તેમાં પણ સફળતા મળવાની ચાન્સીસ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએઃ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમનું નવું વર્ષ આપના માટે નરમ ગરમ રહેશે. આપને શરદી સળેખજા સતાવશે. આપનું વ્યસન આપના માટે અનેક મુશ્કેલીઓ ઉભી કરશે. લોહી, વિકાર પરેશાન કરે. જૂની બિમારી બાબતે ખાસ કાળજી રાખવી. આપને વેઈટ લોસ કરવાથી ફાયદો રહેશે. વધુ પડતાં ઉજાગર અને દોડધામથી દૂર રહેવું. દરેક કાર્યો ધીરજ અને સહન શીલતાથી કરવાની સલાહ છે. વર્ષ દરમિયાન નાની એવી શસ્ત્રક્રિયા થાય તેવી શકયતાઓ છે. વધુ આધાર જન્મના ગ્રહો પર રાખવો. આપને વધુ પડતા વિચાર વાયુથી દૂર રહેવાની સલાહ છે. આપને આપના વડીલોના સ્વાસ્થ્ય અંગેની ચિંતા દૂર થવાની છે. આપને વધુ પડતો કાર્ય ભાર રહેશે. પરંતુ સ્વાસ્થ્ય બાબતુ બેદરકાર ન બનવું.

સ્થાવર મિલકત બાબતેઃ વિક્રમનું નવું વર્ષ સ્થાવર મિલકત બાબતે આપને માટે મધ્યમ રહેવાનું છે. જમીન મકાનની લે વેચમાં આપને બહુ ફાયદો ન થાય તેવી શકયતા છે. આપની જમીન પર બનતા મકાન કે ઓફિસ વગેરેના ચાલતા કાર્યો હવે વેગ પકડવાની છે. કાકા બાપાની મિલકતની વહેચણીમાં સમાધાન કારી વલણ રાખવાની સલાહ છે. આપ કોઈની કાન ભંભેરણીમાં આવી મકાન દુકાન કે ઓફિસમાં રીનોવેશન કરવાનું મન થશે અને આપની આ ઈચ્છા પૂરી પણ થશે. વર્ષ દરમિયાન આપને ''સોનાની થાળી આપણને આકર્ષ શકે છે પણ ભૂખ લાગે ત્યારે એ થાળી ખાલી હોય તો તેનું આકર્ષણ ટકી શકતું નથી'' તે જ રીતે આપની વારસાગત મિલકત સોનની થાળી સમાન છે પણ તેને ખરીદીને યોગ્ય કિંમત આપનાર વ્યક્તિ મળતા નથી.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટેઃ વ્યાપારી વર્ગને માટે વિક્રમનું નવું વર્ષ સારૂ જવાનું છે. હોટેલ, મોટેલ, દવા, ફાર્માસ્યુટીકલ કંપની અનાજ વગેરેના વ્યાપારીઓને આવકમાં વધારો થશે. આપના ચાલતા બીઝનેશમાં આપ નવીનતા લાવી શકવાના છો. ખાણી પીણીના સ્ટોલ, રેસ્ટોરાંના વ્યાપારીઓને સારો લાભ થશે. ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યાપારીઓને લાભ રહેશે. નવા કલાઈન્ટ બનશે. લોખંડ મેન્યુફેકચરીંગના વ્યાપારીઓને પણ ફાયદો થશે. વર્ષ દરમિયાન આપને કુટુંબના સભ્યો સાથેની ભાગીદારીમાં લાભ રહેશે, પણ આપને અજાણી વ્યક્તિ અથવા તો ફેમિલીના બહારના સભ્યો સાથે ભાગીદારી કરવી હિતાવહ નથી. આપના સંતાનો તેના જનરેશન પ્રમાણે આપના બીઝનેસને ઈનોવેશન કરશે, જેના થકી આપના વ્યાપારને નવી દિશા અને વધુ પ્રોફિટ અને વધુ વ્યવસ્થિત કાર્યશૈલીની સ્થાપના થશે.





નોકરીયાત વર્ગને માટે વિક્રમનું નવું વર્ષ સારૂ જવાનું છે. આપને આ વર્ષ દરમિયાન ચોક્કસ પણે પ્રમોશન મળશે અથવા પગાર વધારો થવાનો છે. આપને આપના સહકર્મચારી અને ઉપરી અધિકારીઓની સાથેના મતભેદો દૂર થવાના છે. આપ આપની લાઈફ સ્ટાઈલ હાઈફાઈ બનાવી શકવાના છો. આપના નોકરીના સ્થળમાં ફેરફારો થાય પણ આપને આ વર્ષ દરમિયાન નોકરીમાં ફેરફારો ન કરવાની સલાહ છે. આપનું આર્થિક પાસુ પ્રબળ બનવાનું છે પણ આપની ભાગીદારી વ્યવસાય ન કરવાની સલાહ છે. જીવનસાથી સાથેના મતભેદો ટાળવા, માનસિક વિચારવાયુ રહ્યા કરે. વિદેશ જવાનો ચાન્સ આપને આપની નોકરી તરફથી મળે. સહકર્મીઓની વાતમાં આવીને નોકરીમાં કે નોકરીને લગતાં કોઈ નિર્ણયો લેવા કે ફેરવા નહીં.

મહિલાઓને માટેઃ મહિલાઓને માટે આ વર્ષ સારૂ જવાનું છે. લગ્ન ઈચ્છુક અપરણિત યુવતિઓને અનેક સાર માંગા આવે પરંતુ અંદરથી અનુકૂળતા આવે નહીં તેવું લાગશે. આપને આ વર્ષ દરમિયાન આપનામાં કોઈ શક્તિ હોય તેવો અહેસાસ થવાનો છે. મુશ્કેલીઓના સમયમાં આપને મદદ કરશે. આપને ખાડામાં પડતાં અટકાવશો. આપ કોઈ કાર્ય કઈને આપના કુટુંબની આવકમાં વધારો કરવા માંગતા હોવ તો આપને ટ્યૂશન કલાસીસ, કોમ્પ્યૂટર અને ડાન્સ વગેરે કોઈ આર્ટને લગતાં વ્યવસાય સાથે જોડાવ તો તેનાથી આપને સારો લાભ રહેવાનો છે. આપને આપના સંતાનોને લગતું કોઈ ટેન્શન રહેવાનું છે. ભાઈ-બહેનોની સગાઈ કે લગ્નનું કાર્ય સફળ બનવાનું છે. આપને જીવનસાથીનો સહકાર સારો રહેવાનો છે. આપને મિત્રોનો સહકાર સારો રહેવાનો છે. સંતાન યોગ માટે સારો સમય છે.

વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે ગોચરના ગ્રહો આપના માટે સામાન્ય રહેશે. પરંતુ આપ વર્ષાન્તે સારો દેખાવ કરી શકવાના છો. અગાઉથી જ તૈયારીઓ શરૂ કરી દેવાની સલાહ છે. વર્ષ દરમિયાન આપ જે પણ સ્કૂલ કે કોલેજમાં અભ્યાસ માટે એડમિશન ઈચ્છતાં હશો ત્યાં મેળવવામાં સફળ થવાના છો. આપની અંદર ગાર્ડનિંગનો શોખ જાગવાનો છે તો આપને આપના ગાર્ડનમાં વ્હાઈટ ફલાવર્સને સ્થાન આપવાની સલાહ છે. વર્ષ દરમિયાન આપ જો કોઈ રીતે કોમ્પીટેશનમાં ભાગ લેશો તો આપની સફળતાના ચાન્સ વધારે છે. આપનું મનોબળ અને આત્મ વિશ્વાસ વધવાનો છે. રાત્રી ઉજાગરાથી દૂર રહેવું. આપનો વિવેકી સૌમ્ય અને હેલ્પીંગ નેચરના કારણે આપના મિત્ર વર્તુળમાં વધારો થશે અને જૂની મિત્રતા ગાઢ બનશે.


કૌટુંબિક બાબતેઃ વિક્રમના નવા વર્ષના ગ્રહો સામાન્ય રહેશે. આપને જીવનમાં ચાલુ સ્થિતિને ઠાણે લાવવા મહામહેનત કરવી પડશે. દરેક વ્યક્તિ સાથેનું તાલમેલ બનાવી રાખવું. સંતાનોની પ્રગતિ શુભ માંગલિક પ્રસંગોમાં સફળતા, વિલ વારસાના પ્રશ્નો ઉભા થશે. આપે આપની પોઝીટીવીટી ન ગુમાવવાની સલાહ છે. પરિસ્થિતિઓ વર્ષ દરમિયાન ઉપર નીચે થતી રહેશે. કુટુંબમાં મન મુટાવ થશે પણે અંતે સારૂ રહેશે. વર્ષ દરમિયાન ઘણા સારા સમાચારો પણ મળવાના છે. નિરાશા આપે તેવા વ્યક્તિઓથી દૂર રહેવાની ખાસ સલાહ છે. મિત્રો સાથે લાંબી રજા માળવાનો મોકો મળે, જેનાથી આપના સ્વાસ્થ્યમાં સુધારો રહેશે. જીવનસાથીનો સહકાર ખૂબ સારો રહેશે.

આર્થિક બાબતેઃ આર્થિક રીતે વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. યેનકેન પ્રકારે આપને લાભ રહેશે, ધીરજ રાખવી જેનાથી વધુ લાભ રહેશે. આપને વર્ષ દરમિયાન ઘણી એવી ચિંતાઓથી રાહત થશે, મનમાં શાંતિનો અનુભવ થશે. આપનું યોગ્ય બુધ્ધિચાતુર્ય ભર્યુ રોકાણ આપને લાંબાગાળા માટે લાભ અપાવી જશે. ભાઈ-બહેનો સાથે વ્યાપારથી લાભ જમીન મકાનની લેતી દેતીમાં સારો લાભ રહેશે. જૂની પેઢીના વ્યવસાયથી લાભ રહેશે. આપને પ્રતિષ્ઠા આપને ખૂબ જ સાથ આપશે. આપના કુટુંબીજનોથી પણ આર્થિકઉપાર્જનમાંવૃધ્ધિથશે. આપના સંતાનોને સારી નોકીર-વ્યાપારની ઓપ્પ્યુનિટી ઉભી થશે.

નવા વર્ષનો મંત્રઃ વર્ષ દરમિયાન આપના જીવન માટેનો મંત્ર છે. આધ્યાત્મિકતા અને મનની શુધ્ધતા. જીવનનો મંત્ર આપના માટે એ જ છે. યોગ-મેડીટેશન કરવાની સલાહ છે. જેનાથી આપના વિચાર વાયુ કાબૂમાં રહેશે અને તેની અસર આપના જીવન પર પડશે. વર્ષ દરમિયાન યજ્ઞ, હવન, જાપ કરવાથી ઘણા લાભો રહેશે. વર્ષ દરમિયાન પેલો પેન, ઈરેઝર કે કોઈ ટોલ સ્ટેશનરી જે ધારદાર ન હોય તે સાથે રાખવી. ધારદાર માર્ગદર્શન ખાસ ધ્યાનમાં લેવા અને આપના ઈન્ચ્યુએશનને ખાસ ધ્યાને લેવા.

લગ્ન યોગ કયારે ? શનિ-મંગળ-રાહુ!!!

કુમાર ગાંધીનું વિશ્લેષણ





આજના યુગમાં સંતાનોની સગાઈ - લગ્ન બાબત ખુબ જ મોટો પ્રશ્ન રહે છે. સંતાનો કાબેલ સારા હોવા છતાં પણ સગાઈ લગ્ન નથી થતા.

- ઘણી વખત યુવક-યુવતિને અફેર થઈ ગયેલ હોય અને જેને લઈને તેઓ અટવાયેલા રહેતા હોય યુવક-યુવતીના કોઈ એક પેટન્ટને આ સંબધથી નારાજગી હોય લગ્ન નથી થતા જેથી યુવક-યુવતિ નિરાશ થઈ જાય છે.

ઘણી વખત પરિવારની આવક ઓછી હોય લગ્ન નથી થતા.

તો જન્મકુંડલીમાં શનિ-મંગળ કે રાહુ હોય તો પણ સગાઈ - લગ્નમાં અવરોધો રહે છે. કયારેક સગાઈ-લગ્નમાં બ્રકઅપ પણ આવી શકે છે.

ખાસ મેળાપક કરવો જરૂરી રહે અને જયારે યોગ્ય સમય હોય તો તે સમયમાં જો મહેનત કરવામાં આવે તો જરૂરથી સગાઈ - લગ્નમાં સફળતા મળી શકે છે. અહીં ફકત ગ્રહોને ધ્યાનમાં લેવા. અંધ શ્રધ્ધામાં ન પડવું લગ્ન પીઠા છે કે કેમ - અને છે તો કયારે કેવું મળશે આ બધુ ફકત જન્માક્ષર ઉપરથી જ જાણકારી મળશે. શ્રધ્ધાપૂર્વક ઈશ્વરનું નામ લેવું વહેવારીક - અભિગમ અપનાવવો. (પ-૬)



કુમારભાઈ ગાંધી
અકિલા કોલમીસ્ટ
૮૮૭૮૧ ૮૮૭૮૩